# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08** માતા બન્યા પછી કેટરિના કૈફની પ્રથમ ઝલક : પતિ વિક્કી કૌશલ સાથે બ્લેક...



**પેજ-09** મોહમ્મદ કૈફે ઉઠાવ્યા સવાલો ટીમ પર : પંજાબ કિંગ્સની હાર બાદ વિવાદ વધતા...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 27.00 |
| વડોદરા | 39.00 | 28.00 |
| સુરત | 34.00 | 28.00 |



**પેજ 5** નિફ્ટીમાં 100 પોઈન્ટનો ઉછાળો, મારુતિ-અદાણી...


05 MAY-2026 TUESDAY





**પેજ 10** નેપાળમાં કસ્ટમ ટેક્સનો નવો નિયમ ભારતનો માલ અટક્યો

**શેરબજાર**


| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77269.40 | ▲ | 355.90 |
| નિફ્ટી | 24119.30 | ▲ | 121.75 |
| સોનું | 150011.00 | ▼ | 1341.0 |
| ચાંદી | 239781.00 | ▼ | 6521.0 |


વર્ષ-15 । અંક-173 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



**પશ્ચિમ બંગાળ**





**તમિલનાડુ**





**કેરલમ**




**આસામ**




**પુડુચેરી**





# બંગાળ-આસામમાં કેસરિયા

## ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ ખીલ્યું : મોદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

PM મોદીએ સોમવારે દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલય પર કહ્યું- બંગાળની પહેલી કેબિનેટ મીટિંગમાં જ આયુષ્માન ભારતને મંજૂરી મળશે. ઘૂસણખોરો પર કાર્યવાહી કરવામાં આવશે.

મહિલાઓને સુરક્ષાનું વાતાવરણ મળશે, યુવાનોને રોજગાર મળશે, પલાયન અટકશે. પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં સરકાર બનવા પર તેમણે કહ્યું- ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ જ કમળ ખીલ્યું છે. વર્ષોની સાધના જ્યારે સિદ્ધિમાં બદલાય છે ત્યારે જે ખુશી થાય છે તે ખુશી હું કાર્યકર્તાઓના ચહેરા પર જોઈ રહ્યો છું.



### PM મોદીના ભાષણની 5 ખાસ વાતો...

**1. ઐતિહાસિક જીત અને કાર્યકર્તાઓનો શ્રેય**
આ દિવસ ઐતિહાસિક અને અભૂતપૂર્વ છે. વર્ષોની મહેનત આજે સફળતામાં બદલાઈ છે અને આ જીતનો સંપૂર્ણ શ્રેય પાર્ટીના કાર્યકરો અને તેમના પરિવારોને જાય છે.

**2. ગંગોત્રીથી ગંગાસાગર સુધી ભાજપ**
ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર અને હવે પશ્ચિમ બંગાળમાં ભાજપ/એનડીએની સરકાર છે. એટલે કે ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ ખીલ્યું છે.

**3. બંગાળમાં નવી શરૂઆત, આયુષ્માન ભારતને મંજૂરી મળશે**
બંગાળના ભાગ્યમાં નવો અધ્યાય જોડાયો છે, રાજ્ય હવે ભયમુક્ત અને વિકાસ તરફ આગળ વધશે. આ જીત વંદે માતરમના 150મા વર્ષમાં વધુ મહત્વપૂર્ણ છે.

**4. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને નમન**
ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના આત્માને કેટલી શાંતિ મળી હશે. તેમણે 1951માં જનસંઘની સ્થાપના કરીને દરેક કાર્યકર્તાને સંદેશ આપ્યો કે દેશ માટે જીવવું અને દેશ માટે મરવું. ડૉ. મુખર્જીએ બંગાળને ભારતનો હિસ્સો બનાવી રાખવા માટે મોટી લડાઈ લડી.

**5. લોકતંત્રની જીત અને 'નાગરિક દેવો ભવ' મંત્ર**
આ જીત ભારતના લોકતંત્ર, સંવિધાન અને જનતાના વિશ્વાસની જીત છે. ભાજપનો મંત્ર 'નાગરિક દેવો ભવ' છે અને પાર્ટી જનતાની સેવા માટે પ્રતિબદ્ધ છે.

## શુભેન્દુ અધિકારી કે પછી કોઈ મહિલા ચહેરો? બંગાળમાં કોને CM બનાવશે ભાજપ? 4 નામો રેસમાં

### મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદારો

**1. શુભેન્દુ અધિકારી :** શુભેન્દુ અધિકારી મમતા બેનર્જીના સૌથી મોટા વિરોધી માનવામાં આવે છે. 2021ની ચૂંટણીમાં તેમણે મમતા બેનર્જીને નંદીગ્રામમાં હરાવીને જાયન્ટ કિલર તરીકે ઉભરી આવ્યા હતા.

**2. સમિક ભટ્ટાચાર્ય :** બંગાળ ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને RSS સાથે ઊંડા અને મજબૂત સંબંધો ધરાવતા નેતા છે.

**3. રૂપા ગાંગુલી:** બી.આર. ચોપરાની મહાભારતમાં દ્રૌપદીનું પાત્ર ભજવીને જાણીતા થયેલા રૂપા ગાંગુલી આ રેસમાં પ્રબળ નામ છે.

**4. અગ્નિમિત્રા પોલ:** ભાજપના અન્ય એક અગ્રણી મહિલા નેતા જે મુખ્યમંત્રી પદ માટે ચર્ચામાં છે.

**બ્રાન્ડ મોદી પર ભરોસો :** ચૂંટણી દરમિયાન પીએમ મોદીએ 20થી વધુ રેલીઓ કરી હતી. તેમણે બંગાળી સંસ્કૃતિ સાથે જોડાવા માટે ઝાલમુરી ખાવા થી લઈને કાલી મંદિરે જવા અને ફૂટબોલ રમવા સુધીના પ્રયાસો કર્યા હતા. હવે આ વિજયને આગળ ધપાવવા માટે ભાજપ કયા ચહેરા પર મહોર મારે છે તે જોવું રસપ્રદ રહેશે.

# કેરલમમાં કોંગ્રેસની વાપસી, તમિલનાડુમાં 'વિજય ભવ:'

## આ એકતા અને રાહુલ ગાંધીની રણનીતિની જીત: કેરલમમાં જીત બાદ કોંગ્રેસ નેતાઓની પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ગઠબંધનની બહુમતી સાથે જીત થઈ છે. અત્યાર સુધીના ડેટા મુજબ કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) ગઠબંધને કુલ 99 બેઠકો જીતી લીધી છે, તેમાંથી કોંગ્રેસે સૌથી વધુ 63 બેઠકો જીતી છે. આ ભવ્ય જીત બાદ કોંગ્રેસે ગઠબંધનની જીતને 'યુડીએફની એકતાની જીત' ગણાવી છે.

### કોંગ્રેસ સાંસદે રાહુલ, ખડગે, યુડીએફના કર્યા વખાણ

પ્રતાપગઢીએ વધુમાં કહ્યું કે, 'કેરલમમાં મળેલી જીત લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની રણનીતિની યુડીએફની એકતાની અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની જીત છે. કોંગ્રેસ સાંસદ કે.સી. વેણુગોપાલની લોકોને એક રાખવાની રણનીતિ પણ આ જીત છે.

### કેરલમમાં કોંગ્રેસ કાર્યકર્તાઓની જીત

કોંગ્રેસ નેતા અને તેલંગણા ફિશરમેન કોઓપરેટિવ ફેડરેશન લિમિટેડના અધ્યક્ષ મેટૂ સાઈએ કેરલમમાં યુડીએફની જીતને કોંગ્રેસ કાર્યકર્તાઓની જીત ગણાવી છે. અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના અધ્યક્ષ અલકા લાંબાએ, કોંગ્રેસ અધ્યક્ષ સની જોસેફે કેરલમમાં કોંગ્રેસની જીતથી ખુશી વ્યક્ત કરી છે. તેઓએ કેરલમની પ્રજા, મતદારો અને પાર્ટી નેતૃત્વનો આભાર માન્યો છે.

### કોંગ્રેસે જીત બદલ કેરલમની પ્રજાનો આભાર માન્યો

કોંગ્રેસ સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, 'અમારા ગઠબંધનને કેરલમમાં ખૂબ મોટી જીત મળી છે. આ જીત બદલ અમે કેરલમની પ્રજા અને દેશભરમાં પાર્ટીના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવીએ છીએ. કેરલમની પ્રજાએ UDFને માત્ર બહુમતી જ નહીં, ભારે બહુમતીથી જીત અપાવી છે.

### અમારા CMની સંખ્યા વધી : પ્રતાપગઢી

તેમણે વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસે વધુ એક રાજ્યમાં જીત મળી છે, હવે અમારા મુખ્યમંત્રીઓની સંખ્યામાં વધુ એક વૃદ્ધિ થઈ છે. યુડીએફ કેરલમમાં સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવશે. હું રાજ્યમાં વરિષ્ઠ પર્યવેક્ષક હતો, જેથી આ જીતથી હું ખૂબ જ ખુશ છું.'

## કયા કોંગ્રેસ નેતાને મળશે કેરલમનો તાજ? થરૂર અને કે.સી. વેણુગોપાલના નામ રેસમાં આગળ

### મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદારો

**1. વી.ડી. સતીશન:** જેઓ હાલમાં કેરલમ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા. તેમણે પરાવુર બેઠક પરથી LDFના ઉમેદવારને હરાવીને જીત મેળવી છે. તેમણે ટીમ UDFની જીત માટે રાહુલ અને પ્રિયંકા ગાંધીનો આભાર માન્યો અને કહ્યું કે, વિરોધ પક્ષના નેતા તરીકે તેમણે UDFને સત્તામાં પરત લાવવાનું જે વચન આપ્યું હતું તે પૂર્ણ કર્યું છે.

**2. કે.સી. વેણુગોપાલ:** કોંગ્રેસના સંગઠન મહાસચિવ અને આલપ્પુઝાના સાંસદ છે. તેમનું નામ મુખ્યમંત્રીની રેસમાં જોરશોરથી ચાલી રહ્યું છે. સિનિયર નેતા તારિક અનવરે સંકેત આપ્યો છે કે જો વેણુગોપાલ મુખ્યમંત્રી બનવા ઈચ્છતા હોય તો તેમણે પક્ષની નિયત પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

**3. રમેશ ચેન્નીથલા:** પૂર્વ વિરોધ પક્ષના નેતા છે. હરિપાદ બેઠક પરથી 23,377 મતોની જંગી સરસાઈથી જીત મેળવી છે. તેમને કુલ 47.08% મતો મળ્યા છે, જે તેમની મજબૂત પકડ દર્શાવે છે.

**4. શશી થરૂર:** હાલમાં તિરુવનંતપુરમના સાંસદ છે. જોકે તેમની લોકપ્રિયતા કેરલમમાં ખુબ જ છે, પરંતુ પક્ષમાં કેટલાક નેતાઓ તેમના ભાજપ પ્રત્યેના નરમ વલણને કારણે સહમત નથી. કોંગ્રેસના અનેક નેતાઓ તેમની સાથે અસહજ અનુભવે છે. મુખ્યમંત્રીના ચહેરા અંગે પૂછતા તેમણે કહ્યું કે, 'આ નિર્ણય દિલ્હી (હાઈકમાન્ડ) લેશે, પરંતુ જનતાના વિશ્વાસને માન આપીને પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવી જોઈએ'.

#### ભવાનીપુરમાં મમતા 6,000 મતોથી પાછળ, સુવેન્દુ આગળ

## મમતા સ્ટ્રોંગરૂમમાંથી બહાર નીકળીને બોલ્યા- મને મારી, ધક્કો માર્યો; ફરીથી કાઉન્ટિંગ થાય

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

બંગાળની 294 બેઠકોમાંથી ભાજપે 161 બેઠકો જીતી લીધી છે અને અન્ય 47 બેઠકો પર આગળ ચાલી રહી છે. બીજી તરફ, TMCએ અત્યાર સુધીમાં 56 બેઠકો પોતાના નામે કરી છે અને 23 બેઠકો પર સરસાઈ જાળવી રાખી છે. કોંગ્રેસના ફાળે માત્ર બે બેઠકો આવી છે. નોંધનીય છે કે, ફાલટા બેઠક પર આગામી 21 મેના રોજ ફરીથી મતદાન થશે.ભવાનીપુર બેઠક પરથી મમતા બેનર્જી આશરે 6000 મતોથી પાછળ ચાલી રહ્યા છે. તેઓ કાઉન્ટિંગ સેન્ટરની અંદર લગભગ 5 કલાક સુધી રોકાયા હતા. સેન્ટરની બહાર આવીને તેમણે ગંભીર આરોપો લગાવતા કહ્યું કે, તેમને અંદર ધક્કો મારવામાં આવ્યો અને મારપીટ કરવામાં આવી છે. આ સાથે જ તેમણે આ બેઠક પર ફરીથી મતગણતરી કરવાની માગ કરી છે.





## તમિલનાડુ CM સ્ટાલિન પોતાના જ બળવાખોરથી હાર્યા

### વિજયની પાર્ટી 108 સીટો પર આગળ; કેરળમાં તમામ 140 સીટના પરિણામો જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

કેરળની બધી 140 બેઠકોના પરિણામો જાહેર થઈ ગયા છે. કોંગ્રેસે 63 બેઠકો જીતી છે. આસામ, તમિલનાડુ અને પુડુચેરીની વિધાનસભા બેઠકો પર મત ગણતરી ચાલુ છે.સૌથી મોટો અપસેટ તમિલનાડુમાં થયો છે, જ્યાં બે વર્ષ પહેલાં રચાયેલી વિજયની પાર્ટી નંબર વન પાર્ટી બની છે. ટીવીકેએ 63 બેઠકો જીતી છે અને 43 બેઠકો પર આગળ છે.આ દરમિયાન તમિલનાડુના વર્તમાન સીએમ એમકે સ્ટાલિન કોલાથુર મતવિસ્તારમાંથી ચૂંટણી હારી ગયા હતા. તેમને ટીવીકેના બીએસ બાબુથી 8,000 થી વધુ મતોથી હરાવ્યા હતા. બાબુ અગાઉ ડીએમકેમાં હતા અને ફેબ્રુઆરી 2026 માં વિજયની પાર્ટીમાં જોડાયા હતા.આ દરમિયાન, ટીવીકેને સરકાર બનાવવા માટે 118



બેઠકોની બહુમતી મેળવવાની જરૂર પડશે. અભિનેતા વિજયના પિતા ચંદ્રશેખરએ કહ્યું છે કે વિજય કોંગ્રેસ સાથે ગઠબંધન કરી શકે છે.આસામમાં હિમંતા સરકાર પણ સત્તામાં આવી છે. હિમંતા સતત ત્રીજી વખત સરકાર બનાવશે. ભાજપે અહીં 80 બેઠકો જીતી છે. જે બહુમતીના આંકડા કરતા 12 વધુ છે.

**તમિલનાડુમાં DMK બીજા નંબરે:**
34 બેઠકો પર પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. TVK એ 21 અને DMK+ એ 9 બેઠકો પર જીત મેળવી છે. CM સ્ટાલિન કોલાથુર બેઠક પર પાછળ છે.

**કેરળમાં UDF આગળ:**
124 બેઠકો પર પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. કોંગ્રેસે 56 બેઠકો પર, CPI-M એ 24 અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગે 18 બેઠકો પર જીત મેળવી છે.

**આસામમાં ફરી હિમંતા સરકાર:**
55 બેઠકોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ભાજપે અત્યાર સુધીમાં 44 બેઠકો અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ 6, AGP 3 અને AIUDFએ 1 બેઠક જીતી છે.

**પુડુચેરીમાં ભાજપ સરકાર:**
22 બેઠકોના પરિણામો આવી ગયા છે. CM રંગાસ્વામીની પાર્ટી 9 બેઠકો જીતી ચૂકી છે. ભાજપ, DMK અને TVKએ બે-બે બેઠક જીતી છે.



## તમિલનાડુમાં વિજયનું સુનામી

### ઓટો-ડ્રાઈવર વિજય ધામુએ દિગ્ગજોના કિલ્લા ધ્વસ્ત કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

રોયાપુરમ વિધાનસભા બેઠક પર વિજય ધામુએ 55,000 થી વધુ મતો મેળવીને પોતાના નજીકના હરીફ પર 14,000 મતોની સરસાઈ સાથે બેઠક કબજે કરી છે. આ જીત એટલા માટે ખાસ છે કારણ કે ધામુએ એઆઈએડીએમકે (AIADMK) ના દિગ્ગજ અને પાંચ વખતના ધારાસભ્ય ડી. જયકુમારને હરાવ્યા છે, જેઓ માત્ર 18,000 મતો સાથે ત્રીજા સ્થાને ફેંકાઈ ગયા છે. ડીએમકે (DMK) ના ઉમેદવાર સુબેર ખાન બીજા ક્રમે રહ્યા છે.રોયાપુરમ વિધાનસભા બેઠક પર વિજય ધામુએ 55,000 થી વધુ મતો મેળવીને પોતાના નજીકના હરીફ પર 14,000 મતોની સરસાઈ સાથે બેઠક કબજે કરી છે. આ જીત એટલા માટે ખાસ છે કારણ કે ધામુએ એઆઈએડીએમકે (AIADMK) ના દિગ્ગજ અને પાંચ વખતના ધારાસભ્ય ડી. જયકુમારને હરાવ્યા છે.

### જીત પાછળના મુખ્ય કારણો

**થલપથી ફેક્ટર:** પાર્ટી પ્રમુખ વિજયે વ્યૂહાત્મક રીતે દરેક બેઠક પર પોતાને મુખ્ય ચહેરા તરીકે રજૂ કર્યો હતા, જેનો સીધો લાભ ધામુ જેવા સ્થાનિક ઉમેદવારોને મળ્યો હતો.

**માછીમાર સમુદાય પર ધ્યાન:** દરિયાકાંઠાના આ વિસ્તારમાં ધામુએ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજિક સુરક્ષાના વચનો આપ્યા હતા, જે સ્થાનિક મતદારોમાં લોકપ્રિય સાબિત થયા હતા.

**ગ્રાઉન્ડ વર્ક:** TVK ના કાર્યકરો અને વિજયના ચાહકોએ વર્ષોથી કરેલા સેવાકાર્યોએ મજબૂત પાયો તૈયાર કર્યો હતો.

#### સામાન્ય માણસની અસાધારણ જીત

વિજય ધામુ લાંબા સમયથી અભિનેતા વિજયના ફેન ક્લબ નેટવર્ક (વિજય મક્કલ ઈયક્કમ) સાથે જોડાયેલો છે. તેણે પોતાની ઝુંબેશ એક સામાન્ય માણસની ઓળખ પર બનાવી હતી. ધામુએ પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, 'તમે અમને નવા ચહેરા કહી શકો છો, પરંતુ અમે વર્ષોથી ફેન ક્લબ દ્વારા ગ્રાઉન્ડ લેવલ પર કામ કરી રહ્યા છીએ'.

#### પરંપરાગત પક્ષો માટે મોટો ફટકો

આ હાર AIADMK માટે મોટો આંચકો છે, કારણ કે 1991 થી રોયાપુરમ જયકુમારનો ગઢ ગણાતો હતો. બીજી તરફ, DMK એ બેઠક જીતવા માટે સીટિંગ ધારાસભ્યને પડતા મૂકીને સુબેર ખાનને મેદાને ઉતાર્યા હતા, પરંતુ આ વ્યૂહરચના પણ નિષ્ફળ રહી છે. TVK પાર્ટી સમગ્ર રાજ્યમાં 110 થી વધુ બેઠકો પર આગળ વધી રહી છે.

# આ ચૂંટણીમાં સરેઆમ લોકતંત્રની હત્યા થઈ: ડૉ. કરન બારોટ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં થયેલા ષડયંત્રો મુદ્દે વાત કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં લોકશાહીની હત્યા કરવામાં આવી હતી. આ વખતની ચૂંટણીમાં 700થી પણ વધારે ઉમેદવારોને બિનહરીફ રીતે જીતાડીને લોકશાહીની સરેઆમ હત્યા કરવામાં આવી છે, લોકોનો મતાધિકાર છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સિવાય સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટીને રોકવા માટેના અનેક ષડયંત્રો કરવામાં આવ્યા. આમ આદમી પાર્ટીના ઉમેદવારો પોતાની ઉમેદવારી ન કરી શકે એ માટે અનેક ષડયંત્ર રચવામાં આવ્યા હતા. ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ પણ આમ આદમી પાર્ટીના અનેક ઉમેદવારોને પ્રચાર કરતા રોકવામાં આવ્યા અને તેમના પ્રચારમાં બાધા નાખવામાં આવી. આ સિવાય ઘણી જગ્યાએ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓનું અપહરણ કરવામાં આવ્યું.વધુમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટે જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થયા બાદ ઘણી જગ્યાએ જ્યાં ભાજપને વોટ નથી મળ્યા અને જ્યાં આમ આદમી પાર્ટી કે બીજી અન્ય પાર્ટીને વધુ મળ્યા હોય એવી જગ્યાએથી એવી પણ ઘટનાઓ સામે આવી છે કે જ્યાં તલવારો બતાવીને લોકોને ડરાવવામાં આવ્યા છે. આ સિવાય ગામડાઓમાં રોડ તોડી નાખવામાં આવ્યા છે, વીજળીના થાંભલાઓ નીકાળીને લઈ ગયા. તો આ પ્રમાણે અલગ અલગ રીતે સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર લોકશાહીની હત્યા કરવામાં આવી છે. સાથે સાથે જે દિવસે મતદાન હતું એ મતદાનના દિવસે પણ ઘણા લોકોનો મતાધિકાર છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘણા લોકો જ્યારે મતદાન કરવા ગયા તો મતદાન મથકમાં એમનું નામ જ હતું નહીં અને ઘણાના નામ અન્ય બુથો પર જોવા મળતા હતા.

# શીલજમાં રિંગ રોડ પાસે યુવકનો ભેદી હાલતમાં મૃતદેહ મળ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 04

અમદાવાદના શીલજ વિસ્તારમાં એસ.પી. રિંગ રોડને અડીને આવેલા એક ખુલ્લા પ્લોટમાંથી અજાણ્યા યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ 108 એમ્બ્યુલન્સ અને બોડકદેવ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકના શરીર પર કોઈ દેખીતા ઈજાના નિશાન મળી આવ્યા નથી, જેના કારણે મોતનું કારણ વધુ રહસ્યમય બન્યું છે. આ ઘટનામાં એક પ્રત્યક્ષદર્શી બાલાભાઈ વાલ્મીકિએ અત્યંત ગંભીર દાવો કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, બપોરે 11 વાગ્યાની આસપાસ એક રિક્ષામાં ડ્રાઈવર સહિત ચાર શખ્સો આવ્યા હતા. આ શખ્સોએ યુવકને કંઈક સૂંઘાડીને પ્લોટમાં ફેંકી દીધો હતો અને ત્યારબાદ રિક્ષા લઈને ફરાર થઈ ગયા હતા. બોડકદેવ પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. યુવકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. શું આ કોઈ હત્યા છે કે કેમ, તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ અને રિક્ષાના નંબરના આધારે શંકાસ્પદ શખ્સોની શોધખોળ કરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ યુવકના મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. જો કે યુવકની ઓળખ કરવી પણ પોલીસ માટે પડકાર છે. કારણ કે તેનાં કપડામાંથી પણ ઓળખ થઇ શકે તેવી કોઇ વસ્તું મળી નથી. માત્ર તેના હાથ પર ખોડલરાજ લખેલું ટેટુંનાં આધારે પોલીસ તપાસ ચલાવી રહી છે.

# રેલકર્મીએ ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું, ટ્રેક પર મળેલી રોકડ રકમ સહિતની બેગ પરત કરી

(એજન્સી) અમદાવાદ । તા. 04

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના ગોધરા-વડોદરા રેલખંડ પર એન્જિનિયરિંગ વિભાગમાં કાર્યરત કી-મેન શ્રી સલીમ ખાને પોતાની ઈમાનદારી, ફરજનિષ્ઠા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ આપતાં એક મુસાફરની ખોવાયેલી બેગ સુરક્ષિત રીતે પરત આપી પ્રશંસનીય કાર્ય કર્યું. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલા એક પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ વડોદરા-ગોધરા વિભાગમાં તા. 30 એપ્રિલ 2026ના રોજ ટ્રેન નંબર 19165 દ્વારા વારાણસી જતાં મુસાફર શ્રી દીપક યાદવની બેગ ડેરોલ-ખરસાલિયા સ્ટેશન વચ્ચે



ક્યાંક પડી ગઈ હતી.સુપરવાઇઝરે તેને શોધવાનું કાર્ય સોંપ્યું હતું અને પોતાની ટ્રેક નિરીક્ષણ ફરજ દરમિયાન આ બેગ ખરસાલિયાના કી-મેન શ્રી સલીમ ખાનને મળી. બેગની તપાસ કરતા તેમાં અંદાજે 1,30,000 રોકડ રકમ, મોબાઈલ ફોન, કપડાં તથા અન્ય જરૂરી સામાન મળ્યો હતો. શ્રી સલીમ ખાને સંપૂર્ણ ઈમાનદારી અને જવાબદારી દર્શાવતા રોકડ રકમ સહિત બેગ અને અન્ય કિંમતી વસ્તુઓ સંબંધિત મુસાફરને સુપરવાઇઝરની હાજરીમાં સુરક્ષિત રીતે પરત સોંપી હતી. શ્રી સલીમ ખાને દર્શાવેલી આ સત્યનિષ્ઠા અને ફરજપરાયણતા માત્ર રેલવે કર્મચારીઓની સકારાત્મક કાર્યસંસ્કૃતિને જ પ્રતિબિંબિત કરતી નથી, પરંતુ ભારતીય રેલવે પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના માટે ફક્ત 22 દિવસોમાં અમદાવાદમાં ભારતીય રેલવે ટ્રેક પર તમામ પાંચ ભારે પોર્ટલ બીમ લૉન્ચ કરવામાં આવ્યા









(એજન્સી) અમદાવાદ । તા. 04

એન્જિનિયરીંગના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે, મુંબઈ-અમદાવાદ બુવેટ ટ્રેન પરિયોજના માટે મણીનગરમાં અમદાવાદ-વડોદરા રેલવે લાઈનની ઉપર, તમામ પાંચ (05) પ્રીકાસ્ટ-પ્રીસ્ટ્રેસ્ટ ભારે પોર્ટલ બીમ (ગર્ડર) ને ફક્ત 22 દિવસોની અંદર સફળતાપૂર્વક સ્થાપિત કરી દેવામાં આવ્યા છે.લૉન્ચિંગ પ્રક્રિયા 8, 13, 19, 24 અને 29 એપ્રિલ 2026 ના રોજ પૂર્વ-આયોજિત અને તબક્કાવાર ક્રમમાં સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી. આ કામ ભારતીય રેલવેના સક્રિય પાટાઓ પર અત્યંત ઉચ્ચ સ્તરના સંકલન, ઝડપી ગતિ તથા સચોટ અને સુરક્ષિત અમલીકરણ સાથે પૂર્ણ કરવામાં આવ્યું. સૌથી ભારે બીમ, જેનું વજન લગભગ 1360 એમટી હતું, 8 એપ્રિલ 2026 ના રોજ લૉન્ચ કરવામાં આવ્યો, જે પરિચાલન રેલવે લાઈનો પર કરવામાં આવેલા સૌથી ભારે લિફ્ટોમાંથી એકને ચિહ્નિત કરે છે. પાંચેય બીમોમાંથી દરેકનું વજન 1170 એમટી થી 1360 એમટી વચ્ચેનું હતું, જેનાથી આ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરવામાં આવેલા સૌથી મુશ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સંચાલનમાંથી એક બની ગયું. મણીનગરમાં, બુલેટ ટ્રેનનું એલાઈનમેન્ટ વર્તમાનના રેલવે ટ્રેક્સથી ઊંચાઈવાળા સ્તરે આશ્ચર્યજનક અને મર્યાદિત ભૂમિતિ સાથે ક્રોસ કરે છે, જેના માટે સાવધાનપૂર્વક ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાની જરૂરિયાત હોય છે. બે પિયર્સ વચ્ચેનું અંતર પણ અપેક્ષાએ મોટું છે (લગભગ 30 મી. થી 34 મી.), જે સુરક્ષિતરૂપે વજનને સ્થાળાંતરિત કરવા માટે પોર્ટલ બીમ જેવી મજબૂત અન કઠોર સહાયક સિસ્ટમની જરૂરિયાતને વધારે છે. આ સ્થાન પર પોર્ટલ બીમને ભારે માળખારૂપે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેથી તે ભારતીય રેલવેના કેટલાય સક્રિય પાટાઓ–જેમાં અમદાવાદ-વડોદરાની 'અપ', 'ડાઉન' અને ત્રીજી લાઈન સામેલ છે–ની ઉપરથી પસાર થઈ શકે. એમનો વિશાળ આકાર અને વજન તેમને ઉત્તમ સ્થિરતા અને લઘુત્તમ નીચેનો ઝુકાવ પૂરો પાડે છે, જે આટલા વ્યસ્ત રેલવે ટ્રેક પર સચોટ એલાઈન્મેન્ટ જાળવી રાખવા અને સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે અત્યંત જરૂરી છે.

# માધુપુરા માર્કેટમાં પાર્કિંગની બબાલ બની જીવલેણ

(એજન્સી) અમદાવાદ । તા. 04

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા વ્યસ્ત માધુપુરા માર્કેટમાં ધોળા દિવસે હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગત ત્રીજી મેના રોજ બપોરના સમયે માત્ર ટુ-વ્હીલર પાર્કિંગ કરવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારે હિંસક રૂપ ધારણ કર્યું હતું, જેમાં એક 26 વર્ષીય શ્રમિક યુવકની જાહેરમાં લોખંડના સળિયા અને બેલ્ટ વડે ફટકારીને હત્યા કરી દેવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, મૃતક યુવક મિથિલેશ ઉર્ફે મુન્નો (ઉ.વ. 26) અને તેનો મોટો ભાઈ સંદીપ મિશ્રા મૂળ ઉત્તર પ્રદેશના ઈટાવાના વતની છે અને છેલ્લા સાત વર્ષથી માધુપુરા માર્કેટમાં છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતા હતા. સંદીપ મિશ્રાએ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ, ત્રીજી મેના રોજ બપોરે 12:30થી 1:00 વાગ્યાની વચ્ચે ટુ-વ્હીલર પાર્કિંગ બાબતે મિથિલેશને કેટલાક પીકઅપ બોલેરોના ડ્રાઈવરો સાથે માથાકૂટ થઈ હતી. પાર્કિંગના ઝઘડામાં ઉશ્કેરાયેલા ઈન્દ્રજીતકુમાર પટેલ, આકાશ પટેલ, આકાશ રાઉત અને લાલીપ્રસાદ પ્રસાદે ભેગા મળીને મિથિલેશ પર લોખંડના સળિયા અને કમરના પટ્ટા (બેલ્ટ) વડે જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં તેનું મોત નિપજ્યું હતું. ઘટના સમયે ફરિયાદી સંદીપ માર્કેટના ગેટ પાસે હતો. ત્યાં 108 એમ્બ્યુલન્સ આવતા તે જોવા પાછળ ગયો ત્યારે તેણે એક દુકાન પાસે પોતાના નાના ભાઈ મિથિલેશને લોહીલુહાણ હાલતમાં જમીન પર પડેલો જોયો હતો. એમ્બ્યુલન્સના ડોક્ટરે તપાસ બાદ મિથિલેશને મૃત જાહેર કર્યો હતો.

# નિકોલની હોસ્પિટલમાં નોકરીના પહેલા જ દિવસે સ્વીપરે હાથફેરો કર્યો, રૂ. 90 હજારની ચોરી કરી ફરાર



અમદાવાદ: અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં ચોરીની અજીબ ઘટના સામે આવી છે. હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં સફાઈ કામદાર (સ્વીપર) તરીકે નોકરીએ લાગેલા શખસે પ્રથમ દિવસે જ તકનો લાભ ઉઠાવી ડ્રોવરમાં રાખેલા 90,000 રૂપિયાની રોકડ રકમની ચોરી કરી છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, 17મી એપ્રિલ 2026ના રોજ હોસ્પિટલના એચ.આર. વિભાગ દ્વારા એક વ્યક્તિને સ્વીપર તરીકે કામ પર રાખવામાં આવ્યો હતો. આ શખસે વિશ્વાસ અપાવ્યો હતો કે તે બીજા દિવસે સવારે પોતાના ઓળખના પુરાવા જમા કરાવશે. આ વાયદા સાથે તેણે તે જ દિવસે નાઈટ શિફ્ટમાં કામ શરૂ કર્યું હતું.

18મી એપ્રિલના રોજ સવારે જ્યારે ફાર્મસીનો સ્ટાફ ફરજ પર હાજર થયો, ત્યારે ટેબલના ડ્રોવરનું લોક તૂટેલું અને સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ તપાસતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી. જેમાં વહેલી સવારે સવા પાંચ વાગ્યે નવો સ્વીપર પોતાના મોબાઈલની ફ્લેશ લાઈટનો ઉપયોગ કરીને મેડિકલ સ્ટોરમાં પ્રવેશતો જણાયો હતો. તે શખસ ડ્રોવરનું લોક તોડીને તેમાંથી રોકડ રકમ કાઢતો સ્પષ્ટ દેખાયો હતો. મેડિકલ સ્ટોરના રજિસ્ટરની તપાસ કરતા કુલ 90,000 રૂપિયાની રોકડ ગાયબ હોવાનું માલુમ પડ્યું હતું. સીસીટીવી ફૂટેજ અને હિસાબના પુરાવાઓના આધારે હોસ્પિટલના ડોક્ટરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે, જોકે આરોપીએ હજુ સુધી ઓળખના પુરાવા જમા ન કરાવ્યા હોવાથી તેને શોધવો પોલીસ માટે એક પડકાર બન્યો છે.

# News Brief

## સાણંદમાં ટાટા કંપની પ્લાન્ટમાં આગ, સ્પેર પાર્ટસ, રો-મટિરિયલ બળી ગયું




અમદાવાદ | સાણંદ જીઆઈડીસીમાં ટાટા કારની કંપનીના પ્લાન્ટમાં આજે બપોરે અચાનક આગ લાગી હતી. કાળઝાળ ગરમીના કારણે આગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતું. અમદાવાદ અને સાણંદની ફાયર બ્રિગેડ તથા પ્લાન્ટ દ્વારા પાણીનો મારો ચલાવતાં આગ સાત કલાકે કાબુમાં આવી હતી. આગમાં કંપનીના સ્પેર પાર્ટસ તથા રો-મટિરિયલ બળીને ખાખ થતાં લાખો રૂપિયાનું નુકાસાન થયું હતું.જો કે સદ્નસીબે કોઇ જાનહાની થઇ ન હતી.

ફાયરે ભારે જહેમત ઉઠાવી પાણીનો મારો ચલાવી બીજા પ્લાન્ટને બચાવ્યા : સદ્નસીબે જાનહાની નહી

સાણંદ જીઆઈડીસી ખાતે આવેલી ટાટા કારની કંપનીના એ ડિવિઝનમાં આજે બપોરે અચાનક આગ લાગી હતી જેની જાણ થતાં પ્રહલાદનગરથી ફાયરની ગાડીઓ તથા સાણંદ ફાયર અને કંપની દ્વારા પાણીની ટેન્કરો દ્વારા આગ બુઝાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ફેક્ટરીનો શેડ નમી જતાં ફાયરને આગ બુઝાવવામાં ભારે જહેમત ઉઠાવી પડી હતી. જો કે ફાયર બ્રિગેડની ટીમે સયમ સૂચકતા વાપરીને બીજા પ્લાન્ટને બચાવી લીધા હતા. આગની જાણ થતાં કંપનીમાં કામ કરતા કર્મચારીએ દોડીને બહાર આવી ગયા હોવાથી કોઇ જાનહાની થઇ ન હતી. જો કે આગ ગરમી કે પછી શોર્ટ શર્કીટથી લાગી હતી તે હજુ નક્કી થયું નથી.

## જામનગરમાં મહાવીરનગરમાં દારૂના નશામાં તોફાન મચાવનાર યુવક સામે કેસ

જામનગર | જામનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં દારૂના નશામાં ઘરમાં હંગામો અને મારામારી કરનાર યુવક સામે પોલીસ દ્વારા દારૂબંધી ભંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, મહાવીરનગર શેરી નં.03 ખાતે રહેતા ભાવેશભાઈ બાબુભાઈ ઝાલાએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યારે તેમના મોટાભાઈ આકાશભાઈ બાબુભાઈ ઝાલા દારૂના નશામાં ઘરે આવ્યા હતા. નશાની હાલતમાં તેઓ ગાળો બોલી તોફાન મચાવતા હતા અને બોલાચાલી કરીને ઝઘડો કર્યો હતો.

પરિસ્થિતિ બગડતા ફરિયાદીએ તાત્કાલિક 112 જનરક્ષક સેવા પર ફોન કરતા પોલીસ ટીમ સ્થળ પર દોડી આવી હતી અને બંને ભાઈઓને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલીસ સ્ટેશન ખાતે તપાસ દરમ્યાન આકાશભાઈ ઝાલા દારૂના નશામાં હોવાનું સ્પષ્ટ થયું હતું. તેમની આંખો લાલચોળ જણાતી હતી અને તેઓ પોતાના શરીરનું સંતુલન જાળવી શકતા નહોતા. પોલીસે પૂછપરછ દરમ્યાન કોઈપણ પ્રકારનો પરમિટ રજૂ કરવામાં આવ્યો નહોતો. પોલીસે બે પંચોની હાજરીમાં કાર્યવાહી કરી અને આકાશભાઈ ઝાલા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કલમ 66(1)(બી) અને 85(1) મુજબ ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ આરોપીને કાયદેસર રીતે અટકાયત કરવામાં આવી છે.

## સિહોરમાં બેફામ કારે રોડની બાજુમાં ઊભેલા લોકોને ફંગોળ્યા, 6 લોકોને ગંભીર ઈજા...

ભાવનગર | ભાવનગર જિલ્લાના સિહોરમાં રવિવારે (ત્રીજી મે) બપોરના સમયે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. શહેરના ડો. કે.ડી. રાઠોડ હોસ્પિટલ નજીક પૂરઝડપે આવતી કારે એક બાઈક, રિક્ષા અને રોડની નજીકમાં ઉભેલા લોકોને અડફેટે લીધા હતા. કારની જોરદાર ટક્કરે મહિલા સહિત કુલ 6 લોકો લોહીલુહાણ થયા હતા. સમગ્ર ઘટનાના હચમચાવી દે તેવા સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. મળતી માહિતી અનુસાર, સિહોરના ગુંદાળા રામનગર વિસ્તારમાં રહેતા 24 વર્ષીય વિશાલ ગોહિલ ભાવનગરથી કામ પતાવી પરત ફર્યા હતા. તે તેના પિતરાઈ ભાઈ રાહુલ સાથે બાઈક પર ઘરે જઈ રહ્યા હતા. બપોરે આશરે દોઢ વાગ્યાના સુમારે જ્યારે તેઓ કે.ડી. રાઠોડ હોસ્પિટલ પાસે પહોંચ્યા ત્યારે પાછળથી આવતી એક બેફામ કારે તેની બાઈકને અડફેટે લીધી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે વિશાલભાઈ અને રાહુલ ઉપરાંત રસ્તા પરથી પસાર થઈ રહેલી એક મહિલા અને અન્ય લોકો મળી કુલ 6 વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને પ્રથમ સિહોર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ ગંભીર હાલત હોવાથી ભાવનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્ત વિશાલભાઈની ફરિયાદના આધારે અકસ્માત સર્જનાર કારચાલક જાહિદભાઈ સોરઠીયા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ BNS એક્ટની કલમ 281, 125(a), 125(b) તેમજ મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં 13 વર્ષના બાળકો નશાના રવાડે ચડ્યા! રિહાબ સેન્ટરોમાં 18થી 35 વર્ષના યુવાનોની કતારો

અમદાવાદ | ગુજરાતમાં દારૂની માફક હવે શેરીએ શેરીએ ગાંજા અને ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે. ડ્રગ્સના બંધાણીઓનું પ્રમાણ પણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે અમદાવાદના સરકારી અને ખાનગી મનોચિકિત્સાલયમાં ડ્રગ રિહાબિલેશન માટે મહિને 600થી વધુ યુવાનોની લાઈન લાગે છે! અમદાવાદના સેન્ટરમાં લાગેલી આ યુવાનોની લાઈન તો માત્ર એક નમૂનો છે. આ સિવાય રાજ્યમાં નશામાં સપડાયેલાં યુવાનોનો અસલ આંકડો આનાથી અનેક ગણો વધારે છે.

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ અને ખાનગી મનોચિકિત્સાલયમાં ડ્રગ રિહાબિલેશન માટે મહિને 600થી 700 લોકો આવી રહ્યા છે. જેમાં સૌથી વધુ 18થી 35 વર્ષની ઉંમરના હોય છે. એટલું જ નહીં 13થી 17 વર્ષ સુધીની કુમળી વયના બાળકોમાં પણ નશાનું ચલણ વધ્યું હોવાનું નિષ્ણાંતો જણાવે છે. જ્યારે 40થી વધુ ઉંમરના લોકોમાં દારૂના નશાનું પ્રમાણ વધારે છે. ધીમે ધીમે યુવતીઓમાં પણ નશાનું પ્રમાણ વધતું હોવાનું તબીબો જણાવે છે. આ આંકડો માત્ર અમદાવાદમાં ચાલતાં રિહાબિલેશન સેન્ટરના છે. સુરત, રાજકોટ, વડોદરા, આણંદ જેવા શહેરમાં આવા કેટલાય સેન્ટર ચાલે છે. અને ત્યાં આવતા લોકોનો આંકડો ક્યાંય વધારે છે. એટલું જ નહીં સૂત્રોના મતે સામાજિક પ્રતિષ્ઠા ગુમાવવાના ભયથી નશાના આદીઓ પાડોશી રાજ્યના નશામુક્તિ કેન્દ્રમાં સહારો લે છે. નશાની શહેર અને ગ્રામીણ વિસ્તારની વહેંચણીની વાત કરીએ તો શહેરી વિસ્તારમાં મેફેડ્રોન, મેથેટાઈન, ગાંજો, ચરસ જેવા પાવડરના નશા સરળતાથી મળી રહેતાં શહેરી યુવાનોમાં આનું પ્રમાણ વધુ છે. જ્યારે ગ્રામીણ વિસ્તાર સુધી આ સડો પહોંચ્યો નથી.

# ગાંધીનગર કોર્ટ સંકુલમાં હિંસક હુમલો : ઘરેલું હિંસાના કેસની સુનાવણી દરમિયાન પત્નીએ પિતા અને ભાઈ સાથે મળી પતિને માર માર્યો

ગાંધીનગર | રાજ્યના પાટનગરમાં ન્યાયના ધામ ગણાતા કોર્ટ સંકુલમાં જ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કોર્ટમાં ચાલી રહેલા ઘરેલું હિંસાના કેસની અંતિમ સુનાવણી દરમિયાન જ પત્ની, સસરા અને સાળાએ ભેગા મળીને યુવકને ગાળાગાળી કરી માથાના ભાગે મુક્કા મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગરના પેથાપુરની વિસત ગોલ્ડ સોસાયટીમાં રહેતા અને અમદાવાદની ખાનગી કંપનીમાં નોકરી કરતા 33 વર્ષીય હરપાલસિંહ જયમલસિંહ સોઢાએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ હરપાલસિંહના લગ્ન વર્ષ 2020માં થયા હતા.

પરંતુ પત્ની સાથે અણબનાવ રહેતા પત્નીએ તેમના વિરુદ્ધ ઘરેલું હિંસાનો કેસ દાખલ કર્યો હતો.

આ કેસની સુનાવણી ગાંધીનગર કોર્ટમાં ચાલી રહી છે. ગત 29 એપ્રિલના રોજ આ કેસની અંતિમ સુનાવણી હોવાથી હરપાલસિંહ કોર્ટમાં હાજર રહ્યા હતા. ત્યારે બપોરના આશરે સવા એક વાગ્યાના અરસામાં હરપાલસિંહ કોર્ટના ત્રીજા માળે બહાર બેઠા હતા. તે દરમિયાન ત્યાં હાજર તેમના પત્ની કુંદનબા, સસરા કરણસિંહ રઘુસિંહ રાઠોડ અને સાળા યુવરાજસિંહ (રહે. દોલારાણા વાસણા) તેમની પાસે આવ્યા હતા.

આ ત્રણેય જણાએ હરપાલસિંહ સામે બેસી જઈ બિભત્સ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. બાદમાં ઉશ્કેરાઈને ધમકી આપી હતી કે, આજે તારો ફેંસલો લાવી દેવાનો છે, અમે ગાડીમાં તલવાર અને હથિયારો લઈને આવ્યા છીએ, તું કોર્ટની બહાર નીકળ એટલે તને પૂરો કરી દેવો છે. જેથી પોતાની જાન જોખમમાં જણાતા હરપાલસિંહે પુરાવા માટે મોબાઈલ કાઢી વિડિયો રેકોર્ડિંગ શરૂ કર્યું હતું.

આ જોઈને આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા. અને સસરા કરણસિંહે તેમનો મોબાઈલ છીનવી લીધો હતો અને તેમને પકડી રાખ્યા હતા, જ્યારે સાળા અને પત્નીએ હરપાલસિંહને માથાના ભાગે મુક્કા અને લાફા મારી ઢોર માર માર્યો હતો. આ દરમિયાન કોર્ટમાં હાજર અન્ય લોકોએ વચ્ચે પડી હરપાલસિંહને વધુ માર ખાતા બચાવ્યા હતા.

## હરણીમાં હીટ એન્ડ રન, સ્કૂટર સવારે દંપતીને ફંગોળી ફગોળી કારચાલક ફરાર



વડોદરા | વડોદરામાં એક તરફ પોલીસ દ્વારા હેલ્મેટની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે બીજી તરફ અકસ્માતમાં બનાવો અટકવાનું નામ લેતા નથી. હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી જ રીતે હીટ એન્ડ રનની ઘટના બનતા પોલીસે ફરાર કારચાલકની તપાસ હાથ ધરી છે. હરણી પોલીસ સ્ટેશન હેઠળના બ્રહ્માનગર ખાતે તા.બીજીએ બપોરે કનુભાઈ મારવાડી(સીતારામ નગર,વાઈટ વુડાના મકાન પાસે, ન્યુ વીઆઈપી રોડ) તેમના પત્ની સાથે સ્કૂટર ઉપર જઈ રહ્યા હતા તે દરમિયાન પૂર ઝડપે ધસી આવેલા એક વાનચાલકે તેમને ટક્કર મારી હતી. બનાવને કારણે બંને પતિ પત્નીને ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હરણી પોલીસે આ અંગે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# અમદાવાદમાં પાર્કિંગ બાબતે યુવકની હત્યા:માધવપુરમાં ચાર શખસોએ ભેગા મળી યુવકનું ઢીમ ઢાળી દીધું...

અમદાવાદ | અમદાવાદ શહેરના માધવપુરા વિસ્તારમાં પાર્કિંગ મુદ્દે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં યુવકની કરુણ હત્યાનો બનાવ સામે આવ્યો છે. ચાંદખેડા વિસ્તારના ભોલાભાઈ પાર્કમાં રહેતા સંદીપ મિશ્રાએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં ઈન્દ્રજીત પટેલ, આકાશ પટેલ, આકાશ રાઉત અને લાલીપ્રસાદ વિરુદ્ધ પોતાના મોટા ભાઈ મિથિલેશ ઉર્ફે મુન્નોની હત્યાની ફરિયાદ નોંધાવી છે.

મૂળ ઉત્તરપ્રદેશના વતની સંદીપ મિશ્રા લાંબા સમયથી અમદાવાદમાં પરિવાર સાથે રહે છે. સંદીપ ગઈકાલે માધવપુરા માર્કેટ વિસ્તારમાં પોતાના કામકાજમાં વ્યસ્ત હતો, ત્યારે અચાનક 108 એમ્બ્યુલન્સ ત્યાં આવીને ઉભી રહી. આસપાસ ભીડ એકઠી થતી જોઈ સંદીપ પણ શુ થયુ છે તે જાણવા ત્યા પહોંચ્યો હતો.જ્યાં પહોંચતા જ તેની આંખો સામે જે દ્રશ્ય આવ્યું તે જોઈ તે સ્તબ્ધ બની ગયો કારણકે લોહીથી લથબથ હાલતમાં તેનો મોટો ભાઈ મિથિલેશ જમીન પર પડ્યો હતો.ઘટનાસ્થળે હાજર 108ના



કર્મચારીઓએ મિથિલેશને તપાસ્યા બાદ મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, મિથિલેશ અને આરોપીઓ વચ્ચે ટુવ્હિલર પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી. બોલેરો પીકઅપ ડાલુ ચલાવતા ઈન્દ્રજીત પટેલ, આકાશ પટેલ, લાલીપ્રસાદ અને આકાશ રાઉત સાથે થયેલી આ બોલાચાલી થોડી જ વારમાં ઉગ્ર બની ગઈ હતી. સાક્ષીઓના કહેવા મુજબ, આરોપીઓએ ગુસ્સામાં આવીને મિથિલેશ પર પાઈપ, લોખંડના સળીયા અને બેલ્ટથી હુમલો કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે મિથિલેશ ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ માધવપુરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.પોલીસે સ્થળનો પંચનામું કરીને પુરાવા એકત્રિત કર્યા છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.

પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. મૃતકના માતા રાજેશ્વરીબેને જણાવ્યું હતું કે મારો દીકરો છેલ્લા ઘણા વર્ષથી માધુપુરા માર્કેટમાં મજૂરી કરતો હતો.અચાનક જ તેની પાર્કિંગ બાબતે હત્યા કરવામાં આવી છે. અમને ન્યાય જોઈએ છે,મારા દીકરા સાથે થયું તેવું બીજા કોઈની સાથે ન થાય તે માટે પોલીસ આરોપીની ધરપકડ કરી કડક સજા કરાવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ૨ મહિલા યાત્રિકોના મોત અનેક લોકો હોસ્પિટલમાં દાખલ, ભાવનગરના યાત્રિકોની બસ પલટી દર્શન કરવા જતી વખતે નડ્યો કાળ

# માંગરોળ નજીક બસ અકસ્માત બે મહિલાઓના કરુણ મોત

(એજન્સી) માંગરોળ । તા. 04

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના રહીજ ગામ નજીક રવિવારે બપોરે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. ભાવનગરથી દ્વારકા અને સોમનાથના દર્શનાર્થે નીકળેલા યાત્રાળુઓથી ભરેલી બસ અચાનક પલટી મારી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બે મહિલા યાત્રિકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૩૦ થી વધુ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતની ગંભીરતાને જોતા ઈજાગ્રસ્તોને તાત્કાલિક માંગરોળ, કેશોદ અને જૂનાગઢની હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ગમગીન ઘટનાને પગલે ભાવનગરના યાત્રિકોના પરિવારજનોમાં ભારે ચિંતા અને શોકનું મોજું ફરી વળ્યું છે.



#### નીલગાય અને બાઈકચાલકને બચાવવા જતા સર્જાયો અકસ્માત

પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગરથી આશરે ૪૦ જેટલા યાત્રિકો બસમાં સવાર થઈને દર્શન કરવા નીકળ્યા હતા. રવિવારે બપોરે આ યાત્રાળુઓ દ્વારકાથી સોમનાથ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન માંગરોળ તાલુકાના રહીજ ગામ નજીક હાઈવે પર અચાનક એક નીલગાય (રોઝડું) આડી ઉતરી આવી હતી. બાઈક સવારે નીલગાયને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું હતું. ત્યારબાદ તે બાઈકચાલકને બચાવવાના ચક્કરમાં બસના ચાલકે પણ સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો અને બસ જોરદાર પલટી મારી ગઈ હતી. અકસ્માત બાદ હાઈવે પર મુસાફરોની ચીકિયારીઓ ગૂંજી ઉઠી હતી.

#### કાચ તોડીને ઈજાગ્રસ્તોને બહાર કઢાયા, હિન્દુ-મુસ્લિમ યુવાનોની મદદ

બસ પલટી મારી ગયા બાદ તમામ યાત્રિકો બસની અંદર ફસાઈ ગયા હતા. આ અકસ્માતની જાણ થતા જ આસપાસના સ્થાનિક લોકો અને માંગરોળના હિન્દુ-મુસ્લિમ યુવાનો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. બસમાં શોટ સર્કિટને કારણે આગ ન લાગે તે માટે યુવાનોએ તાત્કાલિક બસની બેટરી બહાર કાઢી નાખી હતી. ત્યારબાદ બસના કાચ તોડીને ગંભીર રીતે ઘવાયેલા મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે આશરે ૧૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન આવી પહોંચી હતી, જેની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા હતા.

#### બે મહિલાઓના મોત, 30 થી વધુ લોકો સારવાર હેઠળ

આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે ભાવનગરના તેજુબા ગંભીરદાસ ખડીયા (ઉં.વ. ૫૮) અને જશુબેન ખોડીદાસ મકવાણા (ઉં.વ. ૫૪) ના સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યા હતા. આ સિવાય અન્ય ૩૦ થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જેમાંથી ૩ જેટલા યાત્રિકોની હાલત હજુ પણ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતની જાણ થતાં જ માંગરોળ ડીવાયએસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બસને જેસીબીની મદદથી રોડ પરથી હટાવી ટ્રાફિક હળવો કર્યો હતો.

## વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હાઈવે પર દરોડો પાડીને, લાખોનો મુદ્દામાલ કબજે કરાયો છે




વડોદરા | ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો દ્વારા અપનાવવામાં આવતી અવનવી તરકીબોનો ગાંધીનગરની SMCની ટીમે પર્દાફાશ કર્યો છે. વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા ચિખોદરા ગામની સીમ પાસે એક કન્ટેનરમાં પોપકોર્નના બોક્સની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આ દરોડા દરમિયાન લાખો રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને એક રાજસ્થાની ડ્રાઈવરની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એસએમસીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે નેશનલ હાઈવે પર આપેશ્વર મહાદેવ હોટલ પાસેથી એક સીલબંધ કન્ટેનર પસાર થઈ રહ્યું છે, જેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થઈ રહી છે. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને જ્યારે કન્ટેનરની તલાશી લીધી, ત્યારે તેમાંથી ૪.૦૨ લાખ રૂપિયાની કિંમતના પોપકોર્નના ૭૮૬ બોક્સ મળી આવ્યા હતા. જોકે, કેબિનની અંદર વધુ બારીકાઈથી તપાસ કરતાં તેની છત પર બનાવેલા ખાસ ગુપ્ત ખાનામાંથી ૬.૯૦ લાખ રૂપિયાની કિંમતની વિદેશી દારૂની ૩૮૪ બોટલો મળી આવી હતી.

## આઈપીએલ ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ થતાં મોટી કાર્યવાહી, જુગાર રમાડતા સાત ઝડપાયા છે

(એજન્સી) વડોદરા । તા. 04

આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચો પર ગેરકાયદેસર રીતે રમાતા સટ્ટાબજાર સામે સ્થાનિક ગુના શોધક શાખા (LCB) દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેરના ડભોઈ રોડ વિસ્તારમાં આવેલા એક ગોડાઉન પર પોલીસે દરોડો પાડીને મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા સાત શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ રેડ દરમિયાન પોલીસે લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે સટ્ટો રમાડવામાં સંડોવાયેલા અન્ય એક મુખ્ય આરોપીને વોન્ટેડ જાહેર કરીને તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરા એલસીબી ઝોન ૩ ની ટીમને એક ચોક્કસ બાતમી મળી હતી કે ડભોઈ રોડ યમુના મિલ સામે આનંદ ઈન્ડસ્ટ્રીયલમાં આવેલા ગોડાઉનમાં કમલેશ વિનોદભાઈ પરમાર નામનો વ્યક્તિ સટ્ટો રમાડે છે. તે અન્ય લોકોને ગોડાઉનમાં બોલાવીને હાલમાં ચાલી રહેલી ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની આઈપીએલ મેચનું ટીવી પર લાઈવ પ્રસારણ જોઈને મોબાઈલ ફોનમાં અલગ-અલગ એપ્લિકેશન મારફતે હાર-જીતનો જુગાર રમાડી રહ્યો હતો. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને ત્યાં સટ્ટો રમી રહેલા તમામ આરોપીઓને ઝડપી લીધા હતા.

#### લાખોની રોકડ અને વાહનો કબજે કરાયા

મીડિયા અહેવાલો સૂચવે છે કે પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા, સાત નંગ મોબાઈલ ફોન, એલઈડી ટીવી અને ચાર વાહનો મળીને કુલ ૪.૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં કમલેશ પરમાર સહિત પિયુષ પંચાલ, નાનુ ચુનારા, સુમિત સબાગવાની, ગીતેશ ચોથવાણી, ઉર્વેશ પટેલ અને પ્રિયાંક પટેલ નામના સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ચેતન કહાર ઉર્ફે ભાજુ નામનો આરોપી પોલીસને જોઈને ફરાર થઈ ગયો હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.



## હેત્વી ખીમસુરિયાને ગુજરાત ગરિમા એવોર્ડ વડોદરાનું ગૌરવ વધ્યું

(એજન્સી) વડોદરા । તા. 04

દૃઢ સંકલ્પ અને અડગ આત્મવિશ્વાસ હોય તો શારીરિક અસમર્થતા પણ સફળતાના આડે આવી શકતી નથી, તે વડોદરાની દીકરી હેત્વી ખીમસુરિયાએ સાબિત કરી બતાવ્યું છે. સુરત ખાતે ગુજરાત સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી નિમિત્તે યોજાયેલા 'ગુજરાત ગૌરવ દિન' કાર્યક્રમ દરમિયાન વડોદરાની પ્રતિભાશાળી હેત્વી ખીમસુરિયાને પ્રતિષ્ઠિત 'ગુજરાત ગરિમા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. ૭૫ ટકા મનોદિવ્યાંગ હોવા છતાં હેત્વીએ પોતાની કલા અને રમતગમત પ્રત્યેની રુચિને ક્યારેય ઓછી થવા દીધી નથી. આ અદ્ભુત સિદ્ધિ બદલ સમગ્ર વડોદરા અને ગુજરાતમાં તેના જુસ્સાની પ્રશંસા થઈ રહી છે.

સુરતના પ્રખ્યાત ડુમસ સી-ફેસ સ્થિત ઓરા યુનિવર્સિટી ખાતે આયોજિત એક ભવ્ય અને ગરિમાપૂર્ણ સમારોહમાં હેત્વી ખીમસુરિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે હેત્વીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ હેત્વીના દૃઢ મનોબળ અને અસાધારણ પ્રતિભાને મુક્ત કંઠે બિરદાવી હતી. તમામ શારીરિક પડકારો અને મુશ્કેલીઓનો સામનો કરીને હેત્વીએ આજે દિવ્યાંગ બાળકો અને સમગ્ર સમાજ માટે એક નવો પ્રેરણાસ્ત્રોત ઊભો કર્યો છે. હેત્વી ખીમસુરિયાની સિદ્ધિઓનો આલેખ ઘણો વિશાળ છે. કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં તેના અદ્ભુત પ્રદાન બદલ વર્ષ ૨૦૨૪માં તેને દેશના સર્વોચ્ચ 'રાષ્ટ્રપતિ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી ચૂકી છે.

## પત્નીની હત્યાનો ગુનો બનતા ચકચાર મચી ગઈ છે, ગળું દબાવી મોતને ઘાટ ઉતારવામાં આવી

(એજન્સી) વડોદરા । તા. 04

લગ્નજીવનના પવિત્ર સંબંધને કલંકિત કરતો એક કરુણ કિસ્સો વડોદરા જિલ્લામાંથી સામે આવ્યો છે. લગ્નના માત્ર બે જ મહિનાના ટૂંકા ગાળામાં એક શંકાશીલ પતિએ પોતાની જ પત્નીનું ગળું દબાવીને કરપીણ હત્યા કરી નાખી છે. પત્ની પર સતત ખોટો વહેમ રાખીને તેને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા આ નરાધમ પતિએ ગુનો આચરીને ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, નંદેસરી પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા પતિને ઝડપી પાડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના ખડોલ ગામે રહેતી તેજલ સોલંકીના લગ્ન ગત ૧૨ માર્ચ ૨૦૨૬ ના રોજ વડોદરા જિલ્લાના ફાજલપુર ધોળાકુવા ખાતે રહેતા હર્ષદભાઈ ચંદુભાઈ ગોહિલ સાથે થયા હતા. તેજલના ભાઈ જયદીપે નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ, વહેલી સવારે પાંચ વાગ્યે તેમના બનેવી હર્ષદભાઈએ ફોન કરીને કહ્યું હતું કે 'અમારી લાશો લઈ જજો' અને ત્યારબાદ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. આથી ગભરાઈ ગયેલા પરિવારે હર્ષદના બનેવી જિતેન્દ્રકુમારનો સંપર્ક કર્યો હતો.

મીડિયા અહેવાલો સૂચવે છે કે થોડા સમય પછી જિતેન્દ્રકુમારે જયદીપને ફોન કરીને જણાવ્યું કે તેજલને ગભરામણ જેવું થતાં તેને વાસદની હોસ્પિટલમાં લઈ જવામાં આવી છે. પરિવારના સભ્યો તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયા ત્યારે તેજલ બેડ પર મૃત હાલતમાં સુવડાવેલી હતી અને તેના ગળાના ભાગે ઈજાના સ્પષ્ટ નિશાન જોવા મળ્યા હતા. શંકાસ્પદ મોતના પગલે મૃતદેહનું પોસ્ટમોર્ટમ (પી.એમ.) કરાવવામાં આવતા રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે તેજલનું ગળું દબાવીને તેને મોતને ઘાટ ઉતારવામાં આવી છે. બહેનની હત્યાથી ભાંગી પડેલા ભાઈએ પોલીસ સમક્ષ આક્ષેપ કર્યો છે કે તેનો બનેવી હર્ષદ અગાઉથી જ તેજલ પર ખોટો વહેમ રાખીને તેને અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતો હતો. આ બાબતે તેજલે અગાઉ પોતાના પિયર પક્ષને જાણ પણ કરી હતી. અંતે શંકાના વહેમમાં જ પતિએ આ ઘાતકી પગલું ભરીને પત્નીનો જીવ લીધો હતો.

## સ્ક્રિપ્ટ ચોરીનો વિવાદ કોર્ટમાં પહોંચતા ખળભળાટ મચ્યો, નાટ્ય જગતમાં ભારે ખળભળાટ મચ્યો છે



વડોદરા | ગુજરાતી રંગભૂમિ અને નાટ્ય જગતમાં ક્યારેય ન જોઈ હોય તેવી સ્ક્રિપ્ટ ચોરીની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. વડોદરાના વરિષ્ઠ નાટ્ય લેખક અને ગુજરાત સરકારના પ્રતિષ્ઠિત ગૌરવ પુરસ્કારથી સન્માનિત સાહિત્યકાર વિહંગ મહેતાએ પોતાની વર્ષોની મહેનત અને કલાત્મક સર્જનની ચોરી થઈ હોવાનો ગંભીર આક્ષેપ મૂક્યો છે. તેમણે મુંબઈના જાણીતા લેખક-દિગ્દર્શક સુરેશ રાજડા વિરુદ્ધ પોતાના હકોના રક્ષણ માટે અદાલતમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. વર્ષો સુધી સાથે કામ કરી ચૂકેલા બે દિગ્ગજ કલાકારો વચ્ચે સર્જાયેલા આ કાયદાકીય વિવાદથી સમગ્ર કલા જગતમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ૭૫ વર્ષીય વિહંગ મહેતાએ આક્ષેપ કર્યો છે કે ભૂતકાળમાં તેમણે વાચન અને મંચન કરવા માટે પોતાના ૧૮ નાટકોની મૂળ સ્ક્રિપ્ટ સુરેશ રાજડાને આપી હતી. તે સમયે બંને વચ્ચે લેખિત કરાર થયો હતો કે લેખકની પૂર્વ પરવાનગી વગર કોઈ પણ સ્ક્રિપ્ટ ભજવવાની નથી.

### આરોપીઓ ઉત્તર પ્રદેશથી પકડાયા કડક કાર્યવાહી શરૂ

# વરાછા SBI લૂંટનો ભેદ ઉકેલાયો ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં



(એજન્સી) સુરત । તા. 04

ડાયમંડ સિટી સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની શાખામાં ૨૭મી એપ્રિલે થયેલી ૫૨ લાખ રૂપિયાની સનસનીખેજ લૂંટના કેસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ધોળા દિવસે બેંકમાં ઘૂસીને કર્મચારીઓ અને ગ્રાહકોને બાનમાં લઈ લૂંટ ચલાવનારી ટોળકીના બે મુખ્ય આરોપીઓને પોલીસે ઉત્તર પ્રદેશથી ઝડપી લીધા છે. સુરત પોલીસના ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની સચોટ કામગીરીને પગલે આ આખી ઘટનાનો પર્દાફાશ થયો છે. આ લૂંટ બાદ સમગ્ર સુરત શહેરમાં ભય અને ચકચારનો માહોલ ફેલાયો હતો, પરંતુ પોલીસે ગણતરીના દિવસોમાં આ કેસનો ભેદ ઉકેલીને મોટી સફળતા મેળવી છે.

#### ઉત્તર પ્રદેશના અયોધ્યા અને ગોંડાથી ધરપકડ

સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કરીને આરોપીઓનું પગેરું દબાવ્યું હતું. લૂંટની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ સીધા રાજ્ય બહાર ભાગી ગયા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ઉત્તર પ્રદેશમાં સ્થાનિક પોલીસની મદદથી દરોડા પાડીને અયોધ્યા અને ગોંડા વિસ્તારમાંથી બે મુખ્ય આરોપીઓ શુભમ કુમાર ઠાકુર અને વિકાસ સિંઘની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા બંને આરોપીઓને આજે જ ઉત્તર પ્રદેશની સ્થાનિક ગોંડા કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પોલીસ આરોપીઓના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવા માટે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી રહી છે.

#### સુરત લાવીને પૂછપરછ અને રિકવરી કરાશે

ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર થયા બાદ આરોપીઓને સઘન પૂછપરછ માટે સુરત લાવવામાં આવશે. લૂંટાયેલી ૫૨ લાખ રૂપિયાની રકમ રિકવર કરવા માટે આરોપીઓના રિમાન્ડ મેળવી તપાસ આગળ વધારવામાં આવશે. વરાછા જેવા વ્યસ્ત વિસ્તારમાં થયેલી આ લૂંટને સુરત પોલીસ કમિશનરે ગંભીરતાથી લીધી હતી અને ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો આ કેસના ઉકેલ માટે કામે લગાડી હતી. આરોપીઓ સુરત આવ્યા બાદ આ લૂંટમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને હથિયારો ક્યાંથી લાવ્યા હતા તે અંગેના મોટા ખુલાસા થવાની શક્યતા છે. વરાછા વિસ્તારમાં લંબે હનુમાન રોડ પર આવેલી એસબીઆઈ બેંકની શાખામાં હાલ મેટ્રોનું કામ ચાલતું હોવાથી માત્ર ગણતરીના લોકો જ અવરજવર કરતા હતા. ૨૭મી એપ્રિલે બપોરે બે વાગ્યાના અરસામાં પાંચ હિન્દીભાષી યુવાનો બેંકમાં ઘૂસ્યા હતા. આરોપીઓએ પિસ્તોલ બતાવીને બેંકના સ્ટાફ અને ગ્રાહકોને એક તરફ લઈ જઈ બાનમાં લીધા હતા. શરૂઆતમાં કેશિયર પાસેથી ૧૨ લાખ રૂપિયા લૂંટવામાં આવ્યા હતા. એ જ સમયે બેંકમાં કેશ ડિપોઝીટ વેન પૈસા ભરેલું બોક્સ લઈને આવતા લૂંટારુઓએ તે વેનના સ્ટાફને પણ બંધક બનાવી તેમાંથી બીજા ૪૦ લાખ રૂપિયા મળી કુલ ૫૨ લાખની લૂંટ ચલાવી હતી.

### મોબાઈલના યુગમાં મેદાની રમતો તરફ આકર્ષણ વધ્યું, ખો-ખો કબડ્ડી ગિલ્લી-ડંડા જેવી દેશી રમતોથી ગૂંજ્યા મેદાનો

# સુરતમાં શાળાઓના સમર કેમ્પમાં દેશી રમતોની ધૂમ

(એજન્સી) સુરત । તા. 04

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં જ્યાં બાળકોનો મોટાભાગનો સમય સ્માર્ટફોન, વીડિયો ગેમ્સ અને ટીવી સ્ક્રીન સામે પસાર થાય છે, ત્યારે ડાયમંડ સિટી સુરતની શાળાઓએ એક પ્રશંસનીય અને અનોખો નૂતન અભિગમ અપનાવ્યો છે. સુરતની વિવિધ શાળાઓમાં વેકેશન દરમિયાન આયોજિત કરવામાં આવેલા સમર કેમ્પમાં બાળકોને ખો-ખો, કબડ્ડી અને ગિલ્લી-ડંડા જેવી પરંપરાગત ભારતીય દેશી રમતો રમાડવામાં આવી રહી છે. આ અનોખી પહેલ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને આભાસી દુનિયામાંથી બહાર લાવીને મેદાની રમતો તરફ વાળવાનો અને આપણી વિસરાતી જતી સંસ્કૃતિને પુનઃજીવિત કરવાનો છે.



લાંબા સમય સુધી ઘરમાં બેસીને મોબાઈલ ગેમ્સ રમતા બાળકો માટે આ પરંપરાગત રમતો નવી ઊર્જા અને સ્ફૂર્તિ લઈને આવી છે. શાળાના મેદાનમાં દોડવું, ટીમ બનાવીને જીતવાની નવી વ્યૂહરચના ઘડવી અને જોશપૂર્વક સ્પર્ધા કરવી બાળકોને ખૂબ જ પસંદ આવી રહી છે. સુરતની એક ખાનગી સ્કૂલના કેમ્પસ ડિરેક્ટર રમાબહેન ખાતરે આ અંગે જણાવ્યું હતું કે, ડિજિટલ ક્રાંતિ વચ્ચે આપણી વિરાસત સમાન રમતો ક્યાંક ખોવાઈ ગઈ હતી. ખો-ખો અને કબડ્ડી જેવી રમતો બાળકોમાં શારીરિક ચપળતા, સહનશક્તિ અને ટીમ સ્પિરિટના ગુણો વિકસાવે છે. જ્યારે ગિલ્લી-ડંડા જેવી રમતોથી આંખ અને હાથનું સચોટ જોડાણ મજબૂત બને છે. વળી આ રમતો માટે કોઈ મોંઘા સાધનોની જરૂર પડતી ન હોવાથી દરેક વર્ગના બાળકો તેમાં હોંશે-હોંશે ભાગ લઈ રહ્યા છે. સમર કેમ્પમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓમાં આ દેશી રમતો પ્રત્યે એક અલગ જ પ્રકારનો રોમાંચ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેમ્પમાં આવેલા બાળકોનું કહેવું છે કે મોબાઈલ સ્ક્રીન પર ગેમ્સ રમવા કરતાં મેદાનમાં સાચા મિત્રો સાથે દોડવું અને હસવું-રમવું વધુ આનંદદાયક છે. અનેક બાળકો માટે ગિલ્લી-ડંડા જેવી જૂની રમતો તદ્દન નવી અને રસપ્રદ સાબિત થઈ રહી છે. બાળકો હવે સાંજ પડતાં જ મેદાનમાં પહોંચી જાય છે અને પરંપરાગત રમતોની મજા માણે છે. આ પ્રવૃત્તિઓથી બાળકો શારીરિક રીતે વધુ સક્રિય અને તંદુરસ્ત બની રહ્યા છે જે તેમના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

બીજી તરફ બાળકોના માતા-પિતા પણ સુરતની શાળાઓના આ નિર્ણયથી અત્યંત ખુશ અને સંતુષ્ટ જણાતા હતા. વાલીઓનું કહેવું છે કે ઉનાળુ વેકેશન દરમિયાન બાળકો સામાન્ય રીતે આખો દિવસ ઘરમાં બેસીને મોબાઈલ પર ગેમ્સ રમતા હોય છે અથવા ટીવી જોતા હોય છે, જેના કારણે તેમનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બગડે છે.

### વડોદરાના યુવકે લાખો ગુમાવ્યા છે રોકાણના નામે

## સાયબર ફ્રોડનો ભોગ બનતા યુવકે લાખો રૂપિયા ગુમાવ્યા

(એજન્સી) વડોદરા । તા. 04

ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ અને શેરબજારમાં રોકાણના નામે ઊંચા વળતરની લાલચ આપીને નિર્દોષ લોકોને ફસાવતી ટોળકીઓ શહેરમાં સતત સક્રિય બની રહી છે. વડોદરાના બિલ વિસ્તારમાં રહેતા એક ખાનગી કંપનીના કર્મચારીને આવી જ એક સાયબર ગઠિયાઓની ટોળકીએ પોતાનો શિકાર બનાવ્યો છે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) જેવી જાણીતી કંપનીના નામે બોગસ વેબસાઈટ અને ખોટા ડિજિટલ એકાઉન્ટ્સ ઊભા કરીને આ યુવક પાસેથી ૨૬ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. આ ગંભીર બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બિલ વિસ્તારમાં સત્યમ ટેનામેન્ટ ખાતે રહેતા દીપકભાઈ રાજે પોલીસને જણાવ્યું હતું કે, ૧૨ ડિસેમ્બરના રોજ ફેસબુક પર તેમની મુલાકાત બ્રમ્હી કપાસિયા નામની એક યુવતી સાથે થઈ હતી. સામાન્ય વાતચીત બાદ આ યુવતીએ તેમને શેરબજારમાં રોકાણ કરીને ટૂંક સમયમાં અઢળક નફો કમાવવાની લાલચ આપી હતી. ત્યારબાદ આ ઠગ ટોળકીએ તેમને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા, જ્યાં આઈપીઓ (IPO) અને ક્યુ.આઈ.બી સ્ટોક માર્કેટના નામે ખોટી માહિતી આપીને એક નકલી ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. ઓનલાઈન ગઠિયાઓએ દીપકભાઈનો વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં એક સોચી-સમજી રણનીતિ અપનાવી હતી. ૨૨ ડિસેમ્બરના રોજ જ્યારે તેમણે પ્રથમ વખત ૧૦ હજાર રૂપિયા જમા કરાવ્યા, ત્યારે ખાતામાં ૧૧,૯૭૨ રૂપિયાનો નફો બતાવીને તે રકમ તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર પણ કરી આપવામાં આવી હતી. આનાથી યુવકને પૂરો વિશ્વાસ આવી ગયો હતો. ત્યાર પછી તેણે વધુ ૧૨ હજાર રૂપિયા જમા કરાવીને ટ્રેડિંગ ચાલુ રાખ્યું હતું અને ધીમે-ધીમે ટુકડે-ટુકડે કુલ ૨૬ લાખ રૂપિયા જેટલી માતબર રકમ ઠગોના અલગ-અલગ બેંક ખાતામાં જમા કરાવી દીધી હતી.

### દંપતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ

## હરણીમાં હીટ એન્ડ રન થતાં દંપતી ઈજાગ્રસ્ત થયું છે

(એજન્સી) વડોદરા । તા. 04

વડોદરા શહેરમાં વાહનચાલકોની બેદરકારીના કારણે અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. એક તરફ પોલીસ દ્વારા માર્ગ સલામતી અને હેલ્મેટને લઈને કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વધુ એક ગંભીર હીટ એન્ડ રનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બપોરના સમયે પૂરઝડપે આવી રહેલી એક વાનના ચાલકે સ્કૂટર પર જઈ રહેલા દંપતીને જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળી દીધા હતા અને અકસ્માત સર્જીને તે નાસી છૂટ્યો હતો. આ મામલે હરણી પોલીસે ગુનો નોંધીને ફરાર વાનચાલકની શોધખોળ હાથ ધરી છે.

ન્યૂ વીઆઈપી રોડ પર આવેલા સીતારામ નગરના વ્હાઈટ વુડાના મકાન પાસે રહેતા કનુભાઈ મારવાડી ગત ૨ મેના રોજ બપોરના સમયે તેમના પત્ની સાથે સ્કૂટર પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હરણી પોલીસ સ્ટેશન હેઠળના બ્રહ્માનગર નજીકથી પસાર થતી વખતે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ધસી આવેલા એક વાનચાલકે તેમના સ્કૂટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દંપતી રોડ પર ફંગોળાયું હતું અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના બનતા જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત પતિ-પત્નીને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. અકસ્માત સર્જાયા બાદ વાનચાલક માનવતા નેવે મૂકીને પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. આ અંગે હરણી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધીને તપાસનો દોર આગળ ધપાવ્યો છે. પોલીસે અકસ્માત સર્જનાર વાનનો નંબર મેળવવા અને ચાલકની ઓળખ કરવા માટે બ્રહ્માનગર વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. શહેરમાં વધી રહેલા આવા હીટ એન્ડ રનના બનાવોને કારણે સ્થાનિક રહીશોમાં વાહનચાલકો સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. પ્રેમમાં આજે તમારી વિવેકાધીન બુધ્ધિનો ઉપયોગ કરો.

**મિથુન : ક. છ. ઘ.**

આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

**કર્ક : ડ. હ.**

તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો.

**સિંહ : મ. ટ.**

વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. લાંબા-ગાળાના દ્દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**તુલા : ર. ત.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**વૃશ્ચિક : ન. ય.**

ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર : ખ. જ.**

દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થઈ શકો છો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશો દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

## વસ્તી ગણતરી

# જૂનાગઢ મનપાની વસ્તી ગણતરીમાં મોટી બેદરકારી

જૂનાગઢ

આગામી 2026ની વસ્તી ગણતરીને લઈને જૂનાગઢ મહાનગરપાલિકાની કામગીરી પર શરૂઆતથી જ સવાલો ઊભા થયા છે. વસ્તી ગણતરી કચેરીના નાયબ નિયામક દ્વારા જારી કરાયેલા પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ મહત્વપૂર્ણ કામગીરી માટે માત્ર સરકારી કર્મચારીઓને જ નિયુક્ત કરવાના રહેશે. છતાં, મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા બહાર પાડવામાં આવેલા ગણતરીદાર અને સુપરવાઈઝર નિમણૂકના આદેશમાં અનેક ખાનગી શાળાના શિક્ષકોને પણ સામેલ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. આ નિર્ણયને લઈને તંત્રની કામગીરી પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભા થયા છે. ખાનગી ક્ષેત્રમાં કાર્યરત શિક્ષકો ગમે ત્યારે નોકરી છોડી શકે છે અથવા તેમની કામગીરી પર તંત્રનું સીધું નિયંત્રણ ન હોવાથી વસ્તી ગણતરી જેવી સંવેદનશીલ પ્રક્રિયામાં ગડબડ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિમાં જો કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ ન થાય તો તેની જવાબદારી કોણ લેશે એવો સવાલ પણ ઉઠી રહ્યો છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આ મુદ્દે તંત્રની ભૂલને ઉજાગર કરતાં જણાવ્યું હતું કે શરૂઆતના તબક્કામાં જ આ પ્રકારની બેદરકારી સામે આવી રહી છે તો સમગ્ર વસ્તી ગણતરી પ્રક્રિયા નિર્વિઘ્ન અને પારદર્શક રીતે પૂર્ણ થશે કે નહીં તે અંગે શંકા વ્યક્ત થાય છે. તેમણે તાત્કાલિક આદેશમાં સુધારો કરી નિયમ મુજબ માત્ર સરકારી કર્મચારીઓની જ નિમણૂક કરવાની માંગ પણ ઉઠાવી છે. આ ઘટનાએ તંત્રની તૈયારી અને આયોજન અંગે ગંભીર ચર્ચા જગાવી છે અને હવે જોવાનું રહેશે કે મહાનગરપાલિકા આ મુદ્દે શું સ્પષ્ટતા કરે છે અને સુધારાત્મક પગલાં લે છે કે નહીં.

# ભાવનગરના સિહોરમાં ગોળીની જેમ છૂટેલી કારે 6ને અડફેટે લીધા

## ઓરા કારચાલકે પૂરપાટ ઝડપે બાઈકને ફંગોળ્યું, મહિલા સહિત 6 લોકો ઈજાગ્રસ્ત

ભાવનગર

ભાવનગરના સિહોરના કે.ડી. રાઠોડ દવાખાના પાસે ગત 3 મેના રોજ બપોરના સમયે પૂરઝડપે આવતી એક ઓરા કારના ચાલકે રોડ પર જઈ રહેલા મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મહિલા સહિત કુલ 6 લોકો લોહીલુહાણ થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવ્યા છે. સિહોરના ગુંદાળા રામનગર વિસ્તારમાં રહેતા 24 વર્ષીય વિશાલભાઈ ધીરૂભાઈ ગોહિલ ભાવનગરથી કામ પતાવી સિહોર આવ્યા હતા. તેમનો પિતરાઈ ભાઈ રાહુલ મોટરસાયકલ લઈને તેમને તેડવા આવ્યો હતો. બપોરે આશરે દોઢ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ ઘરે જઈ રહ્યા હતા, ત્યારે ડો. કે.ડી. રાઠોડના દવાખાના સામે



પાછળથી આવતી ઓરા કારના ચાલકે તેમની મોટરસાયકલને અડફેટે લીધી હતી.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે વિશાલભાઈ, રાહુલ અને



અન્ય એક મહિલા સહિત કુલ 6 વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સિહોર હોસ્પિટલ પહોંચાડ્યા હતા, જ્યાંથી પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ભાવનગરની સરકારી હોસ્પિટલ (સર ટી હોસ્પિટલ) ખાતે ખસેડવામાં આવ્યા છે. સિહોર પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક જાહિદભાઈ હુસેનભાઈ સોરઠીયા (રહે. સિહોર) વિરુદ્ધ વિશાલભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ BNS એક્ટની કલમ 281, 125(a), 125(b) તેમજ મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં સ્માર્ટ વેટલેન્ડ સિસ્ટમથી વીજળીના ઉપયોગ વગર ગંદાપાણીનો થઇ રહ્યો છે નિકાલ

ભાવનગર

શહેરી વિસ્તારોમાં વધતા ગંદા પાણી અને ઘટતા કુદરતી સંસાધનો વચ્ચે હવે એક નવી અને ઈકો ફ્રેન્ડલી ટેકનોલોજી આશાનું કિરણ બની છે. ભાવનગરની વિશ્વવિખ્યાત સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિકસાવવામાં આવેલી "સ્માર્ટ વેટલેન્ડ સિસ્ટમ" શહેરી ગંદા પાણીના શુદ્ધિકરણ માટે એક અસરકારક અને ઓછી ખર્ચવાળી પદ્ધતિ તરીકે સામે આવી છે. આ સિસ્ટમ કુદરતી પ્રક્રિયાની નકલ કરીને પાણી શુદ્ધ કરે છે અને સાથે હરિયાળી તથા પર્યાવરણ સંતુલન જાળવવામાં મદદરૂપ બને છે. ખાસ તો આ ટેક્નોલોજીમાં વીજળીનો ઉપયોગ થતો નથી અને ઈકો ફ્રેન્ડલી છે આ ટેકનોલોજી ભાવનગરમાં એક વર્ષથી કાર્યરત છે બાદમાં અમદાવાદ અને હવે ગત 26 માર્ચે ટેકનોલોજીનું જ્ઞાન નાગપુર સ્થિત 'ઈકોલોજિક સાયન્સ ટેકનિક પ્રાઈવેટ લિમિટેડ'ને ટ્રાન્સફર કરાઈ છે. જેથી તેનું વ્યાપક ઉપયોગ થઈ શકે. આ ટેકનોલોજી સમગ્ર ભારત માટે પર્યાવરણને નુકશાન ન થાય એવી રીતે ગંદા પાણીના નિકાલમાં ગેઈમ ચેન્જર સાબિત થઈ શકે છે. સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CSMCRI), ભાવનગર દ્વારા વિકસાવાયેલ આ નવીન હેલોફાઈટ આધારિત ઈલેક્ટ્રોએક્ટિવ વેટલેન્ડ સિસ્ટમ વિવિધ પ્રકારના ગંદા પાણી–જેમ કે ગટરનું પાણી, ખારાશવાળું પાણી, ઔદ્યોગિક પ્રવાહ અને વરસાદી પાણીના શુદ્ધિકરણ માટે ઉપયોગી સાબિત થઈ રહી છે.

# આડોડિયાવાસમાં રહેતી મહિલા બુટલેગરના છાપરામાંથી દેશી - ઈંગ્લિશદારૂ સહિતનો મુદ્દામાલ ઝડપાયો

## ઘોઘારોડ પોલીસે દેશી દારૂ, ઈંગ્લિશ દારૂ, સ્કૂટર તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા 49,350નો મુદ્દામાલ કબ્જે કર્યો

ભાવનગર

ભાવનગર શહેરના ઘોઘારોડ પોલીસ સ્ટેશનના જવાનોએ દારૂબંધીના કડક અમલીકરણના ભાગરૂપે આડોડિયાવાસ વિસ્તારમાં દરોડો પાડી એક મહિલા બુટલેગરને વિદેશી અને દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી છે. પોલીસે આ કાર્યવાહીમાં વાહન અને રોકડ રકમ સહિત કુલ 49,350નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઘોઘારોડ પોલીસ મથક દ્વારા મળેલી માહિતી અનુસાર, પોલીસ જવાનો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે આડોડિયાવાસમાં રહેતી ચેતના શૈલેષભાઈ ઈન્દ્રેકર (ઉંમર વર્ષ 39) ના છાપરામાં તપાસ હાથ ધરી હતી. પોલીસની આ રેડ દરમિયાન મહિલાના રહેણાંક સ્થળેથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

# જામનગરના પટેલ કોલોની એપાર્ટમેન્ટમાં આગ

જામનગર : જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલા વ્રજમંગલ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ઈલેક્ટ્રિક મીટર બોક્સમાં આગ લાગી હતી. આ ઘટના શેરી નંબર 12 માં બની હતી, જેના કારણે એપાર્ટમેન્ટના રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ટાંગેલા વીજ મીટરોમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ કારણોસર અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. આગ એપાર્ટમેન્ટના નીચેના ભાગમાં લાગી હોવાથી ઉપરના માળે રહેતા પરિવારોમાં ગભરાટ ફેલાયો હતો. લોકો પોતાનો જીવ બચાવવા માટે તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા.

# નારીગામ નજીકથી એમ્બ્યુલન્સમાંથી 9 લાખનો દારુ મળી આવ્યો ,ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો

ભાવનગર

ભાવનગર વરતેજ પોલીસે બાતમીના આધારે નારીગામ નજીક પેટ્રોલિંગ દરમ્યાન પસાર થતી અર્ટીગા એમ્બ્યુલન્સ કારને રોકી તપાસ કરતા એમ્બ્યુલન્સ માંથી ગેરકાયદે ઘુસાડવામાં આવતો ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. પોલીસે કુલ રૂ. 14.68 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે પૂછપરછમાં દારૂના સપ્લાય અને વેચાણ સાથે સંકળાયેલા અન્ય શખ્સોના નામ પણ બહાર આવતા આ ઘટનાને પગલે વરતેજ પોલીસે કુલ 4 શખ્સો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, ગતરોજ ભાવનગર વરતેજ પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ભાવનગર અમદાવાદ હાઈવે પર આવેલ નારીગામ નજીક રોડ પરથી પસાર થઈ રહેલ (એમ્બ્યુલન્સ)



મારુતિ સુઝુકીની અરટીંગા કાર નં.RJ-13-PA-9314 ને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એમ્બ્યુલન્સ માંથી ગેરકાયદે ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેમાં કુલ 3071 નંગ (ચપટા) નાની બોટલો કિંમત રૂ. 9,58,464 ઉપરાંત બે મોબાઈલ ફોન રૂ. 10,000 અને કાર કિંમત રૂ. 5,00,000 મળી કુલ રૂ. 14,68,464 નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી વિકાસ હવાસિંગ અંતિલ ઉ.વ 34 (રહે. અસાવલપુર, હરિયાણા) અને વિશાલ સુરેન્દ્રપાલ પહેલ/જાટ ઉ.વ 26 (રહે. જીંદ, હરિયાણા)ને ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી હતી.

ઉક્ત બનાવના પગલે પોલીસની રેડ દરમિયાન એમ્બ્યુન્સ કારમાંથી ગુજરાત (GJ-33-T-4706) તેમજ રાજેસ્થાન (RJ-13-PA-9314) રાજ્યની બે અલગ- અલગ નંબર પ્લેટ મળી આવી હતી.જે નંબર પ્લેટ તેમજ દારૂના જથ્થા અંગે પકડાયેલા બન્ને શખ્સોની પૂછપરછ કરતા વિશાલે જણાવ્યું હતું કે, સોનીપત હરિયાણાના રહેવાસી અજયકુમારે દારૂનો જથ્થો અર્ટિગા એમ્બ્યુલન્સ કાર આપી અને ભાવનગર મહેશ ઉર્ફે મયલો ધરમશીભાઈ પરમાર ને દારૂનો જથ્થો આપવાનો છે તેમજ પોલીસથી બચવા એમ્બ્યુલન્સ કાર બનાવી છે અને પોલીસથી બચવા RJ-13-PA-9314 ખોટી નંબર પ્લેટ લગાવાઈ હતી અને ગુજરાત બોર્ડર પહોંચતા જ ગુજરાત (GJ-33-T-4706) નંબર પ્લેટ લગાવી દેવાની સૂચના અપાઈ હતી.

# 'જેને ઉંદરડામાંથી દીપડો બનાવ્યો હતો, તેને ફરી ઉંદરડો બનાવી દીધો'

જૂનાગઢમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને કણજા જિલ્લા પંચાયતની બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રવીણ ચાવડાની શાનદાર જીત બાદ રાજકીય સમીકરણો બદલાયા છે. આ જીતની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે 2 મેના ખોરાસા ખાતે આવેલી દ્વારકેશ મીલ પર પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાની એક શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. આ કાર્યક્રમ દરમિયાન જવાહર ચાવડાએ સંબોધનમાં કહ્યું કે, 'જેને ઉંદરડામાંથી દીપડો બનાવ્યો હતો, તેને ફરી ઉંદરડો બનાવી દીધો'. આ વાયરલ વીડિયોમાં તેઓ કોઈ પણ વ્યક્તિનું નામ લીધા વગર તેના વિરોધીઓ પર કટાક્ષ કરી રહ્યા છે અને મતદારોનો આભાર માની રહ્યા છે. જૂનાગઢની કણજા બેઠકના પરિણામો બાદ યોજાયેલી આ સભામાં અંદાજે 1500થી વધુ લોકોનો જમાવડો જોવા મળ્યો હતો.

# જામનગર ધોરણ 12 પરિણામ જાહેર: સામાન્ય પ્રવાહ 92.99%, વિજ્ઞાન 89.90%

## મોદી સ્કૂલના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન, ગુજકેટમાં બે ટોપર

જામનગર

જામનગર જિલ્લામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં 92.99 ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં 89.90 ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

સામાન્ય પ્રવાહમાં કુલ 8200 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 8000 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પૈકી 7415 વિદ્યાર્થીઓ સફળ રહ્યા, જ્યારે 585 વિદ્યાર્થીઓ નાપાસ થયા.

ગ્રેડ મુજબ પરિણામ જોઈએ તો, A-1 ગ્રેડમાં 241 વિદ્યાર્થીઓ, A-2 ગ્રેડમાં 118, B-1 ગ્રેડમાં 886, B-2 ગ્રેડમાં 216, C-1 ગ્રેડમાં 164, C-2 ગ્રેડમાં 1009, D ગ્રેડમાં 105 અને E ગ્રેડમાં 13 વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. વિજ્ઞાન પ્રવાહમાં કુલ 1837 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 1822 વિદ્યાર્થીઓએ પરીક્ષા




આપી હતી. આ પ્રવાહમાં 193 વિદ્યાર્થીઓ નાપાસ થયા, જ્યારે 1629 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા.

વિજ્ઞાન પ્રવાહના ગ્રેડ મુજબ, A-1 ગ્રેડમાં 29 વિદ્યાર્થીઓ, A-2 ગ્રેડમાં 599, B-1 ગ્રેડમાં 436, B-2 ગ્રેડમાં 382, C-1 ગ્રેડમાં 189 અને C-2 ગ્રેડમાં 25 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં નોંધાયેલા કુલ 29 A-1 ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓમાંથી, જામનગરની મોદી સ્કૂલના 12 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગુજરાત બોર્ડના ટોપ 10 માં મોદી સ્કૂલના ત્રણ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે. ગુજકેટની પરીક્ષામાં 120 માંથી 120 ગુણ મેળવનાર બે વિદ્યાર્થીઓ પણ મોદી સ્કૂલના છે, જેમણે સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# જામનગર કોર્ટનો પોરબંદરના ગોસાબારા RDX લેન્ડિંગ કેસમાં ચુકાદો

જામનગર

વર્ષો જૂના અને દેશભરમાં ચર્ચિત પોરબંદરના ગોસાબારા RDX લેન્ડિંગ કેસમાં જામનગરની સ્પેશિયલ કોર્ટે આજે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. 1993ના મુંબઈ સીરિયલ બોમ્બ બ્લાસ્ટ સાથે સીધો સંબંધ ધરાવતા આ કેસમાં કોર્ટે કુલ 12 આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. આ ચુકાદાને આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં એક કડક અને સ્પષ્ટ સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે.

આ કેસ પોરબંદરના ગોસાબારા દરિયા કિનારે ગેરકાયદેસર રીતે ઉતારવામાં આવેલા RDX અને હથિયારોના જથ્થા સાથે સંકળાયેલો છે. તપાસ મુજબ, અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને મુસ્તફા ડોસા દ્વારા મોકલવામાં આવેલી વિસ્ફોટક સામગ્રી આ માર્ગે જ ભારતમાં પ્રવેશી હતી.

આ જ RDXનો ઉપયોગ બાદમાં મુંબઈમાં થયેલા ભયાનક બોમ્બ બ્લાસ્ટમાં કરવામાં આવ્યો હતો.

કેસની સુનાવણી દરમિયાન 29 આરોપીઓ સામે લાંબા સમય સુધી કાનૂની કાર્યવાહી ચાલી હતી. અંતિમ તબક્કે 15 આરોપીઓ સામે ચુકાદો આવવાનો હતો, જેમાંથી કોર્ટે 12ને તકસીરવાન ઠેરવ્યા છે. આ કેસમાં દાઉદ ઈબ્રાહિમ અને અન્ય મુખ્ય સૂત્રધારો સામે મજબૂત કડીઓ મળી હતી.




આ ઐતિહાસિક ચુકાદાથી જામનગર અને સમગ્ર ગુજરાતમાં સુરક્ષા એજન્સીઓ અને કાયદાકીય વર્તુળોમાં ભારે હલચલ જોવા મળી રહી છે.

દાયકાઓ જૂના આ કેસમાં ન્યાય મળતા આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ તત્વો માટે આ એક મોટો લપડાક સમાન છે.

# જૂનાગઢમાં લગ્નના ફુલેકા પૂર્વે બ્રેન સ્ટ્રોક આવતા જ યુવક ઢળી પડ્યો

જૂનાગઢ

જૂનાગઢના એક અત્યંત લોકપ્રિય અને આશાસ્પદ યુવા અશ્વપાલક કરણ પરમારનું લગ્નના વરઘોડાની તૈયારી દરમિયાન હૃદયદ્રાવક મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે.

આ કરુણ ઘટના બની જ્યારે યુવાન વરરાજાના ફુલેકા માટે પોતાની ઘોડીને તૈયાર કરી રહ્યો હતો. ઘોડી નચાવતી વખતે તે અચાનક ઢળી પડ્યો હતો, ત્યારબાદ તેને હોસ્પિટલ લઈ જતા ડોક્ટરે તેનું બ્રેન સ્ટ્રોકથી મોત જાહેર કર્યું હતું.

હસતા-રમતા અને કાર્યરત યુવાનના અચાનક નિધનથી પરિવાર સહિત સમગ્ર અશ્વપાલક આલમમાં ગમગીની વ્યાપી ગઈ છે. એકના એક દીકરાના મૃત્યુથી પરિવાર પર આભ ફાટી પડ્યું છે. જૂનાગઢ શહેર અને પંથકમાં પશુપ્રેમીઓ અને ખાસ કરીને અશ્વપાલકોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

કરણ પરમાર નામનો યુવાન વરરાજાને બેસાડવા માટે ઘોડીને તૈયાર કરી રહ્યો હતો અને ફુલેકાની તૈયારીઓમાં વ્યસ્ત હતો. વીડિયોમાં જોઈ શકાય છે તે મુજબ, કરણ પોતાની પ્રિય ઘોડીને દોરીને નચાવતો હતો ત્યારે જ તેને અચાનક બ્રેન સ્ટ્રોક આવ્યો હતો.

# સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામીના નિવેદન બાદ ઈન્દ્રભારતીએ કહ્યું- 'આમને કોઈ બુદ્ધિ જેવું છે કે નહીં?'

જૂનાગઢ

સ્વામિનારાયણ સંપ્રદાયના એક સ્વામીના વાયરલ થઈ રહેલા વીડિયોને લઈ વધુ એક વિવાદ સર્જાયો છે. ગણપતિ અને ઘનશ્યામ મહારાજ માસિયાઈ ભાઈ હોવાનો દાવો કરતા જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુએ નારાજગી વ્યકત કરી છે. તેમણે કહ્યું કે, ઘનશ્યામ મહારાજ 200 વર્ષથી છે જ્યારે ગણપતિ તો અનાદિકાળથી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના એક સ્વામીનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે કહી રહ્યા છે કે, દક્ષ પ્રજાપતિની 13 દીકરીઓના લગ્ન ધર્મદેવ સાથે થયા હતા અને એક પુત્રીના લગ્ન ભગવાન ભોળાનાથ સાથે થયા હતા.

આ તર્કના આધારે તેમણે દાવો કર્યો કે, ભક્તિ દેવી અને માતા ભવાની સગી બહેનો થાય. જો તેઓ સગી બહેનો હોય



તો તેમના સંતાનો એટલે કે ગણપતિ મહારાજ અને ઘનશ્યામ મહારાજ બંને સગા માસિયાઈ ભાઈઓ ગણાય.

આ નિવેદનની જાણ થતા જ જૂનાગઢના ભવનાથ ક્ષેત્રના અગ્રણી સંત અને રુદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુએ આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. તેમણે સ્વામિનારાયણ સંતની બુદ્ધિ પર સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે આ પ્રકારના નિવેદનો પાયાવિહોણા અને શાસ્ત્ર વિરુદ્ધના છે.

ઈન્દ્રભારતીએ રોષ વ્યક્ત કરતા કહ્યું કે, ભગવાન ગણપતિ તો અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવે છે.

જ્યારે ભગવાન ભોળાનાથના લગ્ન થયા ત્યારે પણ ગણપતિજી ત્યાં હાજર હતા, તેવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. બીજી તરફ ઘનશ્યામ મહારાજ એટલે કે સ્વામિનારાયણ ભગવાનના પ્રાદુર્ભાવને હજુ માંડ 200-250 વર્ષ જેટલો સમય થયો છે. આવી સ્થિતિમાં અનાદિ દેવને અર્વાચીન સમયના સંત સાથે માસિયાઈ ભાઈ તરીકે સરખાવવા તે અજ્ઞાનતાની પરાકાષ્ઠા છે.

ઈન્દ્રભારતી બાપુએ વધુમાં ઉમેર્યું કે આવા લોકો ક્યાંથી આવા તર્ક શોધી લાવે છે તે સમજવું મુશ્કેલ છે.

તેમણે અત્યંત આક્રોશ સાથે કહ્યું કે આવા પાયાવિહોણા નિવેદનો સાંભળીને મર્યાદા ભૂલી જવાય તેવી સ્થિતિ પેદા થાય છે. સનાતન ધર્મના મૂળભૂત પાયા અને દેવી-દેવતાઓના સ્વરૂપ સાથે છેડછાડ કરવી એ અક્ષમ્ય અપરાધ સમાન છે. હાલમાં આ મુદ્દો સમગ્ર ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને સોશિયલ મીડિયા પર લોકો સ્વામિનારાયણ સંપ્રદાયના તે સંત પાસે માફીની માંગ કરી રહ્યા છે.

સાધુ સમાજમાં એવી પણ ચર્ચા છે કે જો સમયાંતરે આવા નિવેદનો અટકાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સનાતન ધર્મના સંતો દ્વારા ઉગ્ર આંદોલન અથવા કાયદાકીય પગલાં પણ લેવામાં આવી શકે છે.

### ભારતીય બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- ગ્લોબલ નબળાઈનો પ્રભાવ જોવાયો

મુંબઈ : આ સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારમાં ભારે વોલેટિલિટી જોવા મળી, જેમાં શરૂઆત બુલિશ ટ્રેન્ડ સાથે થઈ પરંતુ ગુરુવારે ગ્લોબલ સંકેતો, એફઆઈઆઈ પ્રવૃત્તિ અને કોમોડિટી મૂવમેન્ટ બજારની દિશા નક્કી કરનાર મુખ્ય પરિબળ રહ્યા.

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ અંતની સમજૂતી હોર્મુઝ પર અંકુશ મામલે ઘોંચમાં પડતાં અનિશ્ચિતતાએ વૈશ્વિક ઓઈલ પુરવઠો ખોરવાઈ રહ્યાનાં અને સંકટ ઘેરાઈ રહ્યાના સંકેત જોવા મળ્યાં તેમજ ભારતની ઓઈલની આયાત મોંઘી બનવાની સાથે અમેરિકી ડોલર સામે રૂપિયો નબળો પડતાં નેગેટીવ પરિબળોએ ફંડોને સાવચેતી વર્તવા ખરીદીને બ્રેક લગાવી હતી.

મિત્રો, વૈશ્વિક સંકટ વચ્ચે કોર્પોરેટ વિશ્વનો વેપાર ખોરવાઈ રહ્યો હોઈ ઘણી કંપનીઓને લોનમાં ડિફોલ્ટ




થવાના જોખમી એંધાણ વર્તાઈ રહ્યાં છે અને આ કારણે બેંકોનું માર્જિન ભીંસમાં આવવાના પરિબળે ફોરેન ફંડોએ બેંકિંગ શેરોમાં મોટું હેમરિંગ કરતાં કડાકો બોલાયો હતો.

ઈરાન ટૂંક સમયમાં પડી ભાંગશે એવા ટ્રમ્પના દાવા સાથે ઈરાન અને અમેરિકા વચ્ચે હોર્મુઝ મામલે હજુ મડાગાંઠ નહીં ઉકેલાતાં અને બીજી તરફ ઓઈલ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેકમાં તડાં પડી યુ.એ.ઈ. આ સંગઠનમાંથી બહાર થતાં આંતરરાષ્ટ્રીય મોરચે ઓઈલ પુરવઠા પર પોઝિટીવ અસરની અપેક્ષા છતાં ક્રુડ ઓઈલના ભાવોમાં વધારો જોવા મળ્યો હતો.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આગેવાનીમાં ફંડોની સતત ખરીદી સાથે આઈટીસી સહિત એફએમસીજી શેરોમાં તેજી થઈ હતી. મારૂતી સુઝુકીના ત્રિમાસિક પરિણામમાં નફો ઘટયા છતાં વેચાણમાં વૃદ્ધિ અને સારા ડિવિડન્ડ વળતરે ઓટો શેરોમાં ફંડોની તેજી અને આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈનો હાઉ ઘટતાં એઆઈ શેરોમાં વૈશ્વિક નરમાઈની પોઝિટીવ અસરે આઈટી શેરોમાં દરેક ઘટાડે ફંડો લેવાલ રહ્યા હતા.

અમેરિકા-ઈરાન વચ્ચે વધતો તણાવ : ભૂ-રાજકીય મોરચે પરિસ્થિતિ વણસી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તામાં પડેલા ગતિરોધને કારણે રોકાણકારોમાં ચિંતા વધી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી નાકાબંધી ઉર્જા સંકટને વધુ ઘેરું બનાવી રહી છે.

સેક્ટરવાઈઝ મૂવમેન્ટ- બેંકિંગ અને ફાઈનાન્સ સેક્ટરમાં શરૂઆતમાં વેચવાલી બાદ અંતે મર્યાદિત રિકવરી જોવા મળી. આઈટી સેક્ટર ગ્લોબલ નબળાઈના કારણે દબાણ હેઠળ રહ્યો, જો કે કેટલાક સ્ટોક્સમાં રિકવરી નોંધાઈ. મેટલ સેક્ટરમાં વૈશ્વિક માંગની ચિંતા કારણે ઘટાડો રહ્યો. ઓટોમોબાઈલ સેક્ટરમાં મિક્સ્ડ ટ્રેન્ડ જોવા મળ્યો. એફએમસીજી અને ફાર્મા સેક્ટર ડિફેન્સિવ તરીકે સ્થિર રહ્યા. કેપિટલ ગુડ્સ અને પાવર સેક્ટરમાં વેચવાલી નોંધાયું. ડીઆઈઆઈ દ્વારા સતત ખરીદી બજાર માટે મુખ્ય સપોર્ટ બની. ટેકનિકલ સપોર્ટ લેવલ નજીક ખરીદી જોવા મળતા બજારને તળિયે મજબૂતી મળી.

## એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ નિફ્ટી કેપિટલ માર્કેટ્સ ઇન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

મુંબઈ : ભારતની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે તેની નવા ફંડ ઓફરિંગ એક્સિસ નિફ્ટી કેપિટલ માર્કેટ્સ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એક ઓપન-એન્ડેડ ઈન્ડેક્સ ફંડ છે, જે નિફ્ટી કેપિટલ માર્કેટ્સ ટોટલ રિટર્ન ઈન્ડેક્સ (ટીઆરઆઈ)ને ટ્રેક કરવા માટે બનાવવામાં આવ્યું છે અને રોકાણકારોને ભારતના ઝડપી ગતિએ વિકસતી કેપિટલ માર્કેટ્સ ઈકોસિસ્ટમમાં ટાર્ગેટેડ એક્સ્પોઝર પ્રદાન કરે છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 4 મે, 2026થી શરૂ થશે અને 15 મે, 2026એ બંધ થશે. આ ફંડનો હેતુ ખર્ચ પહેલાં, ટ્રેકિંગ એરરને આધિન રહીને, નિફ્ટી કેપિટલ માર્કેટ્સ ટીઆરઆઈના પ્રદર્શનને નજીકથી અનુરૂપ વળતર આપવાનો છે. છેલ્લા દાયકામાં ભારતના કેપિટલ માર્કેટ્સમાં માળખાકીય પરિવર્તન થયું છે, જે બચતના નાણાંકીયકરણમાં વધારો, મજબૂત ઘરેલું ભાગીદારી અને ઝડપી ડિજિટાઈઝેશનથી પ્રેરિત છે. આગામી દાયકામાં ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે વધતી ઘરેલુ આવક અને ઔપચારિકીકરણ નાણાંકીય બચતના સ્ત્રોતને વિસ્તારી રહ્યા છે. રિટેલ રોકાણકારોની વધતી ભાગીદારી, ડિમેટ ખાતાઓમાં ઝડપી વધારો અને મ્યુચ્યુઅલ ફંડમાં વધતી સ્વીકાર્યતાએ બજારની ઊંડાઈ અને સ્થિરતા મજબૂત બનાવી છે, જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ્સે વિવિધ વિસ્તારોમાં ભાગીદારી માટેની અડચણોને નોંધપાત્ર રીતે ઘટાડીને સરળતા ઊભી કરી છે.આ ગતિ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં પણ સ્પષ્ટ જોવા મળે છે. માર્ચ 2026 સુધીમાં સરેરાશ એસેટ્સ અંડર મેનેજમેન્ટ લગભગ રૂ. 79 લાખ કરોડ જેટલી છે, જેને રેકોર્ડ સ્તરના સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્રવાહોથી ટેકો મળ્યો છે. તેમ છતાં, મ્યુચ્યુઅલ ફંડની પહોંચ હજુ મર્યાદિત છે, કારણ કે ભારતમાં એયુએમથી જીડીપી રેશિયો 20 ટકા કરતા ઓછો છે, જે વૈશ્વિક સરેરાશ કરતાં ઘણું ઓછો છે. આથી વૃદ્ધિ માટે મોટી સંભાવના દેખાય છે. આ પરિસ્થિતિમાં, નિફ્ટી કેપિટલ માર્કેટ્સ ઈન્ડેક્સ નાણાંકીય બજાર ઈકોસિસ્ટમના મુખ્ય ક્ષેત્રો જેમ કે એક્સચેન્જીસ, એસેટ મેનેજર્સ, બ્રોકરેજ અને ડિપોઝિટરીઝને આવરી લે છે અને રોકાણકારોને ભારતના કેપિટલ માર્કેટ્સની લાંબા ગાળાની વૃદ્ધિમાં પારદર્શક રીતે ભાગ લેવાનો માર્ગ આપે છે.

## News Brief

### ડાબર રીયલ દ્વારા પ્રિઝર્વેટિવ્સ મુક્ત ફ્રૂટ બેવરેજીસની શ્રેણી રજૂ, બાળકોની જીદ્દી ખાવાની આદતોનો હવે સ્વાદિષ્ટ ઉકેલ




અમદાવાદ : ભારતની નંબર 1 જ્યુસ અને નેક્ટર બ્રાન્ડ 'રીયલ' (Real), તેના રીયલ નેક્ટર્સની શ્રેણી દ્વારા બાળકો માટે ફળોનું પોષણ સુનિશ્ચિત કરવાના પોતાના સંકલ્પને વધુ મજબૂત બનાવી રહી છે. આ શ્રેણી ફળોના અદ્દભુત સ્વાદ અને કોઈપણ ઉમેરેલા પ્રિઝર્વેટિવ્સ વિના ઉપલબ્ધ છે. આજના સમયમાં પરિવારો જ્યારે વધુ પારદર્શક અને પૌષ્ટિક વિકલ્પો શોધી રહ્યા છે ત્યારે રીયલ ફ્રૂટ બેવરેજીસ ખાવા-પીવામાં આનાકાની કરતા બાળકો માટે એક ઉત્તમ સાથી સાબિત થાય છે. બ્રેકફાસ્ટ, ટિફિન કે રમતગમત પછી જેવા વિવિધ સમયે રીયલ ફ્રૂટ જ્યુસ બાળકોને દિવસભર ઊર્જાવાન રાખવા જરુરી ફળ-આધારિત પોષણ પૂરું પાડવાની અનુકૂળ રીત પ્રદાન કરે છે. રીયલ બાળકો માટે વિશાળ શ્રેણી ઓફર કરે છે, જેમાં 9 ફળોની શક્તિ ધરાવતું રીયલ મિક્સ્ડ ફ્રૂટ, તેમજ રીયલ પ્રોમેગ્રેનેટ (દાડમ) અને રીયલ ઓરેન્જ (નારંગી) વેરિઅન્ટ્સનો સમાવેશ થાય છે, જે અનુક્રમે 6 દાડમ અને 6 નારંગીના ગુણો પૂરા પાડે છે. ગુણવત્તા પ્રત્યેની આ સ્પષ્ટ પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરે છે કે અત્યંત જીદ્દી બાળકોને પણ કોઈપણ વધારાના પ્રિઝર્વેટિવ્સ વિના સ્વાદિષ્ટ ફળોનું પોષણ મળે. ડાબર ઈન્ડિયા લિમિટેડના ફૂડ્સ એન્ડ બેવરેજીસ માર્કેટિંગ વિભાગના જી.એમ. સુશ્રી મોનીષા પ્રાશરે જણાવ્યું કે, રીયલ નેક્ટર્સનો આ 'લિપ-સ્મેકિંગ' (મોઢામાં પાણી લાવી દે તેવો) સ્વાદ વિશ્વભરના શ્રેષ્ઠ બગીચાઓમાંથી ઉચ્ચ ગુણવત્તાવાળા ફળોની પસંદગીનું પરિણામ છે.

### શેરબજારમાં હરિયાળી, સેન્સેક્સમાં 350 પોઈન્ટની તેજી

# નિફ્ટીમાં 100 પોઇન્ટનો ઉછાળો, મારુતિ-અદાણી પોર્ટ્સના શેરમાં 4% સુધીનો ઉછાળો


મુંબઈ : દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો વચ્ચે આજે, 4 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 350 પોઈન્ટની તેજી સાથે 77,200 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ 100 પોઈન્ટની તેજી સાથે 24,100ની સપાટીએ પહોંચી ગયો છે.

આજના કારોબારમાં નિફ્ટી રિયલ્ટી સૌથી વધુ ખરીદી છે, જ્યારે નિફ્ટી આઈટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે.

આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પ્રારંભિક વલણો બજાર માટે સૌથી મોટો ટ્રિગર સાબિત થયા છે. બજાર સામાન્ય રીતે રાજકીય સ્થિરતા અને સ્પષ્ટ જનાદેશને સકારાત્મક રીતે લે છે.

અમેરિકી બજારોમાં આવેલી તેજી, ખાસ કરીને S&P 500 ના રેકોર્ડ સ્તરે પહોંચવા અને ટેક શેરોમાં ઉછાળાએ ભારતીય બજારના સેન્ટિમેન્ટને મજબૂત બનાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલની




કિંમતોમાં આવેલો ઘટાડો ભારત જેવા મોટા તેલ આયાતકાર દેશ માટે રાહતના સમાચાર છે. આનાથી મોંઘવારી ઘટવાની આશા જાગે છે, જેની સીધી અસર બજાર પર જોવા મળે છે.

હિન્દુસ્તાન યુનિલિવરના બહેતર સેલ્સ વોલ્યુમ અને અન્ય મોટી કંપનીઓના ચોથા ક્વાર્ટર (Q4)ના પરિણામોએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે. આ જ કારણ છે કે મારુતિ અને HUL જેવા શેરોમાં 4% સુધીનો ઉછાળો જોવા મળ્યો છે.

પાછલા સત્રોમાં ઘટાડા પછી આજે બજારમાં 'શોર્ટ કવરિંગ' જોવા મળી રહ્યું છે. ટેકનિકલ રીતે પણ નિફ્ટીએ તેના સપોર્ટ લેવલ (24,000ની આસપાસ) થી સારી રિકવરી દર્શાવી છે.

ગ્રામીણ માંગમાં સુધારાની અપેક્ષા અને બજાજ ઓટો જેવા શેરોમાં બાયબેકની ચર્ચાઓથી ઓટો અને કન્ઝમ્પશન સેક્ટરમાં તેજી જોવા મળી રહી છે.

ગુરુવારે, 30 એપ્રિલે ,સેન્સેક્સમાં 583 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. તે 76,913ની સપાટીએ બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 180 પોઈન્ટ (0.74%)નો ઘટાડો રહ્યો, તે 23,998ના સ્તરે બંધ થયો હતો.

## ટોપ-10 કંપનીઓમાંથી 4ની વેલ્યુ ₹2.20 લાખ કરોડ વધી

મુંબઈ : માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 4ની વેલ્યુ ગયા અઠવાડિયાના કારોબારમાં 2.20 લાખ કરોડ રૂપિયા વધી ગઈ. આ સમયગાળા દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ સૌથી વધુ વધી છે. રિલાયન્સની માર્કેટ વેલ્યુ 1.39 લાખ કરોડ વધીને 19.36 લાખ કરોડ પર પહોંચી ગઈ.
જ્યારે ભારતી એરટેલની માર્કેટ વેલ્યુ 43,503 કરોડ વધીને 11.49 લાખ કરોડ પર પહોંચી ગઈ. TCSની માર્કેટ વેલ્યુ 27,569 કરોડ અને બજાજ ફાઈનાન્સની વેલ્યુ 9,432 કરોડ વધી છે. આ ઉપરાંત, 6 કંપનીઓની વેલ્યુ ગયા અઠવાડિયાના કારોબારમાં 1.24 લાખ કરોડ રૂપિયા ઘટી છે. તેમાં HDFC બેંક, SBI, ICICI બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, HUL અને LICનો સમાવેશ થાય છે.
ગયા અઠવાડિયે સેન્સેક્સ 250 (0.32%)




અંક ચઢ્યો હતો. જ્યારે, ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે ગુરુવાર (30 એપ્રિલ) ના રોજ સેન્સેક્સમાં 583 અંક (0.75%) નો ઘટાડો રહ્યો. તે 76,913 ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ 180 અંકો (0.74%) નો ઘટાડો રહ્યો, તે 23,998 ના સ્તર પર બંધ થયો હતો.
માર્કેટ કેપ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરહોલ્ડર્સ પાસે છે, તેની વેલ્યુ છે. તેની ગણતરી કંપની દ્વારા જાહેર કરાયેલા શેરની કુલ સંખ્યાને તેની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે.

## યુએસ ક્રૂડ100 ડોલરની અંદર : સોના ચાંદીમાં નવી લેવાલીએ ધીમો સુધારો

મુંબઈ : મુંબઇ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના ચાંદીના ભાવ વિશ્વ બજાર પાછળ ઉંચા બોલાઇ રહ્યા હતા એવું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિશ્વ બજારમાં ભાવ વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડ તેલના ભાવ ત્રણ ટકા તૂટયાના સમાચાર મળ્યા હતા. અમેરિકાએ યુરોપીયન ઓટોમોબાઇલ પર ટેરીફ વધારવાની ધમકી આપતાં વૈશ્વિક સ્તરે વોર પછી હવે ફરી ટ્રેડ વોર શરૂ થવાની આશંકા જાણકારો બતાવી રહ્યા હતા. દરમિયાન, ઈરાને યુદ્ધ વિરામ માટે નવી દરખાસ્ત પાઠવતાં હવે આ પ્રશ્ને અમેરિકા કેવો પ્રતિસાસાદ આપે છે તેના પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી હતી. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધ્યાના વાવડ મળ્યા હતા. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૯૭.૭૨ના બે સપ્તાહના તળીયે ઉતર્યા પછી આ ઈન્ડેક્સ ફરી વધી ઉંચામાં ૯૮.૨૪ થઇ છેલ્લે ૯૮.૨૧ રહ્યો હતો. મુંબઇ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ રૂા. ૯૪.૯૦થી ૯૪.૯૫ વચ્ચે ફરતા રહ્યા હતા. દરમિયાન, ભારતનું ફોરેક્સ રિઝર્વ ૪.૮૨ અબજ ડોલર ઘટયાના વાવડ હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂા. ૧૦૦૦ વધી ૯૯૫ના રૂા. ૧૫૩૭૦૦ તથા ૯૯૯ના રૂા. ૧૫૪૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂા. ૨૪૫૦૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૫૭૪થી ૪૫૭૫ ડોલરવાળા વધી ૪૬૧૪થી ૪૬૧૫ ડોલર રહ્યા હતા જ્યારે વૈશ્વિક ચાંદીના ભાવ ૭૩.૫૫થી ૭૩.૫૬ વાળા ઉછળી ૭૬.૯૭ થઇ ૭૫.૩૬થી ૭૫.૩૭ ડોલર રહ્યા હતા. દરમિયાન ક્રૂડતેલ બજારમાં પીછેહઠ વચ્ચે બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૧૧૦.૮૭ ડોલરવાળા ૧૦૬.૨૭ થઇ ૧૦૮.૧૭ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડજના ભાવ વાયપેક્સ ડબલ્યુટીઆઇના ૧૦૪.૫૧ વાળા નીચામાં બૂાવ ૯૯.૩૦ થઇ ૧૦૧.૯૪ ડોલર રહ્યા હતા. મુંબઇ બુલીયન બજારમાં સોનાના ભાવ રૂા. ૧૦૦૦ વધી જીએસટી વગર ભાવ ૯૯૫ના રૂા. ૧૪૯૦૦૦ તથા ૯૯૯ના ૧૪૯૬૦૦ રહ્યા હતા. જ્યારે મુંબઇ ચાંદીના ભાવ રૂા. ૩૦૦૦ વધી જીએસટી વગર ભાવ રૂા. ૨૪૭૦૦૦ બોલાયા હતા.

## ChargeZone® અને TATA.ev દ્વારા મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર 720 kW ક્ષમતા ધરાવતું મેગા ચાર્જિંગ હબ લોન્ચ



મુંબઈ : ભારતનું સૌથી મોટું EV ચાર્જિંગ નેટવર્ક ધરાવતી ChargeZone® (15,000થી વધુ ચાર્જિંગ પોઇન્ટ્સ સાથે) એ આજે TATA.ev સાથે ભાગીદારીમાં ખાલાપુર ખાતે કો-બ્રાન્ડેડ મેગા ચાર્જિંગ હબ શરૂ કરવાની જાહેરાત કરી છે. મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર આવેલ ફૂડમોલ ખાતે સ્થિત આ હબ ભારતના મહત્વપૂર્ણ હાઈવે કોરિડોર્સ પર હાઈ-સ્પીડ EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટેનો મહત્વપૂર્ણ પગલું છે. 2025માં શરૂ થયેલા TATA.ev મેગા ચાર્જિંગ હબ્સ ભારતના હાઈવે અને શહેરોમાં ઝડપી, સરળ અને વિશ્વસનીય ચાર્જિંગ સુવિધા પૂરી પાડવા માટેની એક વ્યૂહાત્મક પહેલ છે. 720 kW ક્ષમતા ધરાવતું ખાલાપુર હબ ChargeZone® અને TATA.ev વચ્ચેના સહયોગનો 75મો હબ છે. સહયોગનો હેતુ દેશભરના મહત્વપૂર્ણ હાઈવે પર 100થી વધુ મેગા ચાર્જિંગ હબ્સ સ્થાપિત કરવાનો છે, જે ઈન્ટરસિટી EV મુસાફરીને સરળ બનાવશે અને EV અપનાવને વેગ આપશે. ભારતમાં EV અપનાવ વધતા, શહેરોની બહાર હાઈવે પર ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવું અત્યંત જરૂરી બની રહ્યું છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે, ChargeZone x TATA.ev મેગા ચાર્જિંગ હબ ઈન્ટરસિટી મુસાફરીને વધુ ઝડપી, સરળ અને વિશ્વસનીય બનાવે છે. આ હબ ભારતના સૌથી શક્તિશાળી પબ્લિક ચાર્જિંગ સ્ટેશનોમાંનું એક છે, જેમાં એક સાથે 10 EV ચાર્જ થઈ શકે છે, જેથી વેઈટિંગ સમય ઓછો થાય છે. હબમાં 5 ડિસ્પેન્સર્સ અને 10 ચાર્જિંગ પોઈન્ટ્સ છે, જે Boost Modeમાં 360 kW સુધીની અલ્ટ્રા-ફાસ્ટ ચાર્જિંગ ક્ષમતા આપે છે. આ સ્થળ એક લોકપ્રિય હાઈવે પિટસ્ટોપ છે, જ્યાં પાર્કિંગ, ભોજન, સ્વચ્છ રેસ્ટરૂમ્સ અને રિટેલ સુવિધાઓ ઉપલબ્ધ છે. EV યુઝર્સ ચાર્જિંગ દરમ્યાન આરામથી ખાવા, આરામ કરવા અથવા ખરીદી કરી શકે છે, જે મુસાફરીને વધુ આનંદદાયક બનાવે છે. TATA.ev ગ્રાહકોને આ સ્ટેશન પર 25% સુધીનો વિશેષ ડિસ્કાઉન્ટ પણ મળશે.

## સોનું ₹2000 સસ્તું, 10 ગ્રામની કિંમત ₹1.48 લાખ

મુંબઈ : આજે એટલે કે 4 મેના રોજ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,906 રૂપિયા ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. અગાઉ તેની કિંમત 10 ગ્રામ દીઠ 1.50 લાખ રૂપિયા હતી.
જ્યારે ચાંદીના ભાવમાં તેજી જોવા મળી રહી છે. એક કિલો ચાંદી 3,906 રૂપિયા વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 30 એપ્રિલે તેની કિંમત 2.40 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.
2026માં સોનું અત્યાર સુધીમાં 15 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ વર્ષે ચાંદી 14 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.
1. સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.
2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઇટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.
દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો વચ્ચે આજે, 4 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 750 પોઈન્ટ (0.91%)ની તેજી સાથે 77,700 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ 250 પોઈન્ટ (0.92%)ની તેજી સાથે 24,200ની સપાટીએ પહોંચી ગયો છે.

## મિત્તલ અને પૂનાવાલાએ ₹15,660 કરોડની મેગા ડીલ ફાઈનલ કરી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઈતિહાસમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. વિશ્વના સ્ટીલ કિંગ તરીકે જાણીતા લક્ષ્મી નિવાસ મિત્તલ અને તેમના પુત્ર આદિત્ય મિત્તલે, સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ આદર પૂનાવાલા સાથે મળીને 'રાજસ્થાન રોયલ્સ' (RR) ફ્રેન્ચાઈઝી ખરીદી છે. આ સાથે જ રાજસ્થાન રોયલ્સને હવે નવા માલિકો મળ્યા છે. આ સોદો અંદાજે $1.65 બિલિયન (આશરે 15,660 કરોડ) ની વેલ્યુએશન પર થયો હોવાનું મનાય છે, જે IPLના ઈતિહાસના સૌથી મોંઘા સોદાઓ પૈકીનો એક છે.
3 મેના રોજ મિત્તલ પરિવારે આ ડીલ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. અહેવાલો મુજબ, મિત્તલ પરિવારે મનોજ બડાલે અને તેમના કન્સોર્ટિયમ પાસેથી રાજસ્થાન રોયલ્સના સંપાદન માટે અંતિમ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, મિત્તલ પરિવાર છેલ્લા ઘણા સમયથી રાજસ્થાન રોયલ્સમાં રસ દાખવી રહ્યો હતો. આ ખરીદી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય તેમના સ્પોર્ટ્સ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવવાનો છે. મિત્તલ પરિવાર પહેલેથી જ વૈશ્વિક સ્તરે રમતગમત ક્ષેત્રે સક્રિય છે અને હવે IPL જેવી મોટી લીગમાં પ્રવેશવાથી તેમનું કદ વધશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રોકાણકાર કાલ સોમાણીના નેતૃત્વ હેઠળનું એક કન્સોર્ટિયમ અગાઉ રાજસ્થાન રોયલ્સ માટે એક મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યું હતું - એક્સક્લુઝિવિટી પણ મેળવી હતી.

## વીવર્ક ઇન્ડિયાએ વીવર્ક વર્લ્ડમાર્ક 6, એરોસિટીના પ્રારંભ સાથે દિલ્હી-એનસીઆરમાં પોતાનો વ્યાપ વધાર્યો

wework
INDIA

અમદાવાદ : ભારતની ટોચની પ્રીમિયમ ફ્લેક્સિબલ વર્કસ્પેસ ઓપરેટર્સ પૈકીની એક, વીવર્ક ઈન્ડિયા મેનેજમેન્ટ લિમિટેડ ('વીવર્ક ઈન્ડિયા') એ આજે નવી દિલ્હીના એનસીઆર વિસ્તારમાં એરોસિટી ખાતે વીવર્ક વર્લ્ડમાર્ક 6 નામના પોતાના નવા સેન્ટરની શરૂઆત કરવાની જાહેરાત કરી છે. એરોસિટીમાં આવેલું વીવર્ક ઈન્ડિયાનું આ 17મું સેન્ટર છે, જે વર્લ્ડમાર્ક 6ના ત્રીજા માળે અંદાજે 1.1 લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલું છે. 1400થી વધુ ડેસ્કની ક્ષમતા ધરાવતું આ નવું સેન્ટર એનસીઆર વિસ્તારમાં વીવર્ક ઈન્ડિયાના સતત વધી રહેલા બિઝનેસ અને કામકાજને વધુ મજબૂત બનાવે છે.ભારતમાં ફ્લેક્સિબલ વર્કસ્પેસની માંગમાં સતત વધી, 100 મિલિયન ચોરસ ફૂટના આંકડાને પાર કરી ગઈ છે. વર્ષ 2020થી 2025 વચ્ચે તેની કુલ ઈન્વેન્ટરીમાં ત્રણ ગણો વધારો થયો છે. બેંગલુરુ બાદ દિલ્હી-NCR, 21-23 મિલિયન ચોરસ ફૂટ સાથે અગ્રણી બજાર છે (સ્ત્રોત: CBRE ઈન્ડિયા). એરોસિટી તેની મજબૂત કનેક્ટિવિટી, ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટની નિકટતા અને મુખ્ય પરિવહન નેટવર્ક સુધીની પહોંચને કારણે બહુરાષ્ટ્રીય કંપનીઓ અને વૈશ્વિક સ્તરે સંકલિત વ્યવસાયો માટે પસંદગીના સ્થળ તરીકે ઉભરી આવ્યું છે.એરોસિટી હવે ભવિષ્ય માટે સજ્જ બિઝનેસ હબના રૂપમાં વિકસી રહ્યું છે. જે મજબૂત સુરક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિસ્તરતી મેટ્રો કનેક્ટિવિટી અને હોસ્પિટાલિટી, રિટેલ તથા મનોરંજનની સુવિકસિત વ્યવસ્થા જેવી સુવિધાઓને પગલેથી ભારતના પ્રથમ ગ્લોબલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ બનવાની ક્ષમતા ધરાવે છે. તેનું વિશાળ કદ અને સંકલિત માળખું તેને વૈશ્વિક સાહસો માટે તેને વિશેષ રીતે આકર્ષક બનાવે છે.

### બજેટ એરલાઇન સ્પિરિટ મોંઘા ઈંધણ અને દેવાના કારણે બંધ

# CEO એ કહ્યું- અમારી પાસે પૈસા બચ્યા ન હતા, 34 વર્ષ પહેલાં એરલાઇન શરૂ થઈ હતી

મુંબઈ : અમેરિકી એરલાઈન કંપની સ્પિરિટ એરલાઈન્સે નાણાકીય સંકટ અને ઈંધણની કિંમતોમાં અચાનક આવેલા ઉછાળાને કારણે પોતાનું કામકાજ સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. કંપનીએ 2 મે 2026 ના રોજ સત્તાવાર રીતે તેના તમામ ઓપરેશન્સને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી. સ્પિરિટ એરલાઈન્સના પ્રેસિડેન્ટ અને CEO ડેવ ડેવિસે જણાવ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઈંધણની કિંમતોમાં થયેલા અસાધારણ વધારાએ કંપનીને આ મોડ પર લાવી દીધી છે. બિઝનેસ ચાલુ રાખવા માટે કરોડો ડોલરની રોકડની જરૂર હતી, જે કંપની પાસે ન હતી. તેમણે તેને એક 'દુ:ખદ અંત' ગણાવ્યો અને કહ્યું કે 34 વર્ષથી સસ્તી હવાઈ મુસાફરી પૂરી પાડતી એરલાઇન પાસે હવે ઓપરેશન્સ બંધ કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો




ન હતો. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધે સ્પિરિટ એરલાઈન્સની મુશ્કેલીઓ વધારી દીધી હતી. માર્ચમાં હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી બ્રેન્ટ ક્રૂડ ઓઈલ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું છે.

જેટ ફ્યુઅલ મોંઘું થયા પછી પ્રીમિયમ એરલાઈન્સે ટિકિટ મોંઘી કરીને તેની ભરપાઈ કરી લીધી, પરંતુ સ્પિરિટ જેવી બજેટ એરલાઈન્સ પાસે કિંમતો વધારવાની કોઈ શક્યતા નહોતી.

ટ્રમ્પ પ્રશાસન સ્પિરિટ એરલાઈન્સને બચાવવા માટે લગભગ 4,700 કરોડનું બેલઆઉટ પેકેજ આપવા વિચાર કરી રહ્યું હતું. ડીલ હેઠળ સરકાર એરલાઈનમાં 90% હિસ્સેદારી લેતી.

જોકે, સિટાડેલ અને એરેસ મેનેજમેન્ટ કોર્પ જેવા મોટા બોન્ડહોલ્ડર્સે સરકારી શરતો માનવાનો ઈનકાર કરી દીધો. આ કારણે આ ડીલ નિષ્ફળ ગઈ અને એરલાઈનને બંધ કરવી પડી.

કંપનીની હાલત લાંબા સમયથી ખરાબ હતી. 2020 થી અત્યાર સુધી કંપનીને 2.5 બિલિયન ડોલર એટલે કે, લગભગ 24 હજાર કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું હતું. ગયા વર્ષે કંપનીએ લગભગ 4 હજાર કર્મચારીઓની છટણી કરી હતી અને 200 રૂટ બંધ કરી દીધા હતા.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ વદ-04

# પડોશી દેશોમાં ઈથેનોલ નિકાસ કરવાથી દેશમાં પાણી સંકટ વધશે

ઈંધણમાં ઈથેનોલના મિશ્રણ બાબતે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી વારંવાર વિવાદમાં ફસાયા છે. પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ થાય છે એની લાંબાગાળાની અસર ખબર નથી. જોકે ઈથેનોલનો ઉપયોગ વધતા ખેડૂતો હવે ઈથેનોલ મળે એવા પાકનું ઉત્પાદન વધારી રહ્યા છે જેમાં પાણીની ખૂબ વધુ જરૂરિયાત રહે છે. ભારતે હવે દક્ષિણ એશિયાના દેશોમાં ઈથેનોલની નિકાસ કરવાનું નક્કી કર્યું છે. હમણા ભારત નેપાળ સાથે ઈથેનોલની નિકાસ કરવાની વાતચીત કરી રહ્યું છે. હમણા ઈથેનોલની નિકાસ કરવા પર પ્રતિબંધ છે, પરંતુ હવે આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવશે. સરકારના દાવા પ્રમાણે ઈથેનોલની નિકાસ કરવાથી ગ્રામિણ અર્થવ્યવસ્થા મજબૂત થશે અને ખેડૂતોની આવક વધશે. આ દાવામાં કેટલું સત્ય છે એ તો ભવિષ્યમાં જ ખબર પડશે, પરંતુ જેમ જેમ ઈથેનોલનું ઉત્પાદન વધશે તેમ તેમ દેશમાં પાણીનું સંકટ પણ વધશે.ભારતનું વિદેશ મંત્રાલય બાંગ્લાદેશ સાથે સંબંધો સુધારવાની લમણાઝીક કરે છે. નવાઈ લાગે એવી વાત છે કે, ભાજપના જ એક મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમા ભારત-બાંગ્લાદેશ વચ્ચે સારા સંબંધ ઈચ્છતા નથી. મીડિયાને આપેલી એક મુલાકાતમાં એમણે કહ્યું છે કે, 'ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સારા સંબંધો નહીં હોય એ વાત મને સારી લાગે છે. એનું કારણ એ છે કે, બંને વચ્ચે સારા સંબંધની સ્થિતિમાં ભારત સરકાર ગેરકાયદેસર ઘુસેલા બાંગ્લાદેશીઓના પુશબેકનું સમર્થન નથી કરતી. બંને દેશો વચ્ચે દુશ્મની હોય એ આસામના લોકોને ગમે છે. બંને દેશોના સંબંધ સુધર્યા પછી બીએસએફ (બોર્ડર સિક્યુરીટી ફોર્સ) અને બીડીઆર (બાંગ્લાદેશ રાઈફલ્સ)ના જવાનો હાથ મેળવે છે જે આસામ માટે ખતરનાક છે.' પુશબેકની પદ્ધતિ જાણવા જેવી છે. બાંગ્લાદેશથી ઘુસણખોરી કરનારને જ્યારે બીએસએફ પકડે છે ત્યારે થોડા સમય પછી જ્યારે બીડીઆરના જવાનો નહીં હોય ત્યારે એમને ફરીથી બાંગ્લાદેશ મોકલી આપે છે. આ પ્રક્રિયાને પુશબેક કહેવાય છે.રાજધાની દિલ્હીમાં ટ્રાફિકની સમસ્યા ખુબ મોટી છે. ટ્રાફિક મામલે દિલ્હી વિશ્વનું એક સૌથી ગીચ શહેર છે. હવે દિલ્હીની ટ્રાફિક પોલીસે આ સમસ્યાનું નિરાકરણ લાવવાનું નક્કી કર્યું છે. દિલ્હીના મેટ્રો સ્ટેશનની આજુબાજુ હવે ટ્રાફિક જામ દેખાશે નહીં. મેટ્રો સ્ટેશનોની આસપાસ જામ થતો ટ્રાફિક ઓછો કરવા માટે સરક્યુલેશન પ્લાન અમલ કરવામાં આવશે. એ માટે સરવે થઈ રહ્યો છે. સરવેના રિપોર્ટ પ્રમાણે જે મેટ્રો સ્ટેશનની બહાર સતત ટ્રાફિક જામ રહે છે ત્યાં આ ટ્રાફિક પ્લાન લાગુ કરવામાં આવશે. દિલ્હી મેટ્રો ૪૧૬ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલી છે અને કુલ ૩૦૩ મેટ્રો સ્ટેશનો છે. આ મેટ્રો સ્ટેશનો પર ઈ-રીક્ષા અને ઓટોના સ્ટેન્ડ આવ્યા હોય છે. આ નાના વાહનો મેટ્રોની આસપાસ આવેલા વિસ્તારો સાથે મેટ્રો સ્ટેશનને જોડે છે. મોટા ભાગના મુસાફરો આ નાના વાહનો પર નિર્ભર રહે છે. હવે આ નાના વાહનો માટે પાર્કિંગની અલગ વ્યવસ્થા બનાવવામાં આવશે.દિલ્હીમાં વસ્તીગણતરી ૨૦૨૭ની ડિજીટલ શરૂઆત થઈ ગઈ છે. આ આખી પ્રક્રિયા ઓનલાઈન છે અને ૨૦ મિનિટમાં ૩૩ સવાલના જવાબ આપીને પુરી થઈ શકે છે. દિલ્હીમાં વસ્તીગણતરી ૨૦૨૭ દેશની પહેલી ડિજીટલ વસ્તીગણતરી હશે. લોકો ઘરે બેઠા મોબાઈલ ફોનથી કે કોમ્પ્યૂટર મારફતે પોતાની જાણકારી આપી શકશે. સરકારનું કહેવું છે કે ડિજીટલને કારણે દરેક વ્યક્તિની ગણતરી સુનિશ્ચિત થશે. સાચો ડેટા મળી શકશે. ચોક્કસ આંકડાને આધારે સ્કૂલ, હોસ્પિટલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની યોજના બનાવી શકાશે. દિલ્હીના લોકો આ પ્રક્રિયામાં વધુ પ્રમાણમાં જોડાય એ માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે. એમસીડીના ૨૫૦ વોર્ડમાં ૧૫મી મે સુધી સ્વગણના થશે. સવારે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી લોકો પોર્ટલ પર લોગઈન કરીને પ્રક્રિયા પુરી કરી શકશે. દરેક કુટુંબ માટે એક જ વખત લોગઈન થવુ જરૂરી હશે. જેમાં કુટુંબની કોઈપણ એક વ્યક્તિના મોબાઈલથી રજીસ્ટ્રેશન થઈ શકશે.હિન્દુ ધર્મના આસ્થાળુઓ માટે પ્રયાગરાજ ખૂબ અગત્યનું સ્થળ છે. સંગમ નગરીની લાઈફલાઈન કહેવાતા પ્રયાગરાજ જંકશનની તસવીર હવે બદલાઈ જવાની છે. જંકશનથી 'સીટી સાઈટ' (લીડર રોડ તરફ) જનાર યાત્રીઓ માટે ખુશખબર છે. સામાન્ય રીતે સ્ટેશનની બહાર હંમેશા ટ્રાફીક જામ રહે છે. રેલવે પ્રશાસને હવે આ ટ્રાફીક જામ ઓછો કરવા માટે એક મેગા પ્લાન તૈયાર કર્યો છે. યોજના પ્રમાણે જંકશનના કમ્પાઉન્ડમાં એક અત્યાધુનિક અંડરગ્રાઉન્ડ પાર્કીંગ બની રહ્યું છે. આ કારણે રેલવે સ્ટેશનની સુંદરતા તો વધશે જ, પરંતુ યાત્રીઓની તકલીફ પણ ઓછી થશે.

# નિરોણાની એસ.એસ.પી.એ. હાઈસ્કૂલનો ગૌરવ: સતત ત્રીજા વર્ષે HSC માં 100% પરિણામ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ સારસ્વતમ્ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલ, નિરોણાએ ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં સતત ત્રીજા વર્ષે 100% પરિણામ મેળવી ગૌરવનો નવો ઈતિહાસ રચ્યો છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિથી સમગ્ર નિરોણા ગામ તેમજ શાળા પરિવારમા આનંદ અને ગર્વનો માહોલ વ્યાપ્યો છે.

વર્ષ 2026માં જાહેર થયેલા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામ મુજબ રાજ્યનું કુલ પરિણામ 92.71% રહ્યું છે, જ્યારે કચ્છ જિલ્લાનું 96.21% અને નખત્રાણા કેન્દ્રનું 97.32% નોંધાયું છે. આ પરિસ્થિતિમાં નિરોણાની એસ.એસ.પી.એ. હાઈસ્કૂલ દ્વારા સતત ત્રીજા વર્ષે 100% પરિણામ હાંસલ કરવું અત્યંત નોંધપાત્ર અને પ્રેરણાદાયી સિદ્ધિ ગણાય છે.

વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા સોરા ખતુબાઈ હસણ, આહિર કોમલ શામજીભાઈ અને ગરવા કંચન હરેશકુમારે A2 ગ્રેડ સાથે પ્રથમ ત્રણ ક્રમે સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. તેમના આ ઉત્તમ પરિણામ પાછળ શિક્ષકોની મહેનત, માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની લગન મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

આ ગૌરવસભર સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, ગામના સરપંચશ્રી, અગ્રણીઓ તથા વાલીગણે વિદ્યાર્થીઓ તેમજ શાળાના આચાર્ય ડૉ. વી.એમ. ચૌધરી સાહેબ અને સમગ્ર શિક્ષકવૃંદને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

નિરોણાની આ શાળાએ ગ્રામ્ય વિસ્તારમાં પણ ગુણવત્તાસભર શિક્ષણ આપીને સતત શ્રેષ્ઠ પરિણામ મેળવવાની પરંપરા જાળવી રાખી છે, જે અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બની છે. ભવિષ્યમાં પણ આવી જ સિદ્ધિઓ પ્રાપ્ત થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ગરમીમાં જીવ બચાવતું કાર્ય: હરીપર ગામે પક્ષીઓ માટે પાણી કરાઈ વ્યવસ્થા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ઉનાળાની કડક ગરમીમાં જ્યાં માનવી પોતે તરસ અને તાપથી પરેશાન છે, ત્યાં નિર્દોષ પક્ષીઓ માટે પાણીની અછત ગંભીર સમસ્યા બની રહે છે. આવી સ્થિતિમાં નખત્રાણા તાલુકાના હરીપર (ઘડાણી) ગામે જીવ દયા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.ગામની શાળા તથા પટેલ સમાજવાડી ખાતે જીવ વાત્સલ્ય ટીમ અને હરિપર પાટીદાર યુવક મંડળના સંયુક્ત પ્રયાસોથી પક્ષીઓ માટે પક્ષીઘર અને પાણીના કુંડાઓ મુકવામાં આવ્યા હતા. આ અભિયાન હેઠળ અંદાજે ૫૦ જેટલા પાણીના કુંડાઓ સ્થાપિત કરવામાં આવ્યા, જેનાથી ગરમીમાં તરસતા પક્ષીઓને મોટી રાહત મળશે.આ સેવા કાર્ય માત્ર એક સામાજિક પહેલ નથી, પરંતુ પ્રકૃતિ અને જીવજંતુઓ પ્રત્યેની આપણી ફરજનું સ્મરણ પણ કરાવે છે. ખાસ કરીને ઉનાળામાં પક્ષીઓ માટે પાણી ઉપલબ્ધ કરાવવું એ જીવ બચાવવાનું કાર્ય સમાન છે.

આ પ્રસંગે વિશાલભાઈ ગોરાણી, હર્ષદભાઈ પોકાર, રવિભાઈ અને અશ્વિનભાઈએ સક્રિય ભાગ ભજવી આ અભિયાનને સફળ બનાવ્યું હતું. ગામના લોકો દ્વારા પણ આ પહેલને વ્યાપક સમર્થન મળ્યું છે.

આવો સંદેશ પણ આપવામાં આવ્યો કે દરેક વ્યક્તિ પોતાના ઘર, ઓફિસ અથવા આસપાસ એક નાનો પાણીનો કુંડો મૂકી પક્ષીઓ માટે જીવનદાતા બની શકે છે. આ પ્રકારની નાની નાની પહેલો દ્વારા આપણે પર્યાવરણનું સંરક્ષણ કરી શકીએ અને માનવતાનું સાચું ઉદાહરણ પૂરુ પાડી શકીએ.

# કચ્છનું ઐતિહાસિક ધામ થાન જાગીર અને ધીણોધર ડુંગર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકામાં આવેલું થાન જાગીર કચ્છનું એક મહત્વપૂર્ણ ઐતિહાસિક અને આધ્યાત્મિક સ્થળ તરીકે ઓળખાય છે. નખત્રાણાથી આશરે 20 કિલોમીટર દૂર સ્થિત આ સ્થાન પર પ્રવાસીઓ તેમજ ભક્તો વર્ષભર મુલાકાત લેતા હોય છે. નખત્રાણા થી વીરાણી અને નિરોણા તરફ જતાં માર્ગ પર આવેલું આ સ્થળ પ્રકૃતિ અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ પ્રસ્તુત કરે છે.ધીણોધર ડુંગરની તળેટીમાં આવેલું થાન જાગીર પ્રાચીન મઠ તરીકે પ્રસિદ્ધ છે, જ્યાં કાનફટા પંથના સાધુઓનું નિવાસસ્થાન આવેલું છે. અહીં સંત ધોરમનાથજીની પવિત્ર સમાધિ તેમજ પ્રાચીન મંદિરો આવેલા છે. લોકવાયકા મુજબ સંત ધોરમનાથજીએ અહીં લગભગ 12 વર્ષ સુધી કઠિન તપસ્યા કરી હતી, જેના કારણે આ સ્થાન વિશેષ ધાર્મિક મહત્વ ધરાવે છે.થાન જાગીરની નજીક આવેલું ધીણોધર ડુંગર એક મૃત જ્વાળામુખી તરીકે ઓળખાય છે. ડુંગરની ટોચ પર આવેલું ધોરમનાથજીનું મંદિર ભક્તો માટે આસ્થા કેન્દ્ર છે. અહીંથી કચ્છના રણ અને આસપાસના વિસ્તારનો મનમોહક નજારો જોવા મળે છે, જે પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દે છે.આ વિસ્તાર ટ્રેકિંગ માટે પણ ખૂબ જ લોકપ્રિય છે. ડુંગર પર ચડવા માટે બનાવવામાં આવેલ પગથિયાં પ્રવાસીઓને સરળતા પ્રદાન કરે છે. ખાસ કરીને વેકેશન દરમિયાન અહીં પ્રવાસીઓની સંખ્યા વધી જાય છે. નખત્રાણા થી થાન જાગીર આશરે 20 થી 25 કિલોમીટર અને ત્યાંથી નિરોણા ગામ વધુ 15 થી 20 કિલોમીટર અંતરે આવેલું છે. આ માર્ગ પર મુસાફરી દરમિયાન કચ્છની સૂકી પરંતુ આકર્ષક ભૂમિ અને પહાડી વિસ્તારનો અનોખો અનુભવ થાય છે.નખત્રાણા નગરના સુરેશભાઈ ગોસ્વામી (ઓમ ઝેરોક્ષ) એ માહિતી આપતા જણાવ્યું હતું કે થાન જાગીર અને ધીણોધર ડુંગર જેવા સ્થળો કચ્છના ઐતિહાસિક અને ધાર્મિક ગૌરવનું પ્રતિનિધિત્વ કરે છે અને અહીં વધુ પ્રવાસીઓ આવે તે માટે સુવિધાઓનો વિકાસ જરૂરી છે.

## ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા શાળાની વિદ્યાર્થીની જિલ્લામાં દ્રિતીય

કમલેશ પટેલ | સંખેડા | ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા શાળાની વિદ્યાર્થીની જિલ્લામાં દ્રિતીય અને સંખેડા કેન્દ્રમાં પ્રથમ સ્થાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ઉચ્ચત્તર માધ્યમિક શાળાન્ત પ્રમાણપત્ર પરીક્ષા સામાન્ય પ્રવાહનું આજ રોજ 92.91 ટકા પરિણામ જાહેર કરવામાં આવેલ છે જેમાં છોટાઉદેપુર જિલ્લાનું 92.30 ટકા પરિણામ આવ્યું છે.

## રોડ કામ વચ્ચે જોખમ વધી રહ્યું: બસ-ટેલર સામસામે, સદનસીબે બચાવ

# એક માર્ગીય રસ્તા પર જીવલેણ સ્થિતિ: દેસલપર (ગુંતલી) બસ સ્ટેશન પાસે મોટો અકસ્માત ટળ્યો

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાની દેસલપર હાજીપીર રોડ પર આવેલ દેસલપર (ગુંતલી) ગામે બસ સ્ટેશન નજીક આજે એક ગંભીર અકસ્માત થતા ટળી ગયો હતો. હાલ રોડ પર મરામત અને કામ ચાલી રહ્યું હોવાથી રસ્તો એક માર્ગીય બની ગયો છે, જેના કારણે વાહન વ્યવહાર ખૂબ જ જોખમી બની રહ્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ, એક બાજુ રોડનું કામ ચાલુ હોવાથી રસ્તો સંકુચિત થયો છે. તે દરમિયાન એક તરફથી ટેલર અને બીજી તરફથી મુસાફરો ભરેલી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) ની એસ.ટી. બસ સામસામે આવી ગઈ હતી. બંને ભારે વાહનો એક જ માર્ગ પર આવી જતા થોડા સમય માટે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી.પરંતુ ડ્રાઈવરોની સતર્કતા અને સમજદારીને કારણે બંને વાહનો કસોકસ નીકળી ગયા હતા અને સદનસીબે કોઈ જાનહાની કે નુકસાન થયું નથી. જો કે, તસ્વીરમાં સ્પષ્ટ જોવા મળે છે કે કેવી રીતે વાહનો જીવના જોખમે પસાર થયા હતા.આ ઘટનાએ તંત્રની કાર્યપદ્ધતિ અને સુરક્ષા વ્યવસ્થાઓ સામે સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક લોકોમાં પણ આ બાબતે ચિંતા વ્યાપી છે.

# રવાપર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની ઉજવણી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના રવાપર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપર-૨ હેઠળ આંગણવાડી-૩ ખાતે કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ સી.ડી.એચ.ઓ. ડૉ. મિતેષ ભંડેરી, આર.સી.એચ.ઓ. ડૉ. દિનેશ પટેલ, ટી.એચ.ઓ. ડૉ. એ. કે. પ્રસાદ તથા ડૉ. અનેરી મેડમના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન કિશોરીઓને પોષણના મહત્વ અંગે સમજણ આપવામાં આવી હતી. પૌષ્ટિક આહાર, જરૂરી પોષક તત્ત્વો અને એનીમિયા વિષયક માર્ગદર્શન આપીને આયર્ન ફોલિક એસિડ (IFA) ટેબલેટ વિશે માહિતી આપવામાં આવી હતી. માસિક ધર્મ વ્યવસ્થાપન અને સ્વચ્છતા અંગે પ્રશ્નોત્તરી યોજાઈ, જેમાં કિશોરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ ઉપરાંત એચ.પી.વી. વેક્સિન અને સર્વાઈકલ કેન્સર અંગે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કિશોરીઓનું બી.એમ.આઈ. તથા હિમોગ્લોબિન લેવલ ચકાસવામાં આવ્યું હતું, જે તેમના આરોગ્ય માટે મહત્વપૂર્ણ છે.આરોગ્ય કર્મી શ્રી સુલેમાન એ. પીંજારા માહિતી આપતા જણાવ્યુ કે કિશોરાવસ્થા દરમિયાન યોગ્ય પોષણ, સ્વચ્છતા અને આરોગ્યની જાગૃતિ ખૂબ જ જરૂરી છે. સમયસર ચકાસણી અને યોગ્ય માર્ગદર્શનથી એનીમિયા જેવા રોગોથી બચી શકાય છે તેમજ કિશોરીઓને સ્વસ્થ જીવન જીવવા પ્રેરણા મળે છે.

## નામદાર એડી.ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ ધારી ના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસના છેલ્લા "એકવીસ વર્ષથી" નાસતા ફરતા પકડ વોરંટના આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | શ્રી આર.વી.અસારી સાહેબ પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ ભાવનગરનાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુન્હાના કામે નાસતા ફરસ્તા આરોપીઓ તથા પેરોલ જા કેદીઓ પકડવા ખાસ સુચના આપેલ હોય જે અન્વયે શ્રી સંજય ખરાત સાહેબ પોલીસ અધિક્ષક,જિ.અમરેલીનાઓ દ્વારા તથા શ્રી જયવીર ગઢવી સાહેબ ઈનચાર્જ પોલીસ અધિક્ષક, જિ.અમરેલી નાઓ દ્વારા જિલ્લાના નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ તેમજ નામદાર કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના આરોપીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય તેમજ શ્રી સી.પી.વાઘેલા પો.ઈન્સ.સા. એલ.સી.બી. અમરેલી નાઓના માર્ગદર્શન હેઠળ એન.જી.સાપરા પો.સબ ઈન્સ. પેરોલ ફર્લો સવોર્ડ જિ.અમરેલી નાઓના સીધા સુપરવીઝન હેઠળ પેરોલ ફર્લો ટીમ ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના પકડ વોરંટમાં ફરાર આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નીકલ સોર્સ મારફતે હકીકત મેળવી પકડ વોરંટના આરોપીને તા.૦૪/૦૫/૨૦૨૭ ના રોજ મોટા સમઢીયાળા તા.ખાંભા ખાતેથી પકડી પાડી આગળની ઘટતી કાર્યવાહી કરવા ધારી પો.સ્ટે. ખાતે સોંપી આપેલ છે.

## ડાયનેમિક બિડિંગ પદ્ધતિથી પારદર્શક હરાજી પ્રક્રિયા અમલમાં

# પાલનપુર આરટીઓમાં પસંદગીના વાહન નંબરો માટે ઓનલાઇન ઓક્શન શરૂ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, પાલનપુર દ્વારા ટુ વ્હીલર અને ફોર વ્હીલરના વિવિધ જૂના સિરીઝના બાકી રહેલા પસંદગીના નંબરો માટે ઓનલાઈન ઓક્શન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં ટુ વ્હીલર માટે GJ-08-EC, GJ-08-ED તેમજ ફોર વ્હીલર માટે GJ-08-FA, GJ-08-FB અને અન્ય સિરીઝના નંબરોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના પરિપત્ર મુજબ ગોલ્ડન અને સિલ્વર નંબરો માટેની બેઝ કિંમત તથા અન્ય નિયમો યથાવત રાખીને આ હરાજી સંપૂર્ણપણે ઓનલાઈન પદ્ધતિથી કરવામાં આવશે.

આ ઓનલાઈન ઓક્શન ડાયનેમિક બિડિંગ સિસ્ટમ પર આધારિત રહેશે, જેમાં અરજદારે હરાજી દરમિયાન વારંવાર રૂ.1000ના ગુણાંકમાં રકમ વધારીને બિડિંગ કરવાનું રહેશે. ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા તા.11/05/2026 સાંજે 4:00 વાગ્યાથી તા.13/05/2026 સાંજે 3:59 વાગ્યા સુધી રહેશે, જ્યારે બિડિંગ પ્રક્રિયા તા.13/05/2026 સાંજે 4:00 વાગ્યાથી તા.15/05/2026 સાંજે 3:59 વાગ્યા સુધી ચાલુ રહેશે. હરાજીનું પરિણામ તા.15/05/2026 સાંજે 4:00 વાગ્યે જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઓક્શનમાં ભાગ લેવા ઈચ્છુક અરજદારે પરિવાન વેબસાઈટ પર નોંધણી કરીને યુઝર આઈડી અને પાસવર્ડ બનાવવો ફરજિયાત રહેશે. સફળ બિડરોએ 5 દિવસની અંદર બાકી રકમ જમા કરાવવાની રહેશે, નહીં તો બેઝ પ્રાઈઝ જપ્ત કરીને ફરી હરાજી કરવામાં આવશે. નિષ્ફળ બિડરોને તેમની જ ચુકવણી પદ્ધતિ દ્વારા નાણાં પરત કરવામાં આવશે. આ અંગે વધુ વિગતો કચેરીના નોટિસ બોર્ડ તથા રજીસ્ટ્રેશન શાખામાં ઉપલબ્ધ છે.

# રખડતા પશુઓ સામે કોર્પોરેશનની સખત કાર્યવાહી, ગોતા વોર્ડમાંથી ૨૩ પશુઓ પકડાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શહેરમાં રખડતા પશુઓના વધતા ત્રાસને નિયંત્રિત કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારની 'રખડતા પશુત્રાસ અટકાવ અને નિયમન પોલિસી-૨૦૨૩'ના અમલરૂપે ઝોનવાઈઝ ટીમો બનાવી ત્રિપાળી પદ્ધતિથી રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરવામાં આવી રહી છે. ઉત્તર પશ્ચિમ ઝોનના ગોતા વોર્ડમાં સંયુક્ત ડ્રાઈવ દરમિયાન વિવિધ ઝોનની ટીમોએ મળીને જનતાનગર ફાટક અને ગોપાલનગર વિસ્તારમાં કાર્યવાહી કરી ૨૩ જેટલા બિનલાયસન્સધારક પશુઓ પકડ્યા હતા. આ કામગીરી આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર શ્રી શ્રેકુમાર સોનીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. કાર્યદરમિયાન કેટલાક પશુપાલકો દ્વારા પશુઓને છટકી જવા દેવાના બનાવો પણ સામે આવ્યા હતા, જેમાં એક વ્યક્તિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. કોર્પોરેશનના જણાવ્યા મુજબ, જાહેર માર્ગો પર પશુઓ છોડવાથી અકસ્માતો, ગંદકી અને લોકોની સલામતી માટે ગંભીર ખતરો ઊભો થાય છે. કોર્પોરેશનએ સ્પષ્ટ કર્યું છે કે જાહેર આરોગ્ય અને સલામતીને પ્રાથમિકતા આપતાં આવનારા સમયમાં પણ આવી કાર્યવાહી વધુ કડક બનાવવામાં આવશે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસર પગલાં લેવામાં આવશે.

# મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરતા માનવતાના પ્રહરી: સાવરકુંડલામાં છેલ્લા ૧૬ વર્ષથી ધબકતી અનોખી 'અસ્થિ બેંક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

માનવતાનું ઉત્તમ ઉદાહરણ સ્વજનોના 'ફૂલ'ને ગંગાજીમાં પધરાવી પવિત્ર ફરજ નિભાવતા સાવરકુંડલાના સેવાભાવી યુવાનો અસ્થિ બેંકના માધ્યમથી હજારો આત્માઓને મોક્ષગતિ અપાવતો અનોખો સેવાયજ્ઞ; કોઈ અપેક્ષા વગર સ્વખર્ચે હરિદ્વાર પહોંચી વિસર્જન કરતી કર્મઠ ટીમ સાવરકુંડલા સેવા પરમો ધર્મ અને માનવ સેવા એ જ પ્રભુ સેવા ના મંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરતા સાવરકુંડલાના સાઈ શક્તિ સેવા ટ્રસ્ટે સામાજિક ઉત્તરદાયિત્વની એક એવી મિશાલ કાયમ કરી છે, જે આજે સમગ્ર પંથક માટે પ્રેરણાનું કેન્દ્ર બની છે. છેલ્લા દોઢ દાયકાથી પણ વધુ સમયથી, જ્યારે સંસારની માયા છૂટે છે ત્યારે આ સંસ્થાના સ્વયંસેવકો મૃતાત્માઓના કલ્યાણ માટે મેદાને આવે છે.સાવર અને કુંડલા બંને સ્મશાનગૃહમાં આવતા મૃતકોના અસ્થિઓને સાચવવા માટે સંસ્થા દ્વારા અસ્થિ બેંક ચલાવવામાં આવે છે. ઘણીવાર આર્થિક બેંક'ચલાવવામાં આવે છે. ઘણીવાર આર્થિક મજબૂરી, એકલતા કે અન્ય અનિવાર્ય સંજોગોને કારણે પરિવારો પોતાના સ્વજનના અસ્થિ હરિદ્વાર લઈ જઈ શકતા નથી. આવા સમયે, આ પવિત્ર અસ્થિઓને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અને મર્યાદા સાથે સાચવવાની જવાબદારી ટ્રસ્ટ સ્વીકારે છે.આ સેવાની સૌથી ઉમદા અને હૃદયસ્પર્શી બાબત એ છે કે આ કાર્યમાં કોઈ પણ પ્રકારનો આર્થિક મોહ કે પ્રસિદ્ધિની ભૂખ રાખ્યા વગર. સંસ્થાના નિષ્ઠાવાન સ્વયંસેવકો દીપકભાઈ ગોહિલ હિતેશભાઈ ત્રિવેદી કૃણાલભાઈ ચૌહાણ ભુપતભાઈ મકવાણા ગુણવંતભાઈ આંબલીયા તેમજ અનિલ દાદા ખીરા આ તમામ સેવાભાવી મિત્રો વર્ષમાં બે વાર પોતાના વ્યક્તિગત ખર્ચે હરિદ્વારની યાત્રા કરે છે. ગંગાજીના તટ પર વિધિવત પૂજન-અર્ચન કરી, હજારો સ્વજનોના અસ્થિઓનું વિસર્જન કરી તેમને મોક્ષની ગતિ અપાવે છે.આજની ભૌતિકવાદી દુનિયામાં, જ્યાં ડગલે ને પગલે સ્વાર્થ જોવા મળે છે.

# રાજ્યપાલ સાથે એર માર્શલ તેજિન્દર સિંહની શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ તેજિન્દર સિંહે ગાંધીનગરના લોકભવન ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ અવસરે રાજ્યપાલશ્રીએ એર માર્શલ તેજિન્દર સિંહને નવી જવાબદારી સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મુલાકાત દરમિયાન રાજ્યની સરહદી સુરક્ષા, આપત્તિ વ્યવસ્થાપનમાં વાયુ સેનાની ભૂમિકા તેમજ દેશના સૈન્ય સામર્થ્ય જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. રાજ્યપાલશ્રીએ ભારતીય વાયુ સેનાના જવાનોની બહાદુરી, નિષ્ઠા અને રાષ્ટ્રસેવામાં તેમના યોગદાનને બિરદાવતા તેમની કામગીરીને સરાહનીય ગણાવી હતી.

# રાજ્યપાલ સાથે જાપાનમાં ભારતના રાજદૂત નગમા મલિકની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે જાપાનમાં ભારતના રાજદૂત સુશ્રી નગ્મા મોહમ્મદ મલિકે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ તેમને નવી જવાબદારી માટે અભિનંદન પાઠવતા ભારત-જાપાન સંબંધોમાં ગુજરાતની મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરી હતી. મુલાકાત દરમિયાન ગુજરાત અને જાપાન વચ્ચેના આર્થિક તથા સાંસ્કૃતિક સહકારને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ જેવી પહેલોમાં જાપાન સતત મહત્વનો ભાગીદાર રહ્યો છે. સુશ્રી નગ્મા મલિકે ગુજરાતમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતી અને ગ્રામ કલ્યાણ કાર્યક્રમોમાં રસ દર્શાવ્યો હતો. ૧૯૯૧ બેચની આઈએફએસ અધિકારી તરીકે તેઓએ અગાઉ પોલેન્ડ, બ્રુનેઈ અને ટ્યુનિશિયામાં મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે. વિદેશ મંત્રાલયમાં ડેપ્યુટી ચીફ પ્રોટોકોલ તરીકે સેવા આપનાર પ્રથમ મહિલા અધિકારી તરીકે પણ તેમની વિશેષ ઓળખ રહી છે.

## વાઈબ્રન્ટ ગુજરાતમાં 'સસ્ટેનેબિલિટી હિલ' આકર્ષણનું કેન્દ્ર, ઈકો-ફ્રેન્ડલી ટેક્સટાઈલ્સને પ્રોત્સાહન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરતમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રદર્શનમાં 'સસ્ટેનેબિલિટી હિલ' વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે, જ્યાં ટેક્સટાઈલ ઉદ્યોગ અને પર્યાવરણલક્ષી અભિગમનો સમન્વય રજૂ કરવામાં આવ્યો છે. 'ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેબ્રિક અને ફેબ્રિક ટુ ફેશનથી ફોરેન' સુધીની સમગ્ર સફરને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે જીવંત રીતે રજૂ કરવામાં આવી રહી છે. ટેક્સટાઈલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસોસિએશન દ્વારા તૈયાર કરાયેલા આ ઈન્સ્ટોલેશનમાં માત્ર કપાસ જ નહીં, પરંતુ બામ્બુ, હેમ્પ, ફ્લેક્સ, બનાના અને હિમાલયન ઘાસ જેવા કુદરતી સ્ત્રોતોમાંથી બનતા ફેબ્રિક્સનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આ ફેબ્રિક્સ પર્યાવરણને અનુકૂળ હોવા સાથે ખેડૂતો માટે આવકના નવા માર્ગો ઊભા કરે છે. ટાડાના ચેરમેન અજોય ભટ્ટાચાર્યના જણાવ્યા મુજબ, સુરત ટેક્સટાઈલ ક્ષેત્રમાં વૈશ્વિક આગેવાની તરફ આગળ વધી રહ્યું છે અને હવે ઈકો-ફ્રેન્ડલી ફેબ્રિક્સના વિકાસથી આંતરરાષ્ટ્રીય બજારમાં નવી તકો ઊભી થશે. ખાસ કરીને વેસ્ટમાંથી બેસ્ટના અભિગમથી કેળા અને વાંસ જેવા સ્ત્રોતોનો ઉપયોગ ખેડૂતો માટે લાભદાયક સાબિત થઈ શકે છે. ૩,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ઉભેલી આ 'સસ્ટેનેબિલિટી હિલ'માં ફેબ્રિક અને એનર્જી એમ બે મુખ્ય વિભાગો દ્વારા ટેક્સટાઈલ ઉત્પાદન પ્રક્રિયા અને રિન્યૂએબલ એનર્જીના ઉપયોગને સમજાવવામાં આવી રહ્યું છે. ઉદ્યોગકારો અને યુવા સાહસિકો માટે આ પ્રદર્શન માર્ગદર્શક અને જ્ઞાનવર્ધક બની રહ્યું છે. પ્રદર્શન તા. ૫ મે સુધી ખુલ્લું રહેશે અને ગુજરાતને ગ્લોબલ ટેક્સટાઈલ હબ સાથે પર્યાવરણ સુરક્ષા ક્ષેત્રે અગ્રેસર બનાવવાના સંકલ્પને મજબૂત બનાવે છે.

## ગુજરાતના જળાશયોમાં પાણીનો જથ્થો ૫૯% પાર, સરદાર સરોવરમાં ૭૨%થી વધુ સંગ્રહ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં સારા ચોમાસા અને સુચારૂ જળ વ્યવસ્થાપનના પરિણામે ગુજરાતના મુખ્ય જળાશયોમાં પાણીનો જથ્થો નોંધપાત્ર રીતે વધ્યો છે. તાજેતરની સ્થિતિ મુજબ રાજ્યના ડેમોમાં કુલ ૫૯.૭૫ ટકા પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની સરખામણીએ આશરે ૯ ટકા વધુ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જળાશયમાં હાલ ૭૨.૩૩ ટકા પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની તુલનાએ વધુ મજબૂત સ્થિતિ દર્શાવે છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં પણ પાણીની ઉપલબ્ધતા સુધરી છે, જેમાં મધ્ય ગુજરાતમાં સૌથી વધુ ૫૯ ટકા કરતાં વધુ જથ્થો નોંધાયો છે. વિસ્તારવાર જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં ૫૪.૧૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૯.૧૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૪૫ ટકા અને કચ્છમાં ૩૭.૧૨ ટકા પાણી સંગ્રહિત છે.

## શહેરી આરોગ્ય સેવાઓમાં મોટો સુધારો: 'જન આરોગ્ય સમિતિ' ગઠન અને આરોગ્ય મંદિરોને વધુ સશક્ત બનાવાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં શહેરી આરોગ્ય સેવાઓને વધુ સુદ્ઢ અને લોકભાગીદારી આધારિત બનાવવા આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. આયુષ્માન ભારત કાર્યક્રમ અંતર્ગત કાર્યરત શહેરી આરોગ્ય કેન્દ્રોને હવે 'શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર' તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે અને તેના સંચાલનમાં પારદર્શિતા વધારવા 'જન આરોગ્ય સમિતિ'ની રચના કરવામાં આવશે. મંત્રીએ જણાવ્યું કે આ આરોગ્ય મંદિરો માત્ર સારવાર પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ પ્રિવેન્ટિવ, ક્યોરેટિવ, પ્રમોટિવ, રિહેબિલિટેટિવ અને પેલિયેટિવ સેવાઓનું કેન્દ્ર બનશે. રાજ્યમાં દર ૨૦ થી ૨૫ હજાર વસ્તી દીઠ એક આરોગ્ય મંદિર કાર્યરત છે, જે પ્રાથમિક આરોગ્ય સેવાઓને ઘરઆંગણે ઉપલબ્ધ બનાવે છે. નવી વ્યવસ્થામાં સ્થાનિક વોર્ડ સભ્યને સમિતિના અધ્યક્ષ અને મેડિકલ ઓફિસરને સભ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવશે. સમિતિને નાણાકીય સ્વાયત્તતા આપવા માટે યુપીએચસી સ્તરે રૂ. ૧.૭૫ લાખ અને આરોગ્ય મંદિર સ્તરે રૂ. ૧ લાખના અનટાઈડ ફંડની જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કરીને સમિતિમાં ઓછામાં ઓછું ૫૦ ટકા મહિલા પ્રતિનિધિત્વ ફરજિયાત રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.સી./એસ.ટી., લઘુમતી, મહિલા સ્વસહાય જૂથો, રહેણાંક સંસ્થાઓ તેમજ શિક્ષણ ક્ષેત્રના પ્રતિનિધિઓને સામેલ કરી વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. ટીબી ચેમ્પિયન્સ, કેન્સર સર્વાઈવર્સ, દિવ્યાંગ અને ટ્રાન્સજેન્ડર સમુદાયને પણ ખાસ આમંત્રિત તરીકે જોડવામાં આવશે.

## બનાસકાંઠામાં ACBની ટ્રેપ: તલાટી ૧૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રામપુરા (દામા) ગ્રામ પંચાયતમાં એન્ટી કરપ્શન બ્યુરોએ સફળ ટ્રેપ ગોઠવી તલાટી કમ મંત્રી કીર્તિ કુમાર રામાભાઈ પ્રજાપતિને રૂ. ૧૫,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. ફરીયાદી દ્વારા જણાવ્યા મુજબ, ૧૫મા નાણાં પંચ હેઠળ કરાયેલા વિકાસ કામોના બિલ મંજૂર કરવા બદલ આક્ષેપિતે ટકાવારી પેટે લાંચની માંગણી કરી હતી. લાંચ આપવાની ના પાડી ફરીયાદીએ એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરતા ગોઠવાયેલા ટ્રેપ દરમિયાન આરોપીએ લાંચની રકમ સ્વીકારતા જ ઝડપાઈ ગયો હતો. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ.એસ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી, જ્યારે મદદનિશ નિયામક શ્રી કે.એચ. ગોહિલના સુપરવિઝનમાં સમગ્ર ટ્રેપ સફળ બન્યો હતો.

## AMCનો ફૂડ વિભાગ સખત મૂડમાં: એપ્રિલમાં ૨૧૫૩ એકમોની તપાસ, ૪૦ નમૂનાઓ નિષ્ફળ, અનેક એકમો સીલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા એપ્રિલ-૨૦૨૬ દરમિયાન શહેરભરમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ વ્યાપક ચેકિંગ અભિયાન હાથ ધરાયું હતું. આ દરમિયાન કુલ ૨૧૫૩ ખાદ્ય ધંધાકીય એકમોની તપાસ કરવામાં આવી, જેમાંથી ૪૭૮ને નોટિસ ફટકારવામાં આવી હતી. વિભાગ દ્વારા કુલ ૬૩૩ ખાદ્ય નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેમાંથી ૪૦ નમૂનાઓ અપ્રમાણિત જાહેર થતાં સંબંધિત વ્યવસાયકારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સાથે જ આશરે ૧૦૧૫ કિલો/લિટર બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો અને રૂપિયા ૧૧.૫૧ લાખનો વહીવટી ચાર્જ વસૂલાયો છે. ચેકિંગ દરમિયાન ઠંડાપીણા, દૂધ અને દૂધજન્ય પદાર્થો, મીઠાઈ, પાનીપુરી, બેકરી, નોનવેજ અને મસાલા સહિત વિવિધ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. કુલ ૩૫૩ ટીપીસી ટેસ્ટ પણ હાથ ધરાયા હતા. કર્યવાહી દરમિયાન અનેક સ્થળોએ અનહાઈજીનિક પરિસ્થિતિ, લાયસન્સનો અભાવ અને ભેળસેળ જેવા ગંભીર ભંગાણો સામે આવતા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ખાદ્ય એકમોને સીલ કરવામાં આવ્યા હતા. તેમાં વસ્ત્રાલ, નવરંગપુરા, અમરાઈવાડી, બાપુનગર, ગોતા, શાહપુર અને આંબાવાડી જેવા વિસ્તારોના રેસ્ટોરન્ટ, ડેરી અને ફૂડ એકમોનો સમાવેશ થાય છે. ફૂડ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આવનારા સમયમાં પણ લાયસન્સ વિના કાર્યરત તથા હાઈજીનના નિયમોનું પાલન ન કરતા એકમો સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

# ભાજપના વિજયે 'શ્રી કમલમ'માં જશ્ન, બંગાળ-આસામ-પુડુચેરી જીતની ઉજવણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં ભાજપના વિજયને લઈને ગાંધીનગર સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભવ્ય વિજયોત્સવ ઉજવાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં કાર્યકરોએ ઢોલ-નગારાના તાલે અને દેશભક્તિના નાદ સાથે જીતનો જશ્ન મનાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બંગાળમાં ભાજપનો વિજય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસલક્ષી રાજનીતિ પર જનતાનો વિશ્વાસ દર્શાવે છે. તેમણે આ પરિણામોને 'વિકસિત ભારત 2047'ના સંકલ્પનો વિજય ગણાવ્યો હતો. પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ જીતને કાર્યકર્તાઓના સંઘર્ષ, માતા-બહેનોના આશીર્વાદ અને લોકકલ્યાણના કાર્યોનું પરિણામ ગણાવી સમગ્ર જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. જ્યારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે આ વિજય બંગાળમાં પરિવર્તનનું પ્રતીક છે અને હવે કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચશે. ઉજવણી દરમિયાન 'શ્રી કમલમ' ખાતે બંગાળની પ્રસિદ્ધ ઝાલમુરીનો સ્ટોલ પણ આકર્ષણ બન્યો હતો, જ્યાં આગેવાનો અને કાર્યકરોએ ઝાલમુરીનો સ્વાદ માણ્યો અને રસગુલ્લાથી મોં મીઠું કરી વિજયની ખુશી વ્યક્ત કરી હતી. વિજયોત્સવમાં પક્ષના અનેક પદાધિકારીઓ, મંત્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહી જીતને ઉમંગભેર વધાવી હતી.



## ગુજરાત ગૌરવ દિને શિહોલી મોટીમાં પ્રાકૃતિક ખેતીનો સંદેશ, તાલીમ અને સન્માન સમારોહ યોજાયો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત ગૌરવ દિનના અવસરે ગાંધીનગર જિલ્લાના શિહોલી મોટી ખાતે પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર માટે ભવ્ય તાલીમ અને સન્માન સમારોહ યોજાયો હતો. 'પ્રાતેનમા પ્રાકૃતિક ફાર્મ' ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ખેડૂતોને દેશી ગાય આધારિત ખેતી, દેશી બીજ અને પ્રાકૃતિક પદ્ધતિઓ અંગે જીવંત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ફેડરેશનના પ્રમુખ હિતેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં નવનિયુક્ત જિલ્લા સદસ્ય દિલીપજી ઠાકોરનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે તેમના હસ્તે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં વિવિધ નિષ્ણાતોએ પ્રાકૃતિક ખેતીના લાભો સમજાવી ખેડૂતોને આ પદ્ધતિ અપનાવવા પ્રેરિત કર્યા હતા. કર્ણાટકથી આવેલી ગીથા કેકોબાડેએ પણ પોતાના ઉદબોધનમાં ખેતી વિષયક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. કાર્યક્રમમાં ગાંધીનગર અને દહેગામ તાલુકાના ખેડૂતો સાથે યુવાનો અને વિવિધ ક્ષેત્રના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આયોજન દરમિયાન ઉપસ્થિત સૌ માટે ચા-નાસ્તા અને ભોજનની સુવિધા પણ રાખવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી પર્યાવરણમૈત્રી વિકાસ તરફ આગળ વધવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગરમાં સેવાભાવનો જ્યોત: રક્તદાન શિબિરમાં ૧૨૧ યુનિટ રક્ત સંગ્રહ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરમાં સેવાભાવને પ્રોત્સાહિત કરતા રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૨૧ યુનિટ રક્ત એકત્ર થતાં માનવતાનો ઉમદા સંદેશ પ્રસરી ગયો. કુડાસણ સ્થિત હોટલ પ્રોમીનેન્ટ ખાતે યોજાયેલા આ કેમ્પમાં નાગરિકો અને યુવાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જી. આર.ડબલ્યુ.એ., ધ સ્ટેટલી સામવેદ, એન.આર. ભારત, ક્રેડાઈ ગાંધીનગર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી (ગાંધીનગર)ના સંયુક્ત આયોજનમાં યોજાયેલા આ સેવાયજ્ઞમાં રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી કાંતિભાઈ અમૃતિયા, ધારાસભ્ય રીટાબેન પટેલ અને અલ્પેશભાઈ ઠાકોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું કે રક્તદાન માનવ જીવન બચાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે અને થેલેસેમિયા પીડિતો તથા ઈમરજન્સી દર્દીઓ માટે આવી શિબિરો આશીર્વાદરૂપ બને છે. ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓએ પ્રથમવાર રક્તદાન કરી સામાજિક જવાબદારી નિભાવી હતી. શિબિર દરમિયાન રક્તદાતાઓ માટે અલ્પાહાર અને આરામની સુવિધા સાથે પ્રમાણપત્ર, ડોનર કાર્ડ અને સ્મૃતિચિહ્નો આપવામાં આવ્યા હતા. આયોજકોએ ભવિષ્યમાં પણ આવા સેવા કાર્યક્રમો ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.



## સખી વન સ્ટોપ સેન્ટર બની સહારો: હિંસાગ્રસ્ત યુવતીને મળ્યું નવું જીવનમાર્ગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ


ગાંધીનગરમાં કાર્યરત 'સખી વન સ્ટોપ સેન્ટર' ફરી એક વખત સંવેદનશીલ કામગીરી માટે ચર્ચામાં આવ્યું છે. પરિવારજનોની હિંસાનો ભોગ બનેલી એક યુવતીને આ કેન્દ્રે સમયસર આશ્રય, સારવાર અને કાયદાકીય સહાય પૂરી પાડી તેને સુરક્ષિત જીવન તરફ દોરી છે. ૨૨ એપ્રિલ, ૨૦૨૬ની રાત્રે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મારફતે ૨૭ વર્ષીય યુવતી ડરેલી હાલતમાં સેક્ટર-૧૨ સ્થિત સેન્ટર પર પહોંચી હતી. શરીર પર મારપીટના નિશાન સાથે આવેલી યુવતી શરૂઆતમાં કંઈ કહેવા તૈયાર ન હતી, પરંતુ સેન્ટર દ્વારા આશ્રય અને આરામની સુવિધા આપવામાં આવી. કાઉન્સેલિંગ દરમિયાન બહાર આવ્યું કે પરિવારજનો સાથેના મતભેદ અને લગ્ન સંબંધિત વિવાદને કારણે ઝઘડો થયો હતો, જે હિંસામાં ફેરવાયો.

## ઈન્સ્ટાગ્રામ પર 'જ્યોતિષ ગુરૂમા' બની છેતરપીંડી અને બ્લેકમેઈલિંગ કરનાર ઈસમ ઝડપાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ


અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાંચે સોશિયલ મીડિયા પર જ્યોતિષ અને 'કિન્નર ગુરૂમા' તરીકે ઓળખ આપી લોકો સાથે છેતરપીંડી અને બ્લેકમેઈલિંગ કરનાર એક આરોપીને ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. આ કેસમાં આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી ભોગ બનનારાઓનો વિશ્વાસ જીત્યા બાદ તેમની વ્યક્તિગત માહિતી મેળવી અને પછી તેમને બ્લેકમેઈલ કરી રૂપિયા ઉઘરાવ્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપીઓ 'astrologer pooja_kinnar_maa' નામની ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે પ્રેમસંબંધ અને લગ્નજીવનની સમસ્યાઓનું સમાધાન કરવાના બહાને લોકોનો સંપર્ક કરતા હતા. બાદમાં વિધી અને પૂજાના નામે ફોટા મંગાવી, તેને એડિટ કરી વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનારાઓને માનસિક રીતે દબાણમાં લઈ નગ્ન વીડિયો કોલ કરવા મજબૂર કરતા હતા. આ વિડિયો અને ફોટાના આધારે તેઓ બ્લેકમેઈલ કરી રૂપિયા પડાવતા હતા. આ રીતે આરોપીઓએ ભોગ બનનાર પાસેથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂપિયા ૧.૪૩ લાખથી વધુ રકમ વસૂલ કરી હતી. સાયબર ક્રાઈમ બ્રાંચે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરીને મુખ્ય આરોપી રજનીશ ગોવિંદલાલ ભાર્ગવ (રહે. બિકાનેર, રાજસ્થાન) ને ઝડપી પાડી અમદાવાદ લાવી અટકાયત કરી છે અને રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસમાં વધુમાં ખુલ્યું છે કે આરોપીઓએ છેલ્લા બે વર્ષમાં આશરે ૬૦ લાખ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કર્યા છે અને છેલ્લા એક મહિનામાં જ લગભગ ૩૦૦ લોકોનો સંપર્ક કરી ૬૫થી વધુ લોકોને ભોગ બનાવ્યા છે.

# ચૂંટણી ના પરિણામો



- રુપાલી દવે

જાલ મુરીજાલ મુરી.. જાલ મુરી.. પશ્ચિમ બંગાળ માં ચૂંટણી પ્રચાર વખતે મોદીજી ની જાહેરાત "જાલ મુરી" ફ્રી બાદ માં પશ્ચિમ બંગાળ ના લોકો એ રીતેસર ના વોટ ની આંધી તુફાન વરસાવી દીધા હતા.પ્રથમ ચરણ નું વોટિંગ અને બીજા ચરણ નું ૯૦% થી અપ થતા. પોલિટિકલ એનાલિટિક્સ નું માનવું હતું કે એક તરફુ વોટિંગ મમતા સરકાર ની વિરુદ્ધ નું છે પણ અમુક ન્યૂઝ ચેનલો નું માનવું હતું કે કદાચ બીજેપી ના હિન્દુ તરફી ચૂંટણી પ્રચાર ને લીધે લોકો મમતા સરકાર ના બચાવ માટે બહાર નિકળ્યા હોય,કેમ? પશ્ચિમ બંગાળમાં હિન્દુ મુસ્લીમ જેવું નથી. આ એવું થયું કે કાકા નો દીકરો ઘર માં વસ્યા બાદ અમુક વર્ષો બાદ હક અધિકાર કરીને દાદાગીરી થી પરિવાર ના સભ્યો ના પડાવવા લાગે બિલકુલ એવું થયું.અન્ન એવા મન સાચી વાત છે પણ જ્યારે બાહરી વ્યક્તિ ના અધિકાર નું પ્રભુત્વ વધવા લાગે ત્યારે પરિવાર ના મુખ્યા ને પીછેહઠ કરવી પડે એવો ચિતાર અત્યારે પશ્ચિમ બંગાળ ની થઈ ગઈ હતી. જનતા ને લાંબા સમય સુધી ગુદાગીરી રોફ થી ડરાવવા પ્રયત્ન કરો તો અંતે ભમરીના બચ્ચા ઈયળની બગાવત જેવું જ થાય છે. કુદરત માં એક માત્ર ભમરી બચ્ચા પેદા કરતી નથી એટલે એ ઈયળ ને માટી ના ભોંયમાં પૂરી ને દર બંધ કરી દે છે. કલાકે મિનિટે ભોંય ના કાણા માંથી આંખ દેખાડી દેખાડી ને એને ભયભીત કર્યા કરે છે.આ કારણોસર ઈયળ ભલે ઈયળ નું બચ્ચું હોય પણ એનો વિકાસ ભમરી સ્વરૂપે થાય છે ત્યારે એનો સ્વભાવ રંગ રૂપ પણ ભમરી જેવા થઈ જાય છે. ચૂંટણી ના પરિણામો ની ભાવના સંભાવના સાંભળી ને મમતા જી ની પાર્ટી માં રાતોરાત ખલબલી મચી જતા પોલિંગ બુથ આગળ ધરણા કરીને ભાષણ આપ્યું કે "ગુજરાતી જાલ મુરી .... ગુજરાતી જાલ મુરી હમે પસંદ નાઈ... નહી ચોલબો નહી ચલબો..નહી ચાલબો..ચૂંટણી ના ગણિત ઉકેલવા સંકેલવા અઘરા છે કેમ? નેતા સમજતા હોય છે કે પબ્લિક ગાંડી અને મુખી છે પડદા પાછળ મદારી ના ખેલ કરીને ડુગડુગી વગાડશું તો ખેલ ના બદલ પબ્લિક આંખ અને કાન બંધ કરીને વોટ કરશે. આજ થી વીસ પચ્ચીસ વર્ષ પહેલા ગુજરાત ના શહેરો તો ઠીક ગામડા ના રોડ રસ્તા અને લોકોની માનસિકતા સરખી હતી. ત્યારે વેરાવળ જેવા નાનકડા ગામડા ની હાલત ખરાબ હતી ને માણસો ની માનસિકતા પણ વિચિત્ર હતી. બેત્રણ દિવસ પહેલા મારે વેરાવળ જવાનું થયું ત્યારે ત્યાંના એ ક્લાસ રોડ રસ્તા ને અમદાવાદ ની જેવું કલ્ચર જોતા થયું કે કોણ આ ગામ ને નાનું ગામ કહે? રાત્રિ ના સાડા બાર વાગ્યા સુધી ચારેય બહેનપણીઓ બરફ ના ગોળો ખાતા ખાતા કલાકો વાતો કર્યા બાદ અમારા સ્થળે પહોંચ્યા ત્યારે પણ રોડ રસ્તા,રેસ્ટોરન્ટ, લારી ગલ્લા પબ્લિક ની ચહલ પહલ થી ધમધમતા હતા.જ્યાં સ્ત્રીઓની સ્વતંત્રતા અને રોકટોક સચવાઈ એનું નામ વિકાસ કહેવાય પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન"જાલ મુરી" એ પક્ષ વિપક્ષ નો અભિમાન નો સવાલ બની ગઈ હતી. આ પંચાત માં તો ન્યૂઝ ચેનલ વિશેષજ્ઞ એ કામચલાઉ જાલ મુરી થેલો બનાવી ને બંગાળ ની પ્રજા ને આકર્ષવા મોદીજી એ નાટક કર્યું હતું.આ જગ્યા એ ચૂંટણી બાદ ન તો ઠેલો ન તો ઠેલા માંની જાલ મુરી બધું ગાયબ છે એવું નિવેદન પણ જાહેર કરી દીધું."જાલ મુરી" ની ગોસીપ એટલી હદે ચાલી ને કે ચૂંટણી ના દિવસો માછલીઓના જીવ ને શાંતિ મળી ગઈ હતી. આજ તક ન્યૂઝ ચેનલમાં તો અંજના ઓમ કશ્યપ એ અન્ય એંકરો સાથે જાલ મુરી ના પડીકા હાથ માં પકડીને ખાસ શો પણ કરી નાખ્યો હતો. દેશ માં ગમે તે સ્ટેટ માં ચૂંટણી ના બ્યુગલ વાગે પણ અસર અમારી જય મંગલ સોસાયટી માં થાય થાય એટલું નક્કી. જય મંગલ સોસાયટી "મોદી ભક્ત" એટલે પૂરે પૂરી ભગવા રંગ માં રંગાયેલ સમજો.ટૂંક માં એટલું સમજો મોદીજી જે કરે એ આપણે કરવું પડે નહિતર બાપા ને ખોટું લાગે.હરખ પદુડા સોસાયટી સભ્યો એ પોતાના ખર્ચે વોટિંગ ના દિવસે જાલ મુરી ફ્રી ના બેનર લગાવ્યા એમાં ચેરમેન ની સમસ્યા વધી હતી. જાલ મુરી ફ્રી ના બેનરો વાંચી ને સોસાયટી ના સત્સંગ બૈરા મંડળ એ સોસાયટી ના કમિટી ના ચેરમેન ને ધમકાવતા કીધું કે એલા!! ઓય,મમરા માં તે વળી શું ખાવાનું હતું? બધા ને ઘેર મમરા ના ડબ્બા ભર્યા હોય છે. અમારા ઘરવાળા તો બે દિવસ માં બકરી મોઢે ચાવી પણ નાખે છે. ચેરમેન એ મોઢાં માંથી તમાકુ સાઈડ માં થૂંકતો બોલ્યા કે મારી માતાજી ઓ બેનરો ચશ્મા પહેરી ને ધ્યાન થી વાંચો ગુજરાતી મમરા નથી લખ્યું જાલ મુરી લખ્યું છે અરે!!આજ આપણા મોદીજી ના માન માં એ પ્રેમ થી ખાઈ નાખવાની. સત્સંગ બૈરા મંડળ ને મમરા એ જાલ મુરી ની સાસુ જ લાગતા ચેરમેનની વાત ન માની. સોસાયટીના ચેરમેન એ વિચાર્યું કે સાસુ હાજર હોય તો વહુ ના વખાણ કરવા એ મૂર્ખતા છે એટલે એણે વિનમ્ર ભાવે બૈરા સત્સંગ મંડળ ને પૂછ્યું કે વોટિંગના દિવસે પોલિટિકલ મેનુ સાથે સોશિયલ મેનૂ રાખીએ તો.ચેરમેન ની વાત સાંભળતા જ બૈરાઓ ખુશખુશાલ થતા બોલ્યા કે એલા!!સોશિયલ સોશિયલ..મતલબ જાલ મુરી ની જગ્યા એ મેનૂ ભેળ રાખ બનાવવામાં સરળ ને બાળક થી લઈને વૃદ્ધની મનપસંદ. જાલ મુરી અને ભેળ વચ્ચે શું ફર્ક? સોસાયટી ના ચેરમેન શોધવા ખૂબ પ્રયત્ન કર્યો અંતે પરિણામ શૂન્ય મળ્યું.જય મંગલ સોસાયટીમાં જાલ મુરી પંચાત એ ચેરમેન ના માથા નો દુખાવો વધાર્યો હતો.સોસાયટીના હરખ પદુડા સો ટચ ગોલ્ડ પટેલ ભાઈ એ ચેરમેન નો થાકેલો ચહેરો જોતા પૂછ્યું કે રામ રામ મોટાભાઈ ચહેરા પરની ઉડી ગયેલ હવા પરથી અનુમાન કરી શકાય છે કે તમારા સાસુ ગોમતી બા નું આગમન થયું છે. અરે!!બાપરે, તમારા સાસુ ના આગમન માં મારા ઘર ની પથારી મારી સાસુ ફેરવી નાખશે.બે ત્રણ મિનિટ બાદ સુખ નો ઓડકાર ખાતા પટેલ ભાઈ બોલ્યા કે લે એલા મન માંથી જ નીકળી ગયું કે હઈશ શાંતિ મારી સાસુ વોટ કરવા ગામડે ગયા છે ને પંદર દિવસ બાદ જ પરત પધારવા ના છે. સોસાયટી ના ચેરમેન એ પટેલ ભાઈ ને કહ્યું કે વેવલા સેક્રેટરી એ મોદીજી ના માન માં વોટિંગ ના દિવસે જાલ મુરી ફ્રી ના બેનર લગાવ્યા બાદ સત્સંગ બૈરા મંડળ એ ફેલાવેલ સમાચાર ને લીધે મારુ આવી બન્યું છે.શાંતિ થી તમાકુ પણ ખાઈ શકતો નથી જેવું મોઢા માં તમાકુ ખોસું એ ભેગા સોસાયટીના લોકો "જાલ મુરી ની સાથે ભેળ" નું મેનૂ બેસ્ટ છે બોલી ને ગુસ્સો કરાવે છે. જાલ મુરી અને ભેળ એક જ આઈટમ ના બે નામ છે આવું કેટ કેટલા ને સમજાવ્યું પણ.. જવા દ્યો..
૪ થી મે ના ચોંકાવનારા પશ્ચિમ બંગાળ ના પરિણામ આવતા જ બંગાળ સિવાઈ ના અન્ય સ્ટેટ ના લોકો ને પણ ખૂબ ખુશી થઈ છે. કોઈપણ સ્ટેટ માં મુસાફરને હરવા ફરવા નું આસન થાય તો જ એ ત્યાં જવાનું પસંદ કરતા હોય છે. બીજેપી શાસક રાજ્યો ની વિકાસની પરિભાષા વિશિષ્ટ છે એટલે નથી કહેતી. હૈદરાબાદ, બેંગલોર વગેરે વગેરે દક્ષિણ ના રાજ્યો પણ બિન બીજેપી છે છતાંય ત્યાં સલામતી અને ભરપુર વિકાસ છે જ પણ પશ્ચિમ બંગાળની ગુંડાગર્દી થી મોટા ભાગ ના પ્રવાસીઓ વાકેફ જ હશે.આ વર્ષે પોલિટિકલ એનાલિસિસ નું માનવું છે કે આ વર્ષે સરકારે કરાવેલ sir,સીમાંકન નો મુદ્દો અને ચુસ્ત લશ્કરી ટુકડીઓ ની હાજરીને લીધે લોકોની અંદર ઊંડે ઊંડે સુધી બેસેલો Tmc ગુંડાઓનો મનમાં ભય દૂર થતા મોટા પ્રમાણમાં લોકો વોટ આપવા બહાર નીકળ્યા હતા. આ કારણોસર બીજેપી ની બમ્પર જીત નું વિવિધ ન્યૂઝ ચેનલો માં પોલિટિકલ નિષ્ણાતો દ્વારા એનાલિસિસ થઈ રહ્યું છે પરંતુ મારું માનવું છે કે ભારતીય પ્રજા ને વિશ્વ ની સૌથી સહિષ્ણુ પ્રજા માનવા માં આવે છે. પ્રજા જ કર્તાહર્તા સમાહર્તા છે એટલે રાજ્યાભિષેક કરવાની અને ધૂળ ચટાવવા ની તાકાત પ્રજા પાસે છે એ રાજકારણીઓ ભૂલવું જોઈએ નહી.




# આયુષ્માનની ફિલ્મ પર ચીટિંગને પ્રમોટ કરવાનો આરોપ

## એક્ટરની 'પતિ પત્ની ઔર વો 2' ફિલ્મ પર સ્પષ્ટતા, કહ્યું- એક સ્વચ્છ પારિવારિક મૂવી છે

(એજન્સી) મુંબઈ | તા.04

આયુષ્માન ખુરાનાની આગામી ફિલ્મ 'પતિ પત્ની ઔર વો દો'નું ટ્રેલર રિલીઝ થતા જ વિવાદોમાં ઘેરાઈ ગયું છે. સોશિયલ મીડિયા પર ફિલ્મ પર લગ્નમાં છેતરપિંડીને પ્રોત્સાહન આપવા અને તેને મનોરંજક રીતે દર્શાવવાના આરોપો લાગી રહ્યા છે.

જોકે, હવે ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન આયુષ્માન ખુરાના અને રકુલ પ્રીત સિંહે આ આરોપોનો જવાબ આપ્યો છે. એક્ટરનો દાવો છે કે ફિલ્મમાં તેનો કિરદાર 'ગ્રીન ફ્લેગ' છે અને તે કોઈપણ પ્રકારની બેવફાઈ કે છેતરપિંડીને પ્રોત્સાહન આપતી નથી.

લગ્નમાં છેતરપિંડીને પ્રોત્સાહન આપવાનો આરોપ ફિલ્મનું ટીઝર આવ્યા બાદથી જ કેટલાક લોકો તેના પર સવાલ ઉઠાવી રહ્યા હતા. વિવેચકોનું કહેવું છે કે ફિલ્મમાં એક પરિણીત પુરુષનો અન્ય સ્ત્રીઓ સાથે અફેર બતાવવો સમાજમાં ખોટો સંદેશ આપી શકે છે. આરોપ છે કે આવી વાર્તાઓથી લોકો લગ્નમાં પાર્ટનરને છેતરવા માટે પ્રેરિત થઈ શકે છે. આને 'ચીટિંગ'ને ગ્લોરિફાય કરતી ફિલ્મ ગણાવવામાં આવી રહી હતી.

આયુષ્માને કહ્યું- મારું મોરલ કંપાસ સાચું છે આ આરોપોને નકારી કાઢતા આયુષ્માન ખુરાનાએ ટ્રેલર લોન્ચ પર પોતાની સ્પષ્ટતા આપી. તેણે કહ્યું, 'આ ફિલ્મ ચાર પાત્રોની ગૂંચવણો વિશે છે. મારો જે રોલ છે એટલે કે પ્રજાપતિ પાંડે, તે સંપૂર્ણપણે એક 'ગ્રીન ફ્લેગ' પાત્ર છે. તેનો નૈતિક હોકાયંત્ર બિલકુલ સાચો છે. અમે કોઈપણ પ્રકારની છેતરપિંડીને પ્રોત્સાહન આપી રહ્યો નથી કારણ કે આ એક સ્વચ્છ પારિવારિક ફિલ્મ છે. આ ફક્ત એક કોમેડી ઓફ એરર્સ છે, જેમાં પ્રજાપતિનો કોઈની સાથે કોઈ અફેર નથી.

રકુલે કહ્યું- માત્ર કોમેડી છે એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહે પણ આયુષ્માનની વાતનું સમર્થન કર્યું. તેણે કહ્યું, આ ફિલ્મ ગેરસમજો પર આધારિત છે. આવી પરિસ્થિતિ કોઈની પણ સાથે થઈ શકે છે. લોકો ચોક્કસપણે તેનાથી સંબંધિત થશે. તેને વિવાદના દૃષ્ટિકોણથી જોવાને બદલે મનોરંજન તરીકે જોવું જોઈએ. રકુલનું માનવું છે કે ફિલ્મમાં એવું કંઈ નથી જેનાથી કોઈની ભાવનાઓને ઠેસ પહોંચે.

ત્રણ એક્ટ્રેસ વચ્ચે ફસાયો આયુષ્માન ટીઝરમાં આયુષ્માન ખુરાના 'પ્રજાપતિ પાંડે'ના પાત્રમાં જોવા મળી રહ્યો છે. આ વખતે તેની લાઇફમાં કન્ફ્યુઝનનું લેવલ ઘણું વધારે છે. આયુષ્માન એક કે બે નહીં, પરંતુ ત્રણ મહિલાઓ વચ્ચે ફસાયેલો છે.

ફિલ્મમાં સારા અલી ખાન, વામિકા ગબ્બી અને રકુલ પ્રીત સિંહ લીડ રોલમાં છે. ટીઝરમાં વિજય રાજ એક પોલીસવાળાના રોલમાં દેખાઈ રહ્યો છે, જે કોમેડીને વધુ વધારી રહ્યો છે. આ ફિલ્મ 15 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# ફિલ્મ 'વારાણસી'ના મેકર્સની વધી મુશ્કેલીઓ

## શૂટિંગ માટે 150 પાણીના ટેન્કર આપવાનો પાણી પુરવઠા વિભાગનો ઈનકાર, 18 મેના રોજ ઉપયોગ થવાનો હતો...

(એજન્સી) મુંબઈ | તા.04

એસએસ રાજામૌલીની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'વારાણસી'ના શૂટિંગમાં મુશ્કેલીઓ આવી શકે છે. આ ફિલ્મનું શૂટિંગ હૈદરાબાદ ફિલ્મસિટીમાં ચાલી રહ્યું છે. ફિલ્મના કેટલાક દ્રશ્યો માટે નિર્માતાઓને એક તળાવ બનાવવાનું હતું, જેના માટે તેમને હજારો લિટર પાણી જોઈતું હતું, પરંતુ હવે જળ પુરવઠા બોર્ડે તેનો ઈનકાર કરી દીધો છે.

ફિલ્મ 'વારાણસી'ની પ્રોડક્શન કંપની શ્રી દુર્ગા આર્ટ્સે તાજેતરમાં રાજેન્દ્રનગરના ગગનપહાડ સ્થિત ફિલ્મસિટીમાં તળાવ બનાવવા માટે હૈદરાબાદ મહાનગર જળ પુરવઠા અને સીવરેજ બોર્ડને એક પત્ર લખીને 150 વોટર ટેન્કરની માંગણી કરી હતી. પ્રોડક્શન દ્વારા બોર્ડના મેનેજિંગ ડિરેક્ટર અશોક રેડ્ડીને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું કે પાણી માટે કંપની તેમને ટેન્કરનું ભાડું પણ આપશે. જોકે, બોર્ડ દ્વારા પત્રને નકારી કાઢવામાં આવ્યો છે.

નવભારત ટાઈમ્સના અહેવાલ મુજબ, સેટ પર પહેલાથી જ તળાવ બનાવવામાં આવ્યું છે, જેમાં 10 હજાર લિટર પ્રતિ ટેન્કરની ક્ષમતાવાળા 150 ટેન્કરનો ઉપયોગ થવાનો હતો. પાણીને 18 મેના રોજ થનારી શૂટિંગ માટે શુદ્ધ કરાવવાનું હતું. પરંતુ ગરમીથી વધતા જળસંકટને જોતા જળ પુરવઠા બોર્ડે પ્રોડક્શનની તમામ માંગણીઓ ફગાવી દીધી છે. જોવું રહ્યું કે બોર્ડ દ્વારા પત્ર ફગાવી દેવાયા બાદ મેકર્સ હવે પાણીની માંગ કેવી રીતે પૂરી કરશે અને શૂટિંગ ચાલુ રાખશે.




એસ.એસ. રાજામૌલીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ વારાણસી 7 એપ્રિલ 2027ના રોજ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. આ ફિલ્મથી પ્રિયંકા ચોપરા ઈન્ડિયન સિનેમામાં કમબેક કરી રહી છે. ફિલ્મમાં તેમની સાથે મહેશ બાબુ લીડ રોલમાં જોવા મળશે.

# ફેક વીડિયો ફેલાવનારાઓ પર ભડક્યા રાહુલ રોય...



## રસ્તા પર રહેતો લાવારિસ નથી, મારી પાસે ઘર-ગાડી છે, પૈસા માંગનારાઓ પર ભરોસો ન કરો...

(એજન્સી) મુંબઈ | તા.04

વાઈરલ વીડિયોથી ચર્ચામાં આવેલા રાહુલ રોયને સતત ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો છે. એક્ટરે વીડિયો પર સ્પષ્ટતા કરી છે, તેમ છતાં ઘણા લોકો તેમની મજાક ઉડાવી રહ્યા છે. હવે કેટલાક લોકોએ એક્ટરની આર્થિક મદદ કરવાના નામે કેટલાક ફેક વીડિયો બનાવવાનું પણ શરૂ કરી દીધું છે. આ જોઈને એક્ટર ભડકી ગયા. તેમણે હેટર્સ અને ટ્રોલર્સને ફટકાર લગાવતા ફરી એક સ્પષ્ટ નિવેદન આપ્યું છે. ફેક વીડિયો સામે આવતા રાહુલ રોયે ભડકતા ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે-

આપ સૌનો આભાર, જેમણે મારા પર પોતાનો પ્રેમ અને સમર્થન વરસાવ્યું. આ મેસેજ મારા બધા હેટર્સ, ટ્રોલર્સ અને ફેક વીડિયો બનાવનારાઓ માટે છે. હું સુરક્ષિત છું અને મારી સારી રીતે સંભાળ મારી બહેન પ્રિયંકા અને જીજા રોમિર સેન રાખી રહ્યા છે. હું મારી બહેનના ઘરે મડમાં રહું છું. અમારું ખૂબ જ સુંદર ઘર છે, અને તે મને ખૂબ પ્રેમ કરે છે, જેનાથી હું પોતાને દુનિયાનો સૌથી નસીબદાર ભાઈ માનું છું.

આગળ એક્ટરે લખ્યું, 'મારો જોડિયા ભાઈ કેનેડામાં રહે છે, રોહિન રોય. દુર્ભાગ્યે, તેમના કામના દબાણને કારણે હું તેમને લગભગ 9 વર્ષથી મળી શક્યો નથી. મારી પાસે કપડાં છે, જૂતા છે, ખાવાનું છે, ગાડી છે, હું કોઈ રસ્તા પર છોડેલો લાવારિસ વ્યક્તિ નથી. જે પ્રકારના ફેક વીડિયો સામે આવી રહ્યા છે, તે બિલકુલ સાચા નથી. મારી બહેન અને જીજાજીએ મને બધી જ વસ્તુઓ પૂરી પાડી છે. કૃપા કરીને તેમની શાંતિ ભંગ ન કરો, કારણ કે તે જ મારા માટે સૌથી મહત્વપૂર્ણ છે.'

આગળ રાહુલ રોયે લખ્યું છે કે, 'મારી સમસ્યા ફક્ત એટલી જ છે કે મને સાદગીથી રહેવું અને સાદા કપડાં પહેરવા ગમે છે, આ મારી વ્યક્તિગત પસંદગી છે. હું બોડીગાર્ડ રાખતો નથી, આ પણ મારી પોતાની પસંદગી છે. જો હું ક્યારેક ઓટોમાં મુસાફરી કરું છું, તો તે સરળ અને ઝડપી હોય છે, આ પણ મારો નિર્ણય છે. મેં જે રીલ્સ બનાવ્યા, તે સાદગીથી બનાવ્યા હતા, કોઈ ચાલાકીથી નહીં. તે મારું કામ હતું, કોઈ આર્થિક મદદ નહીં. હું હંમેશા માનું છું કે કામ, કામ હોય છે, આ મારી વિચારસરણી છે, મારા નિર્ણયો મારી પસંદગીઓ છે.

# 4 જૂને આવશે રામચરણની નવી ફિલ્મ

## 'પેડ્ડી'નું ખતરનાક પોસ્ટર રિલીઝ, બે ફિલ્મોની મુશ્કેલીઓ વધી...




મુંબઈ | રામચરણ આ દિવસોમાં તેની ફિલ્મ 'પેડ્ડી'ને લઈને ચર્ચામાં છે. હવે મેકર્સે તેની રિલીઝ ડેટ જાહેર કરી દીધી છે. આ સાથે મેકર્સે ફિલ્મનું નવું પોસ્ટર પણ રિલીઝ કર્યું છે.

બુચી બાબુ નિર્દેશિત આ ફિલ્મ પહેલા 30 એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ મેકર્સે IPLને કારણે તેની રિલીઝ આગળ વધારી દીધી હતી. હવે IPL સમાપ્ત થતાં જ મેકર્સ તેને રિલીઝ કરવાની તૈયારીમાં છે. આ ફિલ્મ 4 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે.

મોટી વાત એ છે કે 'પેડ્ડી'ની આ નવી રિલીઝ ડેટથી બે ફિલ્મોની મુશ્કેલી વધી ગઈ છે. એક તરફ 5 જૂને બોબી દેઓલની ફિલ્મ 'બંદર' સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. તો બીજી તરફ, તે જ દિવસે વરુણ ધવનની ફિલ્મ 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' પણ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં વરુણ ધવન સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે પણ જોવા મળશે.

સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'પેડ્ડી'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ ફિલ્મમાં રામ સાથે જ્હાન્વી કપૂર પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



# 'કિંગ'ના શૂટિંગમાં દીપિકાએ ₹23,000નો ડ્રેસ પહેર્યો

## અડધી કિંમતે શોપિંગ કર્યું હોવાની ચર્ચા, પ્રેગ્નન્સીમાં પણ કામ કરી રહી છે એક્ટ્રેસ

(એજન્સી) મુંબઈ | તા.04

બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ આ દિવસોમાં તેની પ્રેગ્નન્સી દરમિયાન ફિલ્મ 'કિંગ'નું શૂટિંગ કરી રહી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર દીપિકા અને શાહરુખ ખાનની કેટલીક તસવીરો વાઈરલ થઈ છે. આ તસવીરો સાઉથ આફ્રિકાના કેપટાઉનની છે. શૂટિંગ દરમિયાન દીપિકાના લુકની ઘણી ચર્ચા થઈ રહી છે.

ચાહકોએ દીપિકાના ડ્રેસને સર્ચ કરવાનું શરૂ કર્યું ત્યારે જાણવા મળ્યું કે તેણે 23,537 રૂપિયા (248 ડોલર)નો ડ્રેસ પહેર્યો હતો. ડ્રેસની અસલી કિંમત લગભગ 47 હજાર રૂપિયા હતી, પરંતુ હાલમાં તે 50% ડિસ્કાઉન્ટ પર મળી રહ્યો હતો. જોકે, હવે આ ડ્રેસ વેબસાઈટ પર આઉટ ઓફ સ્ટોક થઈ ગયો છે. આ તસવીરો એવા સમયે સામે આવી છે જ્યારે દીપિકા પાદુકોણે તાજેતરમાં જ પોતાની બીજી પ્રેગ્નન્સીની જાણકારી ફેન્સ સાથે શેર કરી છે. દીપિકાએ 19 એપ્રિલે ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો પોસ્ટ કર્યો હતો, જેમાં તેની દીકરી દુઆ તેના ખોળામાં બેઠી છે અને હાથમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડીને છે.

6ઠ્ઠી વખત સાથે જોવા મળશે શાહરુખ-દીપિકા શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની આ સાથેની છઠ્ઠી ફિલ્મ હશે. આ પહેલાં આ જોડી 'ઓમ શાંતિ ઓમ', 'ચેન્નઈ એક્સપ્રેસ', 'હેપ્પી ન્યૂ યર' અને 'પઠાણ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોમાં જોવા મળી ચૂકી છે. ફિલ્મ 'કિંગ'માં શાહરૂખની દીકરી સુહાના ખાન પણ લીડ રોલમાં જોવા મળશે.

# માતા બન્યા પછી કેટરિના કૈફની પ્રથમ ઝલક: પતિ વિક્કી કૌશલ સાથે બ્લેક આઉટફિટમાં જોવા મળી, નવેમ્બરમાં પુત્રને જન્મ આપ્યો હતો...



(એજન્સી) મુંબઈ | તા.04 બોલિવૂડ એક્ટ્રેસ કેટરિના કૈફે માતા બન્યા પછી પહેલીવાર પબ્લિક અપિયરન્સ આપી. તે પતિ વિક્કી કૌશલ સાથે ઓલ બ્લેક આઉટફિટમાં જોવા મળી હતી. નવેમ્બરમાં પુત્ર વિહાનને જન્મ આપ્યા બાદથી કેટરિના કૈફ લાઈમલાઈટથી દૂર છે. તે ત્યારથી જ પાપારાઝીની નજરથી બચતી જોવા મળે છે. પરંતુ રવિવારે તેને મુંબઈમાં વિક્કી સાથે સ્પોટ કરવામાં આવી હતી.

આ દરમિયાન કેટરિના કૈફે ઓલ બ્લેક આઉટફિટ પહેર્યો હતો. કેટરિનાએ બ્લેક ઓવરકોટ સાથે જેગિંગ્સ, સ્પોર્ટ્સ શૂઝ અને ડાર્ક સનગ્લાસિસથી પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો. વિક્કી કૌશલે બ્લેક બેગી પેન્ટ, ટી-શર્ટ અને બ્રાઉન જેકેટ સાથે કેપ પહેરીને પોતાનો લુક પૂરો કર્યો હતો.

આ પહેલા પણ કેટરિના કૈફને મુંબઈમાં સ્પોટ કરવામાં આવી હતી. ત્યારે તે કેમેરાની નજરથી બચતી જોવા મળી હતી. જોકે, કારમાં બેઠા પછી તેણે કેમેરા તરફ જોઈને વેવ જરૂર કરી હતી. ત્યારે તેણે માસ્કથી પોતાનો ચહેરો સંપૂર્ણપણે છુપાવ્યો હતો.

તાજેતરમાં, વિક્કી કૌશલે ઈ-ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુમાં કેટરિના કૈફના મધરહુડ ફેઝ વિશે વાત કરી હતી. તેણે કહ્યું- "માતા જ સાચી સુપરહીરો છે. તેણે તેની ગર્ભાવસ્થા દરમિયાન એક યોદ્ધાની જેમ મજબૂતી બતાવી છે, અને માતા બન્યા પછી પણ તે એટલી જ મજબૂત રહી છે. મને તેના પર ખૂબ ગર્વ છે, અને હું તેને ખૂબ પ્રેમ કરું છું."

કેટરિના કૈફે 7 નવેમ્બરે પુત્રને જન્મ આપ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર તેની સત્તાવાર જાહેરાત કરતા લખ્યું હતું કે, અમારી ખુશીઓનો પટારો આવી ગયો છે. ઘણા પ્રેમ અને આભાર સાથે અમે અમારા પુત્રનું સ્વાગત કરીએ છીએ. 7 નવેમ્બર 2025. કેટરિના અને વિક્કી. પુત્રના જન્મના લગભગ દોઢ મહિના પછી વિક્કી અને કેટરિનાએ પુત્રના નામની જાહેરાત કરી. તેમણે પુત્રનું નામ વિહાન કૌશલ રાખ્યું છે. આની જાહેરાત કરતા કપલે લખ્યું, અમારી રોશનીનું કિરણ વિહાન કૌશલ. દુઆઓનો જવાબ મળ્યો. જિંદગી સુંદર છે. અમારી દુનિયા અચાનક બદલાઈ ગઈ. આભાર માટે શબ્દો નથી.

કેટરિના કૈફને છેલ્લે વર્ષ 2024ની ફિલ્મ મેરી ક્રિસમસમાં જોવામાં આવી હતી. ફિલ્મમાં તેમની સાથે વિજય સેતુપતિ મુખ્ય ભૂમિકામાં હતા. ત્યારથી એક્ટ્રેસ કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. આ વર્ષે પણ તેમની કોઈ ફિલ્મ રિલીઝ થશે નહીં.

કેટરિના કૈફે 9 ડિસેમ્બર 2021ના રોજ એક્ટર વિક્કી કૌશલ સાથે લગ્ન કર્યા હતા. બંનેની પહેલી મુલાકાત એક એવોર્ડ શોમાં થઈ હતી, જેના પછી બંને થોડી મુલાકાતો પછી રિલેશનશિપમાં આવી ગયા હતા. કપલે હિંદુ રીતિ-રિવાજો અનુસાર રાજસ્થાનના સવાઈ માધોપુરના સિક્સ સેન્સ રિસોર્ટમાં લગ્ન કર્યા છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ઈસ્ટ બેંગાલે ગોકુલમ કેરળને હરાવ્યું ટીમ ટોચ પર યથાવત



(એજન્સી) કોલકાતા । તા. 04

ભારતીય મહિલા ફૂટબોલ લીગ (IWL) માં સ્થાનિક ટીમ ઈસ્ટ બેંગાલ એફસીનો દબદબો સતત જોવા મળી રહ્યો છે. રવિવારે કોલકાતાના ઈસ્ટ બેંગાલ ગ્રાઉન્ડ ખાતે રમાયેલા એક અત્યંત રોમાંચક મુકાબલામાં ઈસ્ટ બેંગાલે ગોકુલમ કેરળને ૨-૧ થી પરાજય આપીને આઈડબલ્યુએલ ૨૦૨૫-૨૬ ની સીઝનમાં પોતાની શાનદાર વિજયી સફર જાળવી રાખી છે. સ્ટાર ફૂટબોલર ફાઝિલા ઈકવાપુતના બે શાનદાર ગોલના દમ પર યજમાન ટીમે મેચમાં શરૂઆતથી જ પોતાની પકડ મજબૂત રાખી હતી. આ મહત્વની જીત સાથે ઈસ્ટ બેંગાલની ટીમે લીગના પોઈન્ટ ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવી લીધું છે અને વિરોધી ટીમો પર માનસિક દબાણ વધારી દીધું છે. મેચની શરૂઆતથી જ ઈસ્ટ બેંગાલની ટીમે આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું. મેચની માત્ર છઠ્ઠી જ મિનિટે એક લાંબા પાસને સચોટ રીતે પકડીને ફાઝિલા ઈકવાપુતે હવામાં જ અદ્ભુત વોલી ફટકારી ગોકુલમ કેરળના ગોલકીપરની ઉપરથી બોલને ગોલપોસ્ટમાં ધકેલી દીધો હતો. આ ગોલથી ટીમે ૧-૦ ની પ્રારંભિક લીડ મેળવી લીધી હતી. પ્રારંભિક સફળતા બાદ પણ ઈસ્ટ બેંગાલે બોલ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું. જોકે ગોકુલમ કેરળની ટીમે પણ કેટલીક સારી તકો ઊભી કરી હતી પરંતુ તેઓ પ્રથમ હાફના અંત સુધી ઈસ્ટ બેંગાલના મજબૂત સંરક્ષણને તોડવામાં નિષ્ફળ રહ્યા હતા.

બીજા હાફમાં પણ રોમાંચક રમત ચાલુ રહી હતી અને ૬૫મી મિનિટે રેસ્ટી નાન્ઝીરીએ ડાબી બાજુથી શાનદાર રીતે આગળ વધીને ફાઝિલાને પાસ આપ્યો હતો. ફાઝિલાએ કોઈ જ ભૂલ કર્યા વિના બોલને ગોલપોસ્ટના નીચેના ખૂણામાં મોકલીને ઈસ્ટ બેંગાલની લીડ ૨-૦ કરી દીધી હતી. જોકે ગોકુલમ કેરળની ટીમે વળતો પ્રહાર કરતા ૭૦મી મિનિટે ગોલ કર્યો હતો. ઈસ્ટ બેંગાલની ગોલકીપર ઈલાંગબામ ચાનુના હાથમાંથી છૂટેલા બોલનો ફાયદો ઉઠાવીને શુભાંગી સિંહે ગોલ કરીને સ્કોર ૨-૧ કર્યો હતો.

**મહિલા ટીર૦ વર્લ્ડ કપ માટે ટીમની જાહેરાત ભારત સજ્જ**

# સ્મૃતિ મંધાના વાઈસ કેપ્ટન, હરમનપ્રીત કૌર સુકાન સંભાળશે



(એજન્સી) મુંબઈ । તા. 04

આગામી મહિને ઈંગ્લેન્ડ અને વેલ્સના મેદાન પર રમાનારા આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા શનિવારે મુંબઈ ખાતે આયોજિત એક પત્રકાર પરિષદમાં ૧૫ સભ્યોની મજબૂત ટીમની પસંદગી કરવામાં આવી છે. બોર્ડે ફરી એકવાર અનુભવી અને આક્રમક બેટર હરમનપ્રીત કૌર પર પોતાનો અતૂટ ભરોસો મૂકીને તેને કેપ્ટનશીપની કમાન સોંપી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આ વખતે વિદેશી ધરતી પર પોતાનો પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપ ખિતાબ જીતીને નવો ઈતિહાસ રચવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

આ વખતના ભારતીય સ્ક્વોડમાં અનુભવી ખેલાડીઓની સાથે યુવા પ્રતિભાઓને પણ પૂરતી તક આપવામાં આવી છે. ટીમમાં સૌથી મોટું આશ્ચર્ય ચંદીગઢની ૨૪ વર્ષીય ઝડપી બોલર નંદની શર્માની પસંદગી છે. નંદનીએ વુમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૬ માં દિલ્હી કેપિટલ્સ વતી શાનદાર પ્રદર્શન કરીને માત્ર ૧૦ મેચમાં ૧૭ વિકેટ ઝડપી હતી. આ શાનદાર પ્રદર્શનના ઈનામ રૂપે તેને પ્રથમ વખત ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટાર વિકેટકીપર યાસ્તિકા ભાટિયા અને ઓલરાઉન્ડર રાધા યાદવની પણ આ સ્ક્વોડમાં મહત્વપૂર્ણ વાપસી થઈ છે. જોકે ઈજાના કારણે અમનજોત કૌર અને કાશવી ગૌતમ જેવી સ્ટાર ખેલાડીઓ આ મેગા ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

આગામી ટૂર્નામેન્ટમાં વિશ્વની કુલ ૧૨ ટીમો ટ્રોફી માટે એકબીજા સામે ટકરાશે. ભારતને ગ્રુપ-૧ માં રાખવામાં આવ્યું છે જેને ક્રિકેટ જગતમાં 'ગ્રુપ ઓફ ડેથ' માનવામાં આવે છે. આ ગ્રુપમાં ભારતની સાથે કટ્ટર હરીફ પાકિસ્તાન, ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને નેધરલેન્ડની ટીમો સામેલ છે. મીડિયા અહેવાલ અનુસાર, ભારતીય ટીમ પોતાના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત ૧૪ જૂને એજબેસ્ટન (બર્મિંગહામ) ખાતે કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની હાઈ-વોલ્ટેજ મેચથી કરશે. આ મેચ પર ભારત અને પાકિસ્તાન સહિત સમગ્ર વિશ્વના કરોડો ક્રિકેટ ચાહકોની નજર ટકેલી રહેશે.

વર્લ્ડ કપ શરૂ થતા પહેલા ભારતીય મહિલા ટીમ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓથી વાકેફ થવા માટે ત્યાં યજમાન ટીમ સામે ત્રણ મેચની ટી૨૦ સીરીઝ પણ

# અફઘાનિસ્તાને વેસ્ટ ઈન્ડિઝને ધૂળ ચટાડી દુબઈમાં જીત



(એજન્સી) મુંબઈ । તા. 04

ગત વર્ષે ઘરઆંગણે રમાયેલા વન-ડે વર્લ્ડ કપમાં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ હવે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આગામી આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પણ ખિતાબ જીતીને નવો ઈતિહાસ રચવા પર પોતાની નજર ટીકાવી છે. મુંબઈમાં આયોજિત એક ડિગ્રી વિતરણ સમારોહ દરમિયાન સ્ટાર બેટ્સમેન જેમિમાહ રોડ્રિગ્સ અને મુખ્ય કોચ અમોલ મુજુમદારે આ મેગા ટૂર્નામેન્ટ માટે ટીમનો ઉત્સાહ અને તૈયારીઓ વિશે ખુલીને વાત કરી હતી. જેમિમાહે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું કે અગાઉની જીત હવે ટીમને વધુ એક મોટી ટ્રોફી જીતવા માટે પ્રેરણા આપી રહી છે.

ભારતીય ટીમે આ વર્લ્ડ કપ માટે કોઈ ટૂંકા ગાળાની યોજના બનાવી નથી પરંતુ તેની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી છે. જેમિમાહે જણાવ્યું કે વર્ષ ૨૦૨૫ના વર્લ્ડ કપ પછી શ્રીલંકા સામે રમાયેલી શ્રેણી દરમિયાન જ કોચ અમોલ મુજુમદારે સ્પષ્ટ કહી દીધું હતું કે હવે પછીના વર્લ્ડ કપ માટેની સફર આજથી જ શરૂ થાય છે. આ ઉપરાંત તેણે યુવા ખેલાડી નંદની શર્માની પ્રશંસા કરતાં કહ્યું કે તે સતત સારું પ્રદર્શન કરી રહી છે અને અનુભવી ખેલાડીઓની હાજરીમાં તે આ મોટા પ્લેટફોર્મ પર શાનદાર રમત બતાવશે. બીજી તરફ, મીડિયા અહેવાલો સૂચવે છે કે ટીમના મજબૂત ઓલરાઉન્ડર અમનજોત કૌર ઈજાના કારણે આગામી શ્રેણીઓ અને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. કોચ અમોલ મુજુમદારે આ અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે અમનજોત જેવી શાનદાર સીમ-બોલિંગ ઓલરાઉન્ડરને ટીમમાં રિપ્લેસ કરવી ખૂબ જ મુશ્કેલ છે. ભારતીય સુકાની હરમનપ્રીત કૌરે પણ આ વાતને ટેકો આપતા કહ્યું કે તે ઓછામાં ઓછા ૪ થી ૫ મહિના સુધી ક્રિકેટથી દૂર રહેશે જે ટીમ માટે મોટો ફટકો છે. જોકે, ટીમમાં રહેલા અન્ય વિકલ્પો પર મેનેજમેન્ટને પૂરો ભરોસો છે.

ભારતીય ટીમને આ ટૂર્નામેન્ટમાં ગ્રુપ એ માં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, નેધરલેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા જેવી મજબૂત ટીમો સાથે રાખવામાં આવી છે.

## S8UL એ ગ્રાન્ડમાસ્ટર પ્રણેશ એમ સાથે કર્યા કરાર ટીમ વધુ મજબૂત

### ભારતીય ગેમિંગમાં નવો અધ્યાય એસ્પોર્ટ્સનો વિસ્તાર



(એજન્સી) મુંબઈ । તા. 04

ભારતીય એસ્પોર્ટ્સ અને ગેમિંગ ક્ષેત્રે એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. દેશની અગ્રણી એસ્પોર્ટ્સ સંસ્થા 'S8UL' એ ભારતના પ્રતિભાશાળી ચેસ ગ્રાન્ડમાસ્ટર પ્રણેશ એમ સાથે સત્તાવાર કરાર કરવાની જાહેરાત કરી છે. આ સાથે જ સંસ્થાએ રિયાધમાં યોજાનારા પ્રતિષ્ઠિત 'એસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ૨૦૨૬' (EWC) માટે કુલ ૧૨ ગેમિંગ ટાઈટલ્સમાં રમનારા દેશી અને વિદેશી ખેલાડીઓની મજબૂત યાદી જાહેર કરી દીધી છે. S8UL ના આ મહત્વપૂર્ણ પગલાથી વૈશ્વિક સ્તરે ભારતીય ગેમિંગ ઈન્ડસ્ટ્રીનો પ્રભાવ વધુ વધશે. S8UL ની ટીમમાં ગ્રાન્ડમાસ્ટર પ્રણેશ એમનો સમાવેશ થવાથી સંસ્થાની સ્થિતિ ઘણી મજબૂત બની છે. તે અગાઉથી જ ટીમ સાથે જોડાયેલા દિગ્ગજ ગ્રાન્ડમાસ્ટર્સ નિહાલ સરીન અને અરવિંદ ચિદમ્બરમની લાઈનઅપમાં સામેલ થશે. આગામી ૧૧ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રમાનારા ચેસ મુકાબલામાં ૧.૫ મિલિયન અમેરિકન ડોલરનું જંગી ઈનામ રાખવામાં આવ્યું છે. હાલમાં ચેમ્પિયન્સ ચેસ ટૂરના રેન્કિંગમાં નિહાલ સરીન સાતમા અને પ્રણેશ પંદરમા ક્રમે છે, જે આ સ્પર્ધામાં ક્વોલિફાય થવા માટેના સૌથી ટોચના ભારતીય દાવેદારો છે.

રિયાધમાં ૬ જુલાઈથી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન યોજાનારા આ ભવ્ય એસ્પોર્ટ્સ વર્લ્ડ કપમાં વિશ્વભરના ૧૦૦ થી વધુ દેશોના ૨,૦૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ ટૂર્નામેન્ટમાં ૭૫ મિલિયન ડોલરનું ઐતિહાસિક પ્રાઈઝ પૂલ રાખવામાં આવ્યું છે. S8UL આ મેગા ઈવેન્ટમાં મોબાઈલ, પીસી, કન્સોલ, ફાઈટીંગ ગેમ્સ અને રેસિંગ જેવા વિવિધ ૧૨ ટાઈટલ્સમાં ભાગ લેશે. સંસ્થાએ જૂના વિજેતા ખેલાડીઓની સાથે અનેક નવા યુવા પ્રતિભાશાળી ખેલાડીઓનો પણ પોતાની યાદીમાં સમાવેશ કર્યો છે.

**મોહમ્મદ કૈફે ઉઠાવ્યા સવાલો ટીમ પર**

## પંજાબ કિંગ્સની હાર બાદ વિવાદ વધતા ચર્ચા જાગી છે



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

આઈપીએલ ૨૦૨૬ ની રોમાંચક સિઝનમાં ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સની ચાર વિકેટે હાર થયા બાદ મોટો વિવાદ સર્જાયો છે. આ પરાજય પછી પંજાબ કિંગ્સના બોલિંગ મેનેજમેન્ટ સામે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કૈફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પંજાબની રણનીતિની આકરી ટીકા કરતા આશ્ચર્ય વ્યક્ત કર્યું છે કે આઈપીએલના ઈતિહાસના સૌથી સફળ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ પાસે આ મહત્વની મેચમાં માત્ર એક જ ઓવર કેમ ફેંકાવવામાં આવી. કૈફના આ નિવેદનથી સોશિયલ મીડિયા પર ક્રિકેટ ચાહકો વચ્ચે ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. રવિવારે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં પંજાબના સુકાનીએ ચહલને માત્ર એક જ ઓવર આપી હતી, જેમાં તેણે ૧૩ રન આપ્યા હતા. કૈફે પંજાબની ટીમ મેનેજમેન્ટને આડે હાથ લેતા જણાવ્યું કે, જે બોલરના નામે આઈપીએલમાં ૨૨૮ વિકેટો નોંધાયેલી હોય અને જેણે બેંગલુરુના નાના સ્ટેડિયમમાં જ ૧૩૯ વિકેટો ઝડપી હોય, તેને આ રીતે અવગણવો તે સમજણ બહારની વાત છે. ભલે પિચ પર ઘાસ હતું અને પરિસ્થિતિ ફાસ્ટ બોલરોને અનુકૂળ હતી, તેમ છતાં ચહલ જેવો દિગ્ગજ બોલર ગમે તેવી પરિસ્થિતિમાં વિકેટ લેવાની ક્ષમતા ધરાવે છે.

**આઈપીએલમાં નવો ઈતિહાસ રચાયો છે**

# યુવા બેટ્સમેનનો આક્રમક અંદાજ જોઈને સૌ દંગ રહી ગયા



(એજન્સી) અમદાવાદ । તા. 04

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની વર્તમાન સિઝનમાં એક નવો જ ચમકારો જોવા મળ્યો છે, જેમાં એક યુવા ખેલાડીએ પોતાની વિસ્ફોટક બેટિંગથી સમગ્ર ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું છે. પંજાબ કિંગ્સ તરફથી રમતા યુવા ઓલરાઉન્ડર સૂર્યાંશ શેડગેએ ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી રોમાંચક મેચમાં માત્ર એક જ ઓવરમાં ૨૭ રન ઝૂડી કાઢીને તહેલકો મચાવી દીધો છે. આ આક્રમક ઈનિંગના કારણે પંજાબની ટીમે મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવીને સન્માનજનક સ્કોર બનાવ્યો હતો, જે આ સિઝનની સૌથી રોમાંચક ક્ષણોમાંની એક સાબિત થઈ છે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, ગુજરાતના ફાસ્ટ બોલરોના શાનદાર પ્રદર્શનના કારણે પંજાબની ટીમ શરૂઆતમાં જ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી અને માત્ર ૪૭ રનના નજીવા સ્કોર પર અડધી ટીમ પેવેલિયન પરત ફરી ગઈ હતી. આ કપરા સમયે મેદાનમાં ઉતરેલા સૂર્યાંશ શેડગેએ શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. મેચની ૧૪મી ઓવરમાં સ્પિનર માનવ સુથારની બોલિંગ પર શેડગેએ સળંગ ૬, ૬, ૪, ૪ અને ૬ રન ફટકારીને એક ઓવરમાં કુલ ૨૭ રન લૂંટી લીધા હતા.

સૂર્યાંશ શેડગેએ આ તોફાની બેટિંગના આધારે માત્ર ૨૩ બોલમાં પોતાની આઈપીએલ કારકિર્દીની પ્રથમ શાનદાર અડધી સદી પૂર્ણ કરી હતી. સમગ્ર ઈનિંગ દરમિયાન તેણે માત્ર ૨૯ બોલનો સામનો કરીને ૫૭ રનની યાદગાર ઈનિંગ રમી હતી. નોંધપાત્ર વાત એ છે કે, આ મેચ પહેલા રમાયેલી ચાર ઈનિંગ્સમાં શેડગેએ માત્ર ૧૦ રન જ બનાવ્યા હતા. પરંતુ જ્યારે ટીમને તેની સૌથી વધુ જરૂર હતી, ત્યારે તેણે પોતાના પ્રદર્શનથી સાબિત કરી આપ્યું કે તેનામાં મોટી ઈનિંગ રમવાની અદ્ભુત ક્ષમતા રહેલી છે. આ તોફાની ઈનિંગના કારણે પંજાબ કિંગ્સની ટીમે મેચમાં વાપસી કરી હતી અને પોતાની મજબૂત સ્થિતિ જાળવી રાખી હતી. આ સિઝનમાં પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને ચાલી રહી છે અને શેડગે જેવા યુવા ખેલાડીના આ ફોર્મથી ટીમની બેટિંગ લાઈન-અપ વધુ મજબૂત બની છે. ગુજરાતના બોલરો આ યુવા બેટ્સમેન સામે લાચાર જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર પણ આ યુવા ખેલાડીના જોરદાર વખાણ થઈ રહ્યા છે અને ક્રિકેટ વિશ્લેષકો તેને ભવિષ્યના સ્ટાર તરીકે જોઈ રહ્યા છે. આ ઈનિંગથી આઈપીએલના ઈતિહાસમાં વધુ એક યુવા પ્રતિભાનો ઉદય થયો છે.

**આઈપીએલ // ગુજરાતે પંજાબને 4 વિકેટે હરાવ્યું અંતિમ બોલે થઈ હાર-જીત**

# GT vs PBKS રોમાંચક મુકાબલો ગુજરાતનો શાનદાર વિજય

(એજન્સી) અમદાવાદ । તા. 04

આઈપીએલ ૨૦૨૬ ની ૪૬મી મેચમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રવિવારે રાત્રે એક હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. ઘરઆંગણે રમી રહેલી ગુજરાત ટાઈટન્સે (GT) શાનદાર વાપસી કરીને ટેબલ ટોપર પંજાબ કિંગ્સને (PBKS) ૪ વિકેટે હરાવીને રોમાંચક વિજય નોંધાવ્યો છે. છેલ્લી ઓવર સુધી ખેંચાયેલા આ મુકાબલામાં વોશિંગ્ટન સુંદર અને જેસન હોલ્ડરની જોડી ગુજરાતના વિજયના અસલી હીરો સાબિત થયા હતા. આ જીત સાથે ગુજરાત ટાઈટન્સે પ્લેઓફમાં ક્વોલિફાય થવાની પોતાની આશાને વધુ મજબૂત બનાવી દીધી છે.



ગુજરાત ટાઈટન્સને જીતવા માટે ૧૬૪ રનનો સાધારણ ટાર્ગેટ મળ્યો હતો. જોકે પંજાબની શાનદાર બોલિંગના કારણે મેચ અંતિમ ઓવર સુધી પહોંચી ગઈ હતી. ગુજરાતને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૧૧ રનની જરૂર હતી. વોશિંગ્ટન સુંદરે અદ્ભુત ધૈર્ય બતાવીને માર્કસ સ્ટોઈનિસના છેલ્લા બોલે સિક્સર ફટકારીને ટીમને ૧ બોલ બાકી રહેતા વિજય અપાવ્યો હતો. સુંદરે ૨૩ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી અણનમ ૪૦ રન બનાવ્યા હતા. આ અગાઉ ગુજરાતના ઓપનર સાઈ સુદર્શને ટીમને મજબૂત પાયો આપતા ૪૧ બોલમાં ૫૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જોકે કેપ્ટન શુભમન ગિલ માત્ર ૫ રન બનાવી આઉટ થયો હતો જ્યારે જોસ બટલરે ૨૬ રનનું યોગદાન આપ્યું હતું.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પંજાબ કિંગ્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. મોહમ્મદ સિરાજે પ્રથમ ઓવરમાં જ બે વિકેટ ઝડપી પંજાબને મુશ્કેલીમાં મૂક્યું હતું. ત્યારબાદ જેસન હોલ્ડરે પંજાબના મધ્યમ ક્રમને વેરવિખેર કરી નાખ્યો હતો. હોલ્ડરે પોતાની ૪ ઓવરમાં માત્ર ૨૪ રન આપીને ૪ મહત્વની વિકેટ ઝડપી હતી. જોકે પંજાબ તરફથી યુવા બેટર સૂર્યાંશ શેડગેએ આક્રમક બેટિંગ કરીને માત્ર ૨૯ બોલમાં ૫૭ રન ફટકાર્યા હતા. તેણે અને માર્કસ સ્ટોઈનિસ (૪૦ રન) વચ્ચેની ૭૯ રનની ભાગીદારીના જોરે પંજાબે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૬૩ રનનો લડાયક સ્કોર બનાવ્યો હતો.

આ સીઝનમાં બંને ટીમોનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. આ મેચમાં પરાજય છતાં પંજાબ કિંગ્સની ટીમ ૯ મેચમાં ૬ જીત અને ૧૩ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં હજુ પણ ટોચના સ્થાને યથાવત છે. બીજી તરફ આ મહત્વની જીત બાદ ગુજરાત ટાઈટન્સ ૧૦ મેચમાં ૬ જીત અને ૧૨ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પાંચમા ક્રમે આવી ગઈ છે. પોઈન્ટ ટેબલમાં હાલમાં આરસીબી, એસઆરએચ, આરઆર અને જીટી એમ ચાર ટીમો ૧૨-૧૨ પોઈન્ટ સાથે ટાઈ પર છે, જેના કારણે આગામી સમયમાં પ્લેઓફમાં પહોંચવા માટેનો જંગ વધુ રસપ્રદ બનશે.

**રાજસ્થાન રોયલ્સનું નવું અધિગ્રહણ હિસ્સેદારી બદલાઈ**

# આઈપીએલ ઈતિહાસની સૌથી મોટી ડીલ ક્રિકેટ જગતમાં ધમાકો

(એજન્સી) જયપુર । તા. 04

રમતગમત અને વ્યાપારી જગતમાં અત્યાર સુધીની સૌથી મોટી હલચલ જોવા મળી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ અને રેકોર્ડબ્રેક વ્યાપારિક સોદો આકાર પામ્યો છે. જાણીતા અબજોપતિ ઉદ્યોગપતિ લક્ષ્મી નિવાસ મિત્તલ અને આદિત્ય મિત્તલના નેતૃત્વવાળા મિત્તલ પરિવારે, સીરમ ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખ અદાર પૂનાવાલા સાથે મળીને રાજસ્થાન રોયલ્સ ફ્રેન્ચાઈઝીને ખરીદવા માટેના સત્તાવાર કરાર પૂર્ણ કર્યા છે. આ સોદો ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોંઘો સોદો સાબિત થયો છે, જેના કારણે બજારના માંધાતાઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ અધિગ્રહણ બાદ ટીમનું સંચાલન હવે સંપૂર્ણપણે નવા અને વધુ શક્તિશાળી હાથોમાં જઈ રહ્યું છે. આ મેગા ડીલની કુલ કિંમત આશરે ૧૫,૬૬૦ કરોડ રૂપિયા એટલે કે ૧.૬૫ બિલિયન અમેરિકન ડોલર આંકવામાં આવી છે. આ સોદો માત્ર ભારત પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં રાજસ્થાન રોયલ્સની વૈશ્વિક ફ્રેન્ચાઈઝીઓનો પણ સમાવેશ થાય છે. આ કરાર હેઠળ દક્ષિણ આફ્રિકાની 'પાર્લ રોયલ્સ' અને



કેરેબિયન પ્રીમિયર લીગની 'બાર્બાડોસ રોયલ્સ' ટીમની માલિકી પણ હવે નવા રોકાણકારો પાસે જશે. લક્ષ્મી નિવાસ મિત્તલે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજસ્થાન સાથે તેમનો જૂનો અને અત્યંત ભાવનાત્મક નાતો રહ્યો છે, જ્યારે અદાર પૂનાવાલાએ આ રોકાણને રાજસ્થાન રોયલ્સની મજબૂત અને ભવ્ય વિરાસતને વધુ ઊંચાઈ પર લઈ જવાની એક સુવર્ણ તક ગણાવી છે.

આ ભવ્ય કરાર પૂર્ણ થયા બાદ ફ્રેન્ચાઈઝીના માલિકી હક્કોમાં મોટો ફેરફાર જોવા મળશે. હવે ટીમમાં મિત્તલ પરિવાર પાસે સૌથી વધુ એટલે કે આશરે ૭૫ ટકા હિસ્સો રહેશે. જ્યારે અદાર પૂનાવાલા આ સોદામાં ૧૮ ટકાની ભાગીદારી ધરાવશે.

## પશ્ચિમ એશિયામાં યુદ્ધના ભણકારા સેના એલર્ટ પર, તહેરાન અને વોશિંગ્ટન વચ્ચે તણાવ શાંતિ પ્રસ્તાવ લટક્યો

# ઈરાનનો USને સખ્ત જવાબ યુદ્ધ કે શાંતિ નક્કી કરો

(એજન્સી) તહેરાન । તા. 04

પશ્ચિમ એશિયાના રાજકારણમાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન તરફથી મોકલવામાં આવેલા શાંતિ પ્રસ્તાવને નકારી કાઢવાના સંકેતો આપ્યા બાદ ઈરાને વળતો પ્રહાર કર્યો છે. ઈરાનની સરકારે અમેરિકાને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે હવે પછીની પરિસ્થિતિનો સંપૂર્ણ આધાર વોશિંગ્ટનના વલણ પર રહેશે. તહેરાનમાં આયોજિત વિદેશી રાજદ્વારીઓની એક મહત્વપૂર્ણ બેઠકમાં ઈરાનના ટોચના નેતૃત્વએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ શાંતિ અને યુદ્ધ એમ બંને પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સજ્જ છે. આ નિવેદન બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી સ્તરે ચાલતી મંત્રણાઓ પડી ભાંગવાની ભીતિ સેવાઈ રહી છે.

તહેરાનમાં આયોજિત આંતરરાષ્ટ્રીય રાજદ્વારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધિત કરતા ઈરાનના ઉપ-વિદેશમંત્રી કાજેમ ગરીબાબાદીએ દેશનું વલણ સ્પષ્ટ



કર્યું હતું. તેમણે અમેરિકાના આકરા વલણની ટીકા કરતા જણાવ્યું હતું કે, જો અમેરિકા રાજદ્વારી માર્ગ અપનાવવા માંગતું હોય તો ઈરાન તેના માટે તૈયાર છે, પરંતુ જો વોશિંગ્ટન ટકરાવ અને યુદ્ધ ઈચ્છતું હશે તો ઈરાન તેનો પણ જડબાતોડ જવાબ આપશે. આ અગાઉ અમેરિકી પ્રમુખે ઈરાનના પ્રસ્તાવની સમીક્ષા કરવાની વાત કહી હતી, પરંતુ સાથે જ એવો સંદેહ પણ વ્યક્ત કર્યો હતો કે આ શાંતિ પ્રસ્તાવ સફળ થવાની કોઈ આશા નથી. ટ્રમ્પના આ નિવેદનને પગલે જ ઈરાને આ આક્રમક પ્રતિક્રિયા આપી છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર વિમાનમાં મુસાફરી કરતી વખતે પત્રકારોને જણાવ્યું હતું કે, ઈરાને હજી સુધી પોતાના કાર્યોની પૂરતી કિંમત ચૂકવી નથી. ત્યારબાદ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ મૂકીને આક્રમકતા વધારી દીધી હતી. ટ્રમ્પે લખ્યું હતું કે તેઓ ઈરાનનો શાંતિ પ્રસ્તાવ સ્વીકારવાની કલ્પના પણ કરી શકતા નથી, કારણ કે છેલ્લા ૪૭ વર્ષોમાં ઈરાને માનવતા અને વિશ્વ શાંતિને જે નુકસાન પહોંચાડ્યું છે, તેના માટે તેને હજી સુધી કોઈ સજા મળી નથી. ટ્રમ્પના આ કડક વલણથી પશ્ચિમ એશિયામાં ફરીથી યુદ્ધ ફાટી નીકળવાની દહેશત વધી ગઈ છે.

બીજી તરફ મીડિયા અહેવાલ અને ઈરાનની અર્ધ-સરકારી સમાચાર એજન્સીઓના જણાવ્યા મુજબ, તહેરાને પાકિસ્તાન મારફતે અમેરિકા સુધી ૧૪ મુદ્દાઓ ધરાવતો એક નવો શાંતિ પ્રસ્તાવ મોકલ્યો હતો. આ ઘટના એવા સમયે આકાર લઈ રહી છે જ્યારે ઈઝરાયેલ અને અમેરિકા વિરુદ્ધ ઈરાનના યુદ્ધમાં ફેબ્રુઆરીના અંતમાં થયેલો યુદ્ધ વિરામ ૮મી એપ્રિલથી અમલમાં છે. જોકે, વોશિંગ્ટને આ યુદ્ધ વિરામ વચ્ચે પણ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવવાનું સંપૂર્ણપણે બંધ નહીં કરે, ત્યાં સુધી આર્થિક પ્રતિબંધો હટાવવામાં આવશે નહીં અને યુદ્ધનો કાયમી અંત આવશે નહીં. બીજી તરફ ઈરાન સતત કહી રહ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ માત્ર શાંતિપૂર્ણ ઉદ્દેશ્યો માટે જ છે.

### વૈશ્વિક બજાર અને ક્રૂડ ઓઈલ પર સંકટ

જો ઈરાન અને અમેરિકા વચ્ચે આ તણાવ હજુ વધુ વધશે તો તેની સીધી અસર વૈશ્વિક અર્થતંત્ર અને ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવો પર પડશે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાવાના ડરથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ આસમાને પહોંચી શકે છે.

## પેસિફિક રિંગ ઓફ ફાયર પર નવો ખતરો

# ફિલિપાઈન્સમાં મેયોન જ્વાળામુખી ફાટ્યો આકાશમાં રાખના ગોટા



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

દક્ષિણ-પૂર્વ એશિયાના પ્રમુખ ટાપુ રાષ્ટ્ર ફિલિપાઈન્સમાં કુદરતનો પ્રકોપ જોવા મળ્યો છે. દેશની રાજધાની મનીલાથી દક્ષિણમાં આવેલો અને ફિલિપાઈન્સનો સૌથી સક્રિય માનવામાં આવતો પ્રખ્યાત મેયોન જ્વાળામુખી અચાનક ભયાનક રીતે ભભૂકી ઉઠ્યો છે. આ કુદરતી આપત્તિને પગલે ફિલિપાઈન્સ સરકારે રવિવારે સવારે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી છે અને આસપાસના જોખમી વિસ્તારોમાંથી હજારો નાગરિકોને તાત્કાલિક અસરથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. વહીવટીતંત્રે જ્વાળામુખીના મુખથી આસપાસના ૭ કિલોમીટરની ત્રિજ્યા સુધીના સમગ્ર વિસ્તારને જોખમી જાહેર કરીને સામાન્ય જનતાના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે.

### એલર્ટ લેવલ-૩ ની જાહેરાત અને લાવાનો ભય

આ ભયાનક વિસ્ફોટ બાદ ફિલિપાઈન્સની વૉલ્કેનોલોજી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને જોતા ફાઈવ સ્ટેપ સ્કેલ પર સીધું 'એલર્ટ લેવલ-૩' જાહેર કરવામાં આવ્યું છે. નિષ્ણાતોના મતે આ સક્રિય જ્વાળામુખી ફાટવાને કારણે પર્વતીય વિસ્તારોમાં ગમે ત્યારે મોટા પાયે ભૂસ્ખલન થઈ શકે છે. પર્વતની ટોચ પરથી ગરમ લાવાનો પ્રવાહ નીચે તરફ વહેવાની પણ પ્રબળ આશંકા સેવાઈ રહી છે. પ્રશાસન દ્વારા લોકોને સાવચેત રહેવા અને કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપનની ટીમો ઘટનાસ્થળે તૈનાત છે અને સેટેલાઈટ દ્વારા જ્વાળામુખીની હલચલ પર ચોવીસે કલાક નજર રાખવામાં આવી રહી છે.

ફિલિપાઈન્સ ભૌગોલિક દ્રષ્ટિએ પ્રશાંત મહાસાગરની આસપાસ પથરાયેલી પેસિફિક રિંગ ઓફ ફાયર પર બરાબર મધ્યમાં આવેલું છે. આ વિશાળ પટ્ટો દક્ષિણ અમેરિકાના સાગર તટથી શરૂ થઈને કેલિફોર્નિયા, અલાસ્કા, રશિયા, જાપાન અને ફિલિપાઈન્સ થઈને છેક ન્યુઝીલેન્ડ સુધી લંબાય છે. આ વિસ્તારમાં પૃથ્વીના પેટાળમાં થતી પ્લેટોની હિલચાલને કારણે જાપાનની જેમ જ ફિલિપાઈન્સમાં પણ અવારનવાર વિનાશક ધરતીકંપ અને જ્વાળામુખી વિસ્ફોટોની ઘટનાઓ બનતી રહે છે. જોકે, રાહતના સમાચાર એ છે કે વહીવટીતંત્રની સજાગતા અને સમયસરના પગલાંના કારણે આ મેયોન જ્વાળામુખી ફાટવાથી હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ મળ્યા નથી.

### હજારો પરિવારોને રાહત શિબિરોમાં આશ્રય

સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ વિભાગના સત્તાવાર અહેવાલ મુજબ, આસપાસના જોખમી ગામડાઓમાંથી આશરે ૧,૫૦૦ જેટલા પરિવારોને તાત્કાલિક ધોરણે બહાર કાઢીને સરકારી ઈવેક્યુએશન સેન્ટર્સ એટલે કે આશ્રય ગૃહોમાં રાખવામાં આવ્યા છે. સ્થાનિક પ્રશાસન દ્વારા આ વિસ્થાપિત લોકોને ભોજન, પાણી અને તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. શનિવારથી જ આ પર્વતની અંદર ગણગણાટ અને અસામાન્ય હલચલ જોવા મળી રહી હતી અને જોતજોતામાં આકાશમાં રાખના વિશાળ ગોટા ઉડવા લાગ્યા હતા. માલ્બે પ્રાંતના મોટાભાગના વિસ્તારોમાં રાખની જાડી પરત પથરાઈ ગઈ છે, જેના લીધે વાહન વ્યવહાર અને રેલવે સેવાને માઠી અસર

## ન્યૂઝ બ્રીફ

### બલૂચિસ્તાનમાં અત્યાચારનો વિરોધ તેજ બનતા ખળભળાટ




ક્વેટા | પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં સુરક્ષા દળો દ્વારા સ્થાનિક નાગરિકો અને રાજકીય કાર્યકરો પર કરવામાં આવતા અત્યાચારો સામે ફરી એકવાર ઉગ્ર અવાજ ઉઠાવવામાં આવ્યો છે. બલૂચ સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન-આઝાદ (BSO-આઝાદ) એ વર્ષ ૨૦૧૫ માં પાકિસ્તાની સેનાની કસ્ટડીમાં કથિત રીતે માર્યા ગયેલા ચાર બલૂચ રાજકીય કાર્યકરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સંગઠને આ ઘટનાની આકરી નિંદા કરતા જણાવ્યું છે કે આ હત્યાઓ બલૂચિસ્તાનમાં ચાલી રહેલા દમનના એક મોટા અને પૂર્વ આયોજિત ભાગ સમાન છે. આ મામલો સોશિયલ મીડિયા અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારે ચર્ચા જગાવી રહ્યો છે. આ ઘટના ૨૧ એપ્રિલ ૨૦૧૫ ના રોજ બની હતી, જ્યારે પાકિસ્તાની સુરક્ષા દળોએ આવારાન જિલ્લાના મશકાય સ્થિત ગ્વાર્જિક ગામમાં ચાલી રહેલા એક લગ્ન સમારોહ પર કથિત રીતે દરોડા પાડ્યા હતા. સંગઠનનો દાવો છે કે સૈન્ય દ્વારા આ દરમિયાન અનેક ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી અને એજાઝ બલૂચ, શાહનવાઝ બલૂચ, આફતાબ બલૂચ તેમજ બાસિત બલૂચ નામના ચાર યુવાનોને બળજબરીપૂર્વક કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા જ દિવસે તે જ વિસ્તારમાંથી તેમના ક્ષત-વિક્ષત મૃતદેહો મળી આવ્યા હતા.

### આઈટી પ્રોફેશનલની કરુણ કહાની સામે આવતા સૌ ભાવુક




ન્યૂયોર્ક | અમેરિકામાં વસતા હજારો વિદેશી કર્મચારીઓ માટે કાનૂની દસ્તાવેજોની પ્રક્રિયા ક્યારેક અત્યંત દર્દનાક સાબિત થાય છે. તાજેતરમાં આવી જ એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એક ભારતીય ટેક પ્રોફેશનલ વિઝા સ્ટેમ્પિંગના વિલંબને કારણે ગંભીર બીમારીથી પીડાતા પોતાની માતાને અંતિમ વિદાય પણ આપી શક્યા નથી. આ કડવી વાસ્તવિકતા શેર કરતા આખી દુનિયામાં આ ચર્ચાનો વિષય બન્યો છે. આ કરુણ પ્રસંગે વિદેશમાં વસતા ભારતીયોની મજબૂરી અને વહીવટી તંત્રની ખામીઓ પર અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે. અમેરિકામાં લાંબા સમયથી કાર્યરત આ ભારતીય એન્જિનિયરની માતા ભારતમાં છેલ્લા સ્ટેજ પર પહોંચેલા ફેફસાંના કેન્સર સામે જીવન-મરણની લડાઈ લડી રહી હતી. તેઓ સતત ૧૭ દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ હતા. આ મુશ્કેલ સમયમાં પુત્રએ વતન પરત ફરવા માટે જરૂરી ઈમરજન્સી એપોઈન્ટમેન્ટ મેળવવા સતત ૨૬ દિવસ સુધી દૂતાવાસના ધક્કા ખાધા અને તમામ તબીબી દસ્તાવેજો રજૂ કર્યા હતા.

## ભારત નેપાળ બોર્ડર પર ચક્કાજામ ટ્રકોની કતારો : મોંઘવારી વધવાનો ડર પ્રજા ચિંતાતુર

# નેપાળમાં કસ્ટમ ટેક્સનો નવો નિયમ ભારતનો માલ અટક્યો

(એજન્સી) કાઠમંડુ । તા. 04

પાડોશી દેશ નેપાળમાં ભારતથી આયાત થતા સામાન પર લાદવામાં આવેલા નવા કસ્ટમ ટેક્સ અને કડક નિયમોના કારણે એક મોટો આર્થિક ગતિરોધ સર્જાયો છે. નેપાળની વર્તમાન સરકારના આ આકરા આદેશ સામે સ્થાનિક વેપારીઓએ ઉગ્ર વિરોધ નોંધાવીને છેલ્લા ચાર દિવસથી સામાનની આયાત સંપૂર્ણપણે અટકાવી દીધી છે. બન્ને દેશોની સરહદો પર વેપાર અટકી પડવાના કારણે ભારત અને નેપાળની બોર્ડર પર હજારો કન્ટેનરો ફસાયા છે અને માલવાહક ટ્રકોની કિલોમીટરો લાંબી લાઈનો જોવા મળી રહી છે. જો વેપારીઓ અને સરકાર વચ્ચે ચાલી રહેલો આ વિવાદ તાત્કાલિક નહીં ઉકેલાય તો નેપાળના સ્થાનિક બજારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓની ભારે અછત સર્જાશે અને સામાન્ય જનતાને કાળઝાળ મોંઘવારીનો સામનો કરવો પડશે.

### નવો કાયદો અને વેપારીઓનો વિરોધ

આ સમગ્ર વિવાદની શરૂઆત ૨૮ એપ્રિલથી થઈ છે, જ્યારે નેપાળ સરકારે એક નવો નિયમ સત્તાવાર રીતે અમલી બનાવ્યો છે. આ નિયમ મુજબ હવે ભારતથી આયાત થતા ૧૦૦ નેપાળી રૂપિયાથી વધુ કિંમતના દરેક સામાન પર કસ્ટમ ડ્યુટી એટલે કે ટેક્સ ભરવો ફરજિયાત કરવામાં આવ્યો છે. આ કાયદાની સૌથી મોટી અને વિવાદાસ્પદ શરત એ છે કે કોઈપણ સામાન નેપાળની સરહદમાં પ્રવેશે તે પહેલા તેના પર મહત્તમ છૂટક કિંમત એટલે કે એમઆરપીનું લેબલ લાગેલું હોવું જ જોઈએ. જોકે, વાણિજ્ય અને ગ્રાહક સુરક્ષા વિભાગે સ્થાનિક વેપારીઓને આ માટે ૧૫ દિવસની મુદત આપી હતી, પરંતુ વેપારીઓ આ વ્યવસ્થાનો સખત વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે ભારતમાં બનતી દરેક નાની-મોટી ચીજવસ્તુઓ પર અગાઉથી કિંમતના લેબલ લગાવવા વ્યવહારિક રીતે અશક્ય છે.



### સરહદો પર માલનો ભરાવો અને આર્થિક નુકસાન

નવા નિયમોના કડક અમલના પગલે ભૈરહવા, વીરગંજ, વિરાટનગર અને નેપાળગંજ જેવા ભારત સાથે જોડાયેલા મુખ્ય બોર્ડર પોઈન્ટ્સ પર ભારે અંધાધૂંધીનો માહોલ છે. મીડિયા અહેવાલના જણાવ્યા અનુસાર, ભૈરહવા કસ્ટમ ઓફિસ ખાતે જ માત્ર મંગળવારથી અત્યાર સુધીમાં ૧,૦૦૦થી વધુ કન્ટેનરો ફસાયેલા પડ્યા છે. કસ્ટમ વિભાગના અધિકારીઓ અત્યારે માત્ર એવા જ સામાનને દેશમાં પ્રવેશવાની પરવાનગી આપી રહ્યા છે જેના પર એમઆરપી સ્પષ્ટપણે છાપેલી હોય. જોકે, હાલ પૂરતી રાહતની વાત એ છે કે પેટ્રોલિયમ પેદાશો, ઔદ્યોગિક કાચો માલ અને શાકભાજી જેવી જલ્દી બગડી જાય તેવી ચીજોની હેરફેરને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે, પરંતુ અન્ય તમામ વેપાર ઠપ થઈ ગયો છે.

### એક દાયકા જૂનો પ્રયાસ અને રાજકીય મક્કમતા

નેપાળ સરકાર છેલ્લા ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી આ એમઆરપી નિયમ દેશમાં લાગુ કરવાનો પ્રયત્ન કરી રહી છે. આ અંગે સૌપ્રથમ વાર ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ તત્કાલીન વાણિજ્ય મંત્રાલય દ્વારા સત્તાવાર ગેઝેટ બહાર પાડવામાં આવ્યું હતું. સરકારનો દાવો છે કે આ નિયમથી સામાન્ય ગ્રાહકો વેપારીઓની છેતરપિંડીથી બચી શકશે અને દેશમાં થતી ટેક્સની ચોરી પર લગામ લગાવી શકાશે. જોકે, ભૂતકાળમાં વેપારીઓના સંગઠનોના ભારે દબાણ સામે સરકારો ઝૂકી જતી હતી અને આ યોજના લંબાઈ જતી હતી.

## કૂકડા નિકાસ વેપાર ઠપ થતાં કરોડોનું નુકસાન થયું છે, કરોડો રૂપિયાનું મોટું નુકસાન થયું

(એજન્સી) વોશિંગ્ટન । તા. 04

આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાણીઓ પ્રત્યે વધતી જાગૃતિ અને કડક નિર્ણયોને કારણે વર્ષો જૂનો એક મોટો કારોબાર હવે ગંભીર સંકટમાં આવી ગયો છે. ફિલિપાઈન્સમાં રમાતી લડાકુ કૂકડાઓની પરંપરાગત લડાઈ માટે અમેરિકાથી થતી નિકાસ પર અચાનક બ્રેક લાગી ગઈ છે. આ ખતરનાક રમતમાં ઉપયોગમાં લેવાતા કૂકડાઓને અમેરિકાથી ફિલિપાઈન્સ સુધી એરલિફ્ટ કરતી અગ્રણી એરલાઈન્સ કંપનીએ હવે આ ટ્રાન્સપોર્ટ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. એરલાઈન્સના આ આકરા નિર્ણયના કારણે અમેરિકાના નિકાસકારોને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ફિલિપાઈન્સમાં કૂકડા લડાવવાની આ રમત 'સબોંગ' તરીકે સ્થાનિક સ્તરે અત્યંત લોકપ્રિય છે અને તે આશરે ૮૩૦૦ કરોડ રૂપિયાનો મોટો વાર્ષિક બિઝનેસ ધરાવે છે. આ રમત માટે ખાસ પ્રકારના આક્રમક કૂકડાઓની જરૂર પડે છે, જે મુખ્યત્વે અમેરિકાથી મંગાવવામાં આવે છે. આ લડાઈને વધુ લોહિયાળ બનાવવા માટે કૂકડાઓના પગમાં નાના ચાકુ પણ બાંધવામાં આવે છે. પ્રાણી અધિકાર સંગઠનો દ્વારા છેલ્લા ઘણા સમયથી આ ઘાતકી રમત સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો હતો, જેના દબાણ હેઠળ આખરે પરિવહન સેવાઓ બંધ કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

મીડિયા અહેવાલો સૂચવે છે કે અમેરિકાથી દર વર્ષે આશરે ૪૦ હજારથી વધુ લડાકુ કૂકડા ફિલિપાઈન્સ મોકલવામાં આવતા હતા. બજારમાં એક ઉચ્ચ ગુણવત્તાવાળા લડાકુ કૂકડાની કિંમત આશરે ૧.૫ લાખ રૂપિયા સુધીની હોય છે. આ હિસાબે અમેરિકા માટે આ વાર્ષિક આશરે ૯૦૦ કરોડ રૂપિયાનો મોટો નિકાસ વેપાર હતો.

## અમેરિકા ઈરાન યુદ્ધ તણાવ વધતાં દુનિયામાં ચિંતા વધી ગઈ, આર્થિક કટોકટી વધુ ઘેરી બની છે

### શાંતિ પ્રસ્તાવ ફગાવવાના સંકેત મળ્યા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 04

મધ્ય-પૂર્વ એશિયામાં ચાલી રહેલો સૈન્ય સંઘર્ષ હવે ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિમાં પહોંચી ગયો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા અમેરિકા સમક્ષ ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે ૧૪ મુદ્દાનો શાંતિ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જેને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફગાવી દેવાના સ્પષ્ટ સંકેતો આપ્યા છે. ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાને છેલ્લા ૪૭ વર્ષમાં માનવતા વિરુદ્ધ કરેલા કૃત્યોની હજુ સુધી પૂરતી કિંમત ચૂકવી નથી. આ કડક વલણને કારણે બંને દેશો વચ્ચે ફરીથી યુદ્ધ ભડકવાની આશંકા સેવાઈ રહી છે, જેના લીધે વૈશ્વિક સ્તરે ચિંતાનો માહોલ સર્જાયો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, અમેરિકા દ્વારા ઈરાનના બંદરો પર કરવામાં આવેલી આકરી નાકાબંધીના કારણે ઈરાનની આર્થિક સ્થિતિ અત્યંત દયાજનક બની ગઈ છે. ઈરાનનું ચલણ રિયાલ સતત તૂટી રહ્યું છે અને તે અમેરિકી ડોલર સામે ૧૮.૪૦ લાખના ઐતિહાસિક તળિયે પહોંચી ગયું છે. બીજી તરફ, અમેરિકાએ ઈરાનના છૂપા ક્રિપ્ટો કરન્સી નેટવર્કને પણ નિશાન બનાવ્યું છે, જેનો ઉપયોગ ઈરાન ઓઈલની નિકાસ અને સૈન્ય ડ્રોન ખરીદવા માટે કરતું હતું. અમેરિકાએ આ ડિજિટલ એસેટ્સ અને લાખો ડોલરના ક્રિપ્ટો એકાઉન્ટ્સ બ્લોક કરી દઈને ઈરાનની કમર તોડી નાખી છે.

મીડિયા અહેવાલો સૂચવે છે કે અમેરિકામાં પણ આ યુદ્ધની આડઅસર જોવા મળી રહી છે. આ વર્ષના અંતમાં યોજાનારી મધ્યવર્તી ચૂંટણીઓ વચ્ચે પ્રમુખ ટ્રમ્પ પર યુદ્ધ વહેલી તકે ખતમ કરવાનું ભારે દબાણ છે, કારણ કે અમેરિકામાં ગેસોલિનના ભાવ ૪૭ ટકા વધીને પ્રતિ ગેલન ૪.૩૯ ડોલરે પહોંચી ગયા છે. આ મોંઘવારીથી સામાન્ય જનતામાં રોષ છે. જોકે, આ દબાણ છતાં ટ્રમ્પ પ્રશાસને સંસદની મંજૂરી વિના જ ઈમરજન્સી સત્તાનો ઉપયોગ કરીને ઈઝરાયેલ અને કુવૈત જેવા સાથી દેશોને ૮.૬ અબજ ડોલરના આધુનિક હથિયારો વેચવાની મંજૂરી આપી દીધી છે, જે સૈન્ય કાર્યવાહીના સંકેત આપે છે.

આ સામસામે ચાલી રહેલા વિવાદમાં ઈરાને શરત મૂકી છે કે અમેરિકાએ તેમની સરહદેથી સૈન્ય પાછું ખેંચવું પડશે અને આર્થિક પ્રતિબંધો હટાવવા પડશે. પરંતુ ટ્રમ્પ સરકાર આ શરતો માનવા બિલકુલ તૈયાર નથી.

બંને દેશો વચ્ચેની આ ટક્કર હવે માત્ર સરહદ પૂરતી મર્યાદિત ન રહેતા આર્થિક અને ડિજિટલ મોરચે પણ લડાઈ રહી છે. જો આગામી દિવસોમાં કોઈ મધ્યસ્થી દ્વારા શાંતિ મંત્રણા સફળ નહીં થાય, તો મધ્ય-પૂર્વમાં ફરી એકવાર ભયાનક સૈન્ય સંઘર્ષ ફાટી નીકળશે તેવા પૂરેપૂરા સંકેતો મળી રહ્યા છે.

**ચોરી** | અમેરિકા અને ચીન આમને સામને તણાવ વધ્યો, ચીનની એઆઈ કંપનીઓનો વિવાદ નકલી ખાતા પકડાયા

# અમેરિકાની AI લેબમાંથી ડેટા ચોરી ચીન પર મોટો આરોપ

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 04

આધુનિક ટેકનોલોજીના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રે વર્ચસ્વ જમાવવા માટે બે મહાસત્તાઓ વચ્ચેનો ગજગ્રાહ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકાની અગ્રણી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની એન્થ્રોપિક દ્વારા કરવામાં આવેલા એક સનસનાટીભર્યા ઘટસ્ફોટ બાદ નવો વિવાદ છેડાયો છે. એન્થ્રોપિકે ટ્રમ્પ સરકાર સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે કે ચીનની દિગ્ગજ કંપનીઓ અમેરિકાની અત્યંત સુરક્ષિત એઆઈ લેબમાંથી ગુપ્ત ડેટા અને આધુનિક ટેકનોલોજીની ચોરી કરવાનો પ્રયાસ કરી રહી છે. આ ગંભીર આક્ષેપો બાદ અમેરિકાના વિદેશ વિભાગે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના રાજદૂતોને સજાગ કરી દીધા છે અને ચીનના આ ગુપ્ત અભિયાનોને ખુલ્લા પાડવા માટે વૈશ્વિક સ્તરે એક નવું રાજદ્વારી અભિયાન શરૂ કરવાનો આદેશ આપ્યો છે.

અમેરિકન કંપની એન્થ્રોપિક દ્વારા પોતાના સત્તાવાર અહેવાલમાં જણાવ્યા અનુસાર, ચીનની ત્રણ અગ્રણી




એઆઈ લેબ્સ ડીપસીક, મૂનશોટ એઆઈ અને મિનીમેક્સે તેના પ્રખ્યાત ક્લોડ ચેટબોટ મોડેલ સાથે મોટા પાયે ચેડાં કર્યા છે. આ ચીની લેબ્સે કોર્પોરેટ નીતિઓ અને સરહદી પ્રતિબંધોનું સરેઆમ ઉલ્લંઘન કરીને લગભગ ૨૪,૦૦૦ જેટલા નકલી ખાતાઓ બનાવ્યા હતા. આ નકલી એકાઉન્ટ્સ અને પ્રોક્સી સર્વરના માધ્યમથી ક્લોડ એઆઈ સાથે ૧.૬ કરોડથી વધુ વખત સંવાદ સ્થાપિત કરવામાં આવ્યો હતો. આટલા મોટા પાયે ડેટાની આપ-લે સામાન્ય વપરાશકર્તા દ્વારા થતી નથી, પરંતુ તે સ્પષ્ટપણે ઔદ્યોગિક સ્તરની ચોરી દર્શાવે છે. એન્થ્રોપિકનું કહેવું છે કે આ નકલી ખાતાઓના ઉપયોગ પાછળનો મુખ્ય હેતુ તેમના ક્લોડ એઆઈ મોડેલની અત્યંત જટિલ ક્ષમતાઓ અને ડેટાની ચોરી કરવાનો હતો.

### ડિસ્ટિલેશન ટેકનિક અને આર્થિક નુકસાન

ટેકનોલોજીની દુનિયામાં આ ગેરકાયદેસર પ્રક્રિયાને 'ડિસ્ટિલેશન' તરીકે ઓળખવામાં આવે છે. મીડિયા અહેવાલ અનુસાર, આ પદ્ધતિમાં વિરોધી કંપનીના મોટા અને અત્યંત મોંઘા એઆઈ મોડેલમાંથી નીકળતા જવાબો અને આઉટપુટનો સંગ્રહ કરીને તેના ડેટા પર નાના એઆઈ મોડેલોને તાલીમ આપવામાં આવે છે. આમ કરવાથી ચીની કંપનીઓને નવું એઆઈ ટૂલ બનાવવાનો ખર્ચ અને સંશોધનનો સમય ઘણો ઘટી જાય છે. અમેરિકન વિદેશ વિભાગે વિશ્વભરના પોતાના કોન્સ્યુલર મિશનોને મોકલેલા એક ગુપ્ત સંદેશમાં આ બાબતે ચિંતા વ્યક્ત કરી છે.

## ભારત કેનેડા વિવાદ વકર્યો સુરક્ષા અહેવાલ બાદ

(એજન્સી) ઓટ્ટાવા । તા. 04

કેનેડામાં સત્તા પરિવર્તન પછી પણ ભારત પ્રત્યેના વલણમાં કોઈ સકારાત્મક સુધારો જોવા મળ્યો નથી. કેનેડાની સુરક્ષા ઈન્ટેલિજન્સ સર્વિસ (સીએસઆઈએસ) દ્વારા તાજેતરમાં વર્ષ ૨૦૨૫નો વાર્ષિક જાહેર અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, જેમાં ભારત પર કેનેડાની ધરતી પર વિદેશી દખલગીરી અને જાસૂસી પ્રવૃત્તિઓ કરવાના અત્યંત ગંભીર અને સનસનાટીભર્યા આક્ષેપો મૂકવામાં આવ્યા છે. આ અહેવાલના કારણે વડાપ્રધાન માર્ક કાર્નીના નેતૃત્વ હેઠળની નવી કેનેડિયન સરકાર સાથે પણ ભારતના રાજદ્વારી સંબંધો વધુ વણસે તેવી ભીતિ સેવાઈ રહી છે.

કેનેડિયન ગુપ્તચર એજન્સીએ તેના આ અહેવાલમાં ચીન, રશિયા, ઈરાન અને પાકિસ્તાન જેવા દેશોની યાદીમાં ભારતનું નામ પણ સામેલ કર્યું છે. એજન્સીએ દાવો કર્યો છે કે ભારતે પોતાના વ્યૂહાત્મક હિતો સાધવા માટે કેનેડાના રાજકીય નેતાઓ, પત્રકારો અને ઈન્ડો-કેનેડિયન સમુદાયના સભ્યો સાથે ગુપ્ત સંબંધો સ્થાપિત કરવાના પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત, કેનેડાની સરકારનું જૂનું અને વિવાદાસ્પદ વલણ ફરી પ્રગટ થયું છે, જેમાં તેણે ખાલિસ્તાની કટ્ટરવાદીઓને દેશની સુરક્ષા માટે જોખમી ગણાવ્યા હોવા છતાં, તેમની શાંતિપૂર્ણ પ્રવૃત્તિઓને કાયદેસરની રાજકીય પ્રવૃત્તિ ગણાવીને છાવરવાનો પ્રયત્ન કર્યો છે. આ જ રિપોર્ટમાં કેનેડિયન સુરક્ષા એજન્સીએ વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧૨ નવા સંગઠનોને આતંકવાદી જૂથોની યાદીમાં સામેલ કર્યા છે, જેમાં બિશ્નોઈ ગેંગનો પણ સમાવેશ થાય છે. આ સિવાય, કેનેડાના યુવાનોમાં સતત વધી રહેલા કટ્ટરવાદ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

## બિહાર ફોર્મ્યુલાએ ભાજપને બંગાળમાં અપાવી બમ્પર જીત

# તૃણમૂલનો કિલ્લો ખેરવનારા 6 ટર્નિંગ પોઈન્ટ

(એજન્સી) બિહાર । તા.04

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મહાવિજય માટે જે ફોર્મ્યુલાનો સફળતાપૂર્વક પ્રયોગ કર્યો હતો, તે જ વ્યૂહરચના બંગાળમાં પણ અજમાવવામાં આવી અને તે સંપૂર્ણ રીતે સફળ રહી. ભાજપે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોથી સાબિત કરી દીધું છે કે, તે હવે માત્ર ઉત્તર ભારતની પાર્ટી નથી. સમગ્ર પૂર્વ ભારતમાં પણ હવે ભગવો લહેરાઈ રહ્યો છે. ઓડિશા અને બિહારની સાથે હવે બંગાળમાં પણ ભાજપનો વિજય જોવા મળી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, બિહાર વિધાનસભા ચૂંટણીથી જ ભાજપે બંગાળ ફતેહ કરવાનો રસ્તો તૈયાર કર્યો હતો. બિહારની ફોર્મ્યુલા બંગાળમાં પણ કામ કરતી દેખાઈ રહી છે. ઘૂસણખોરોને બહાર કાઢવા, ભય અને ભ્રષ્ટાચાર સામે સુશાસનનું મોડલ તથા મહિલા સુરક્ષા જેવા મુદ્દાઓને વર્તમાન સરકાર વિરુદ્ધ જોરશોરથી ઉઠાવવામાં આવ્યા હતા.કરીને દટાયેલા 10 લોકોની યાદી ચકાસીને તમામને બહાર કાઢી લેવામાં આવ્યા છે, જ્યારે એકનો જીવ બચી ગયો છે. જ્યારે આ અંગે એસ.પી. તરુણ દુગ્ગલે જણાવ્યું હતું કે, કડીના એક ગામમાં એક નવી કંપનીનું કનસ્ટ્રક્શન કામ ચાલી રહ્યું હતું. જે દરમિયાન એક ભેખડ ધસી પડતાં ઘણા બધા મજૂરો દટાયા હતા. તમામના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે.બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે મતદાર યાદીની સમીક્ષાના અભિયાન વિરુદ્ધ વોટની ચોરીને મુદ્દો બનાવ્યો હતો, પરંતુ ભાજપ બેકફૂટ પર ન આવ્યું. ભાજપે તેને ઘૂસણખોરોને બહાર કાઢવાનું સાધન ગણાવ્યું અને આક્રમક રીતે આ મુદ્દાનો ચૂંટણીમાં ઉપયોગ કર્યો. ઘૂસણખોરો વિરુદ્ધ ભાજપ અસમથી લઈને બંગાળ સુધી આક્રમક વલણ ધરાવતું હતું અને ધ્રુવીકરણ દ્વારા જનતાએ આ મુદ્દાને આવકાર્યો હતો. ભાજપે બિહારમાં ઘૂસણખોરો વિરુદ્ધ અભિયાન અને મુસ્લિમ તુષ્ટિકરણને મોટો મુદ્દો બનાવ્યો હતો. બિહારમાં 20 ટકાથી વધુ મુસ્લિમ મત હોવા છતાં NDA 200 બેઠકોના આંકડાને પાર કરી ગયું હતું. બિહારને અડીને આવેલા બંગાળના વિસ્તારોમાં પણ આ રાજકીય સંદેશ પહોંચ્યો હતો. મુસ્લિમ કાર્ડ સામે હિન્દુ મતોના ધ્રુવીકરણથી પરિણામો સંપૂર્ણપણે બદલાઈ ગયા, જ્યારે બંગાળમાં લગભગ 100 બેઠકો પર મુસ્લિમ મતો 20થી 40 ટકા સુધી છે. બિહાર ચૂંટણી પહેલા ભાજપ-જેડીયુ ગઠબંધને 125 યુનિટ મફત વીજળી સાથે મહિલાઓને 10 હજાર રૂપિયાની રોજગાર સહાય યોજના રજૂ કરી હતી. ભાજપનું આ મહિલા કાર્ડ સફળ રહ્યું. દારૂબંધી જેવા મુદ્દાઓ પર મહિલા મતદારો પહેલેથી જ NDA સાથે હતા અને આ યોજનાઓએ પ્રવાહ સંપૂર્ણપણે ભાજપ-જેડીયુ તરફ વાળી દીધો. આ સાથે જ સીમા પારની ઘૂસણખોરી રોકવા અને 45 દિવસમાં સરહદ પર 100% વાડ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.



### મહત્વના મુદ્દા

1. SIRનો મુદ્દો
2. હિન્દુ મતોના ધ્રુવીકરણથી મુસ્લિમ કાર્ડ નિષ્ફળ ગયું
3. મોદીની છ ગેરંટી
4. ભય, ભ્રષ્ટાચાર અને ગુંડારાજ સામે
5. મહિલા મતો પણ મમતા પાસેથી ખસ્યા
6. મહિલા મતો પણ મમતા પાસેથી ખસ્યા
7. પ્રવાસીઓમાં બેરોજગારીનો મુદ્દો
8. બંગાળમાં જૂથબંધી દૂર કરી એકજૂથ ચહેરો બતાવ્યો

**કેવી રીતે બની ઘટના? :** માહિતી અનુસાર કડીના જાસલપુરમાં આવેલી એક ખાનગી સ્ટીલ કંપનીમાં આ ઘટના બની હતી. ત્યાં કંપનીમાં બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક જ માટીની ભેખડો ધસી હતી અને મજૂરો દટાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. અહેવાલ અનુસાર કુલ 10 જેટલા મજૂરો તેમાં દટાયા હતા. જેમાંથી નવના મૃતદેહો કાઢી લેવામાં આવ્યા છે. મૃતદેહો કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી રહી છે. પરિવારજનો પહોંચતાં જ મૃતદેહ સોંપવાની કામગીરી હાથ

"૨૦૨૬ ની ચૂંટણી હંમેશા યાદ રહેશે"

### બંગાળમાં જૂથબંધી દૂર કરી એકજૂથ ચહેરો બતાવ્યો

બિહાર ચૂંટણી પહેલા ભાજપ-જેડીયુ ગઠબંધને 125 યુનિટ મફત વીજળી સાથે મહિલાઓને 10 હજાર રૂપિયાની રોજગાર સહાય યોજના રજૂ કરી હતી. ભાજપનું આ મહિલા કાર્ડ સફળ રહ્યું. દારૂબંધી જેવા મુદ્દાઓ પર મહિલા મતદારો પહેલેથી જ NDA સાથે હતા અને આ યોજનાઓએ પ્રવાહ સંપૂર્ણપણે ભાજપ-જેડીયુ તરફ વાળી દીધો. આ સાથે જ સીમા પારની ઘૂસણખોરી રોકવા અને 45 દિવસમાં સરહદ પર 100% વાડ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ભાજપે ઉત્તર પ્રદેશમાં સપા વિરુદ્ધ અને બિહારમાં આરજેડીના 15 વર્ષના શાસનમાં કથિત ગુંડારાજના મુદ્દાનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો હતો. મહિલાઓ વચ્ચે જઈને ભાજપ-જેડીયુએ લાલટેન યુગ અને લાલુ પ્રસાદ યાદવના શાસનની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જનતાને યાદ અપાવી હતી.

દારૂબંધી જેવા મુદ્દાઓ પર મહિલા મતદારો પહેલેથી જ NDA સાથે હતા અને આ યોજનાઓએ પ્રવાહ સંપૂર્ણપણે ભાજપ-જેડીયુ તરફ વાળી દીધો. આ સાથે જ સીમા પારની ઘૂસણખોરી રોકવા અને 45 દિવસમાં સરહદ પર 100% વાડ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે એ આસામના ચાપરમુખ-સાંચોવા સેક્શનમાં ટ્રેનની ગતિ સુધારવા માટે નવો પુલ બનાવ્યો

માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ 3 મે, 2026 ના રોજ નવા બનેલા મુખ્ય પુલ નંબર 7 ને સફળતાપૂર્વક કાર્યરત કરીને એક મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન સીમાચિહ્ન હાંસલ કર્યું. કાયમી ટ્રેક ડાયવર્ઝન સાથે બનેલો આ પુલ લુમડિંગ ડિવિઝનના ચાપરમુખ-સાંચોવા સેક્શનમાં સ્થિત છે. નવા પુલમાં પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ સ્લેબ અને ઓપન વેબ ગર્ડર્સનું મિશ્રણ છે, જે એન્જિનિયરિંગમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. આ પુલ સ્થળ પર હાલના પુલને બદલશે.જૂનો પુલ મૂળ મીટર ગેજ હતો, પરંતુ 1994 માં બ્રોડગેજમાં રૂપાંતર દરમિયાન તેને મજબૂત બનાવવામાં આવ્યો હતો. જો કે, તેની કામગીરી



મર્યાદાઓ હતી અને તે 40 કિમી પ્રતિ કલાકની કાયમી ગતિ પ્રતિબંધ (PSR) ને આધીન હતો. આધુનિકીકરણ અને સુધારેલી સલામતીની ટેકનિકલ જરૂરિયાતને ઓળખીને, રેલ્વે વિભાગે આ વિભાગ પર સરળ અને સલામત ટ્રેન અવરજવર સુનિશ્ચિત કરવા માટે કાયમી વૈકલ્પિક રૂટનું નિર્માણ અને પુલનું પુનર્નિર્માણ શરૂ કર્યું. લગભગ છ કલાકના ટ્રાફિક બ્લોક દરમિયાન સુઆયોજિત કટ-એન્ડ-કનેક્ટ ઓપરેશન દ્વારા નવા પુલ અને વૈકલ્પિક ટ્રેકને બંને છેડે હાલની ઓપરેશનલ લાઈન સાથે સફળતાપૂર્વક જોડવામાં આવ્યા હતા. ઓપરેશનલ પડકારો હોવા છતાં, કાર્ય અત્યંત કાર્યક્ષમતા સાથે પૂર્ણ થયું હતું, અને તે જ દિવસે આ વિભાગ ટ્રેન અવરજવર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ સિદ્ધિ એન્જિનિયરિંગ અને ઓપરેશનલ ટીમો દ્વારા ઉચ્ચ સ્તરના આયોજન, સંકલન અને અમલીકરણનો પુરાવો છે.આ અપગ્રેડેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કમિશનિંગથી અગાઉ લાદવામાં આવેલી 40 કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા દૂર થઈ છે, જેના પરિણામે આ વિભાગ પર કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો, સલામતીમાં વધારો અને સરળ ટ્રેન અવરજવર થઈ છે. આ સિદ્ધિ પ્રદેશમાં રેલ માળખાને મજબૂત બનાવવા અને મુસાફરો અને માલસામાન માટે વિશ્વસનીય સેવાઓ સુનિશ્ચિત કરવા માટે NFR ની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## રોહતાસમાં ભીષણ માર્ગ અકસ્માત, એક જ પરિવારના 5 લોકોના થયા મોત




(એજન્સી) બિહાર । તા.04

બિહારના રોહતાસ જિલ્લામાં નેશનલ હાઈવે 319 પર સોમવારે સવારે થયેલા ભયંકર માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થતા સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આ અકસ્માત ડિનારા પોલીસ સ્ટેશન વિસ્તારના મઠિયા ગામ નજીક થયો હતો.માહિતી મુજબ, તમામ મૃતકો એક જ પરિવારના સભ્યો હતા. તેઓ ચેનારી વિસ્તારના લોધી ગામમાં તિલક સમારોહમાં ભાગ લઈને પિકઅપ અને બસમાં પોતાના ગામ તરફ પરત ફરી રહ્યા હતા. સવારે લગભગ 3 વાગ્યે જ્યારે તેઓ હાઈવે પર વાહનમાંથી ઉતરી રહ્યા હતા, ત્યારે અચાનક એક ફૂલ સ્પીડમાં આવી રહેલા બેકાબૂ ટ્રકે બંને વાહનોને જોરદાર ટક્કર મારી દીધી.પાંચ લોકો ઘટના સ્થળે જ મોતને ભેટ્યા આ ભયાનક ટક્કરમાં પાંચ લોકો ઘટના સ્થળે જ મોતને ભેટ્યા. મૃતકોમાં કરગહરના ભગવાનપુર ગામના રામવ્રત સિંહ, મઠિયા ગામના અશોક સિંહ, પિંટુ સિંહ અને રજનીશ કુમારનો સમાવેશ થાય છે, જ્યારે એક વ્યક્તિની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. અકસ્માત બાદ લગ્ન સમારોહની ખુશીઓ શોકમાં ફેરવાઈ ગઈ છે અને પરિવારજનોમાં શોકનો માહોલ છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સાસારામ સદર હોસ્પિટલ મોકલ્યા હતા. પોલીસે ક્રેનની મદદથી રસ્તો સાફ કરાવ્યો અને તમામ વાહનો જપ્ત કર્યા છે. હાલમાં અકસ્માતના કારણોની વિગતવાર તપાસ ચાલી રહી છે. આ અકસ્માતે એક જ પરિવારના પાંચ સભ્યોને છીનવી લેતાં સમગ્ર વિસ્તારમાં ગમગીની ફેલાઈ ગઈ છે.

## અયોધ્યા દર્શન કરી પરત ફરતા પરિવારને નડ્યો અકસ્માત

(એજન્સી) ઉત્તર પ્રદેશ । તા.04

ઉત્તર પ્રદેશના જાલૌન જનપદના કાલપી કોતવાલી વિસ્તારમાં સોમવારે(૪ મે) સવારે એક માર્ગ અકસ્માતમાં ૬ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૪ લોકોને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જેમાં અયોધ્યા દર્શન કરી પરત ફરતા કારચાલકને જોકું આવી જતાં જોલ્હુપુર વળાંક પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.મળતી માહિતી મુજબ, લલિતપુર જનપદના મહરૌનીના રહેવાસી શશિકાંત તિવારી પરિવાર સાથે અયોધ્યા દર્શન કરવા ગયા હતા. દર્શન કર્યા બાદ પરિવાર કારથી પરત ફરી રહ્યો હતો. ત્યારે સવારે ૬ વાગ્યા આસપાસ કાલપી વિસ્તારના જોલ્હુપુર વળાંક પાસે ડ્રાઈવરને જોકું આવી જતાં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. એટલાં સામે આવી રહેલા વાહન સાથે કારની ભયંકર ટક્કર વાગી હતી.ટક્કર એટલી ભયાનક હતી કે ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય બે વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઉપરાંત, ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા. જેમાં શશિકાંત તિવારી, કૃષ્ણકાંત, દિપક તિવારી, હરિમોહન તિવારી, ભૂષણ તિવારી, અંશુલ તિવારી, સ્વામી પ્રસાદ તિવારી, મનોજ અને દેશરાજ નામના વ્યક્તિનો સમાવેશ થાય છે. તમામ વ્યક્તિ એકજ પરિવારના હોવાનું જણાય છે.

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **અનીલકુમાર દયાભાઇ પટેલ** હતું જે બદલીને નવું નામ:-
**અનીલકુમાર ડાહ્યાભાઈ પટેલ** રાખેલ છે.જેની નોંધ લેવી.
**લી. અનીલકુમાર ડાહ્યાભાઈ પટેલ**
**સરનામું :-** B-106, ઓલ્ડ રાજમોતી કો ઓપ. સોસાયટી, છરવાડા રોડ, GIDC વાપી, ડી: વલસાડ -૩૯૬૧૯૫, ગુજરાત.

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ
ક્રિશા વૈભવભાઈ શાહ
જે બદલીને
નવું નામ
ક્રિશા વૈભવ શાહ
રાખેલ છે
સરનામું:
201 અનુશ્રી 277, 6 સુભાષ સોસાયટી, Nr ઈશ્વરભુવન હોલ, નવરંગપુરા, અમદાવાદ 380 009

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ
વૈભવભાઈ અશોકભાઈ શાહ
હતું
જે બદલીને
નવું નામ
વૈભવ અશોકભાઈ શાહ
રાખેલ છે
સરનામું: 201 અનુશ્રી 277, 6 સુભાષ સોસાયટી, Nr ઈશ્વરભુવન હોલ, નવરંગપુરા, અમદાવાદ 380 009

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ
દીપાબેન વૈભવભાઈ શાહ હતું
જે બદલીને
નવું નામ
દીપા વૈભવ શાહ
રાખેલ છે
સરનામું: 201 અનુશ્રી 277, 6 સુભાષ સોસાયટી, Nr ઈશ્વરભુવન હોલ, નવરંગપુરા, અમદાવાદ 380 009

**નામ બદલેલ છે**

મેં મારુ નામ
અનિકેત હર્ષદ પટેલ થી બદલીને
નવું નામ
અનિકેત હર્ષદકુમાર પટેલ
કરેલ છે.
સરનામું :
૩૭, મલય ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Puretrop

# PURETROP FRUITS LIMITED

*(formerly known as Freshtrop Fruits Limited)*
**Corporate Identification Number (CIN):** L15400GJ1992PLC018365
**Registered Office:** A-603, Shapath -IV, OPP Karnavati Club, S G Highway, Ahmedabad, Gujarat, India, 380015.
**Phone:** +91-79-40307050/56 | **Email:** secretarial@puretrop.com; | **Website:** www.puretrop.com;
**Contact Person:** Vanshika Lunia, Company Secretary & Compliance Officer

**POST BUY-BACK PUBLIC ANNOUNCEMENT FOR THE ATTENTION OF THE EQUITY SHAREHOLDERS / BENEFICIAL OWNERS OF EQUITY SHARES OF PURETROP FRUITS LIMITED ("THE COMPANY")**

This post Buy-back Public Announcement (**"Post Buy-back Public Announcement"**) is released in compliance with the provisions of Regulation 24(vi) of the Securities and Exchange Board of India (Buy-Back of Securities) Regulations, 2018, as amended (**"Buy-back Regulations"**). This Post Buy-back Public Announcement should be read in conjunction with the Public Announcement dated February 20, 2026, published on February 23, 2026 (**"Public Announcement"**) and Letter of Offer dated April 13, 2026 (**"Letter of Offer"**). The terms used but not defined in this Post Buy-back Public Announcement shall have the same meaning as assigned to such terms in the Public Announcement and the Letter of Offer.

**1. The Buy-back**

1.1. The Company had announced the Buy-back of up to 11,00,000 (Eleven Lakh) fully paid-up equity shares of ₹ 10/- (Rupees Ten Only) each (**"Equity Shares"**), representing 13.80% of the total number of Equity Shares of the Company, from the shareholders / beneficial owners of Equity Shares of the Company as on the record date i.e. Friday, April 10, 2026 (**"Record Date"**), on a proportionate basis, through the **"Tender Offer"** process at a price of ₹ 200/- (Rupees Two Hundred Only) per Equity Share for an amount not exceeding ₹ 22,00,00,000/- (Rupees Twenty Two Crore Only) excluding costs such as fees, brokerage, buy back tax, securities transaction tax, goods and services tax, stamp duty etc. (**"Transaction Costs"**) (the **"Buy-back Size"**). The Buy-back size represents 17.42% of the total paid-up equity share capital and free reserves (including securities premium account) as per the interim audited financial statements of the Company as on September 30, 2025.

1.2. The Buy-back commenced on Friday, April 17, 2026, and closed on Thursday, April 23, 2026 (both days inclusive).

1.3. The Company adopted the tender offer process for the purpose of the Buy-back. The Buy-back was implemented using the "Mechanism for acquisition of shares through Stock Exchange" notified by the Securities and Exchange Board of India (**"SEBI"**) vide circular CIR/CFD/POLICYCELL/1/2015 dated April 13, 2015, circular CFD/DCR2/CIR/P/2016/131 dated December 9, 2016, circular SEBI/HO/CFD/DCR-III/CIR/P/2021/615 dated August 13, 2021 (the **"SEBI Circulars"**) in terms of Regulation 9(vii) of the Buyback Regulations.

**2. Details of Buy-back**

2.1. The total number of Equity shares bought back by the Company in the Buy-back were 11,00,000 (Eleven Lakhs) Equity Shares, at a price of ₹200/- (Rupees Two Hundred Only) per Equity Share.

2.2. The total amount utilized in the Buy-back is ₹ 22,00,00,000/- (Rupees Twenty Two Crores Only), excluding Transaction Costs.

2.3. The Registrar to the Buy-back i.e. Bigshare Services Private Limited (**"Registrar"**), considered a total of 1462 valid bids for 18,73,414Equity Shares in response to the Buy-back, resulting in the tender of approximately 1.70 times the maximum number of Equity Shares proposed to be bought back. The details of the valid bids considered by the Registrar are as follows:

| Category | No. of Equity Shares reserved in the Buy-back | No. of Valid Bids | Total Equity Shares Validly Tendered | % Response |
|---|---|---|---|---|
| Reserved Category for Small Shareholders | 1,82,975 | 1330 | 11,10,837 | 607.10 |
| General Category for all other Equity Shareholders | 9,17,025 | 132 | 7,62,577 | 83.16 |
| **Total** | **11,00,000** | **1462** | **18,73,414** | **170.31** |

2.4. All valid bids were considered for the purpose of Acceptance in accordance with the Buy-back Regulations and the terms set out in the Letter of Offer. The communication of acceptance/rejection has been sent electronically by the Registrar to the Eligible Equity Shareholders on Monday, May 4, 2026.

2.5. The settlement of all valid bids was completed by Indian Clearing Corporation Limited (**"Clearing Corporation"**) on Thursday, April 30, 2026. The Clearing Corporation has made direct funds payout to Eligible Shareholders whose shares have been accepted under the Buy-back. If bank account details of any Eligible Shareholders were not available or if the funds transfer instructions were rejected by the Reserve Bank of India or relevant bank(s), due to any reason, then the amount payable to the Eligible Shareholders will be transferred to the concerned Seller Members' settlement bank account for onward transfer to such Eligible Shareholders.

2.6. Equity Shares held in dematerialized form accepted under the Buy-back were transferred to the Company's demat account on Thursday, April 30, 2026. The unaccepted dematerialized Equity Shares have been returned /unblocked to respective demat account of Eligible Shareholder / lien removed by the Clearing Corporation on, Thursday, April 30, 2026.

2.7. The extinguishment of 11,00,000 (Eleven Lakhs) Equity Shares is currently under process and shall be completed on or before Tuesday, May 12, 2026.

**3. Capital Structure and Shareholding Pattern**

3.1. The Pre and Post Buy-back capital structure of the Company is as under:

| Sr. No. | Particulars | Amount (in ₹ Lakhs) |
|---|---|---|
| A | **AUTHORISED SHARE CAPITAL** | |
| | 1,50,00,000 Equity Shares of ₹10/- each | 1,500.00 |
| B | **ISSUED CAPITAL PRE BUY-BACK** | |
| | 79,69,902 Equity Shares of ₹10/- each | 796.99 |
| C | **SUBSCRIBED AND PAID-UP CAPITAL PRE BUY-BACK** | |
| | 79,69,902 Equity Shares of ₹10/- each | 796.99 |
| D | **TOTAL PAID UP SHARE CAPITAL BEFORE THE BUY-BACK** | 796.99 |
| E | **TOTAL PAID UP SHARE CAPITAL AFTER THE BUY-BACK *** | |
| | 6869902 Equity Shares of ₹10/- each | 686.99 |

** Subject to extinguishment of 11,00,000 (Eleven Lakhs) Equity Shares accepted in the Buy-back.*

3.2. Details of Eligible Shareholders from whom Equity Shares exceeding 1% of the total Equity Shares bought back have been accepted under the Buy-back are as under:

| Sr. No. | Particulars | Number of Equity Shares accepted under the Buy-back | Equity Shares accepted as a % of total Equity Shares bought back | Equity Shares accepted as a % of total post Buy-back equity capital of the Company# |
|---|---|---|---|---|
| 1. | Priyanka Tandon | 2,63,673 | 23.97 | 3.84 |
| 2. | Mayank Ramesh Tandon | 1,72,009 | 15.64 | 2.50 |
| 3. | Syam Sunder Dasari | 50,595 | 4.60 | 0.74 |
| 4. | Mira Parshotam Hirani | 48,360 | 4.40 | 0.70 |
| 5. | Rajkumar Tolani | 37,678 | 3.43 | 0.55 |
| 6. | Urvashiben Nikhilbhai Parikh | 30,906 | 2.81 | 0.45 |
| 7. | Nikhil Shantilal Parikh | 30,906 | 2.81 | 0.45 |
| 8. | L7 Hitech Private Limited | 21,148 | 1.92 | 0.31 |
| 9. | Avinash Parsram Wadhwa | 17,287 | 1.57 | 0.25 |
| 10. | Parumal Consultants LLP | 11,653 | 1.06 | 0.17 |
| 11. | Kapil Sarda | 11,040 | 1.00 | 0.16 |
| | **Total** | **6,95,255** | **63.21** | **10.12** |

*# Subject to extinguishment of 11,00,000 (Eleven Lakhs) Equity Shares accepted in the Buy-back.*

3.3. The shareholding pattern of the Company, prior to the Buy-back (as on Record Date i.e. as on Friday, April 10, 2026) and post the completion of the Buy-back, is as under:

| Category of Shareholder | Pre Buy-back | | Post Buy-back* | |
|---|---|---|---|---|
| | Number of Shares | % to existing Equity Share capital | Number of Shares | % to post Buy-back Equity Share capital |
| Promoters and Promoter Group | 48,50,927 | 60.87 | 44,15,245 | 64.27 |
| Foreign Investors (including Non-Resident Indians FIIs and Foreign Mutual Funds) | 0 | 0 | 24,54,657 | 35.73 |
| Financial Institutions / Banks & Mutual Funds promoted by Banks / Institutions | 0 | 0.00 | | |
| Others (Public, Public Bodies Corporate, etc.) | 31,18,975 | 39.13 | | |
| **Total** | **79,69,902** | **100.00** | **68,69,902** | **100.00** |

** Subject to extinguishment of 11,00,000 (Eleven Lakhs) Equity Shares accepted in the Buy-back.*

**4. Manager to the Buy-back**

VIVRO

**VIVRO FINANCIAL SERVICES PRIVATE LIMITED**
Vivro House, 11 Shashi Colony, Opp Suvidha Shopping Center, Paldi, Ahmedabad – 380007, Gujarat, India.
**Tel.:** + 91 - 79 - 4040 4242 | **Email:** investors@vivro.net | **Website:** www.vivro.net
**Contact person(s):** Shivam Patel
**SEBI Registration No:** INM000010122 | **Validity:** Permanent | **CIN:** U67120GJ1996PTC029182

**5. Directors' Responsibility**

As per Regulation 24(i)(a) of the Buy-back Regulations, the Board of Directors of the Company accepts full responsibility for the information contained in this Post Buy-back Public Announcement or any other information, advertisement, circular, brochure, publicity material which may be issued and confirms that such document contains true, factual and material information and does not contain any misleading information. This Post Buy-back Public Announcement is issued under the authority of the Board and in terms of the resolution passed by the Buyback Committee on May 4, 2026.

**For and on behalf of the Board of Directors Puretrop Fruits Limited**

| Sd/- | Sd/- | Sd/- |
|---|---|---|
| **Ashok Vishindas Motiani** | **Nanita Ashok Motiani** | **Vanshika Lunia** |
| Chairman & Managing Director | Whole Time Director | Company Secretary & Compliance Officer |
| (DIN: 00124470) | (DIN: 00787809) | (Membership Number: A73889) |

**Date:** May 4, 2026
**Place:** Ahmedabad, Gujarat.

## ઘરફોડ ચોરીનો આરોપી ૧.૭૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ શહેરના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્વેલન્સ સ્કોડે ઘરફોડ ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. આરોપી પાસેથી કુલ રૂ. ૧.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કાલુપુર ઝકરીયા મસ્જિદ નજીકથી શારીક રહમત પઠાણ (ઉંમર ૩૩)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસે થી રૂ. ૧.૬૦ લાખ રોકડ અને વિવો કંપનીનો મોબાઇલ ફોન મળી આવ્યો હતો.

સિટી એક્સપ્રેસ
TUESDAY 05 JANUARY-2026
AHMEDABAD

## લક્ઝરી બસ ડેકી ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ શહેરની નરોડા પોલીસે લક્ઝરી બસની ડેકીમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલી બે આરોપીઓને કુલ રૂ. ૧૩.૧૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી સોનાના દાગીના અને સુટકેસ સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે નરોડા પાટીયા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન કુલદીપ ઉર્ફે બોબી પરમાર (ઉંમર ૨૫) અને મીતેશ ઉર્ફે ચીકુ પાનવેકર (ઉંમર ૩૫)ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

# ધો-12 સાયન્સનું 84.33% ને સા.પ્રવાહનું 92.71% રિઝલ્ટ

## વિદ્યાર્થિનીઓએ બાજી મારી, ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર; વોટ્સએપ પર મેળવો 4 સ્ટેપ્સમાં માર્કશીટ

### સામાન્ય પ્રવાહમાં અમદાવાદ શહેરનું સૌથી ઓછું પરિણામ

| વિગત | ફેબ્રુ-માર્ચ-2025 | ફેબ્રુ-માર્ચ-2026 |
|---|---|---|
| કુલ કેન્દ્રો | 516 | 535 |
| ઉપસ્થિત નિયમિત ઉમેદવારોની સંખ્યા | 3,62,506 | 4,35,102 |
| નિયમિત ઉમેદવારોના પરિણામની ટકાવારી | 93.07% | 92.71% |
| રિપીટરનું રિઝલ્ટ | 45.36% | 63.02% |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર | 100.00% (સપ્રેડા, વાંગધ્રા, ચંદ્રાવા, છાલા, લીમ્બોદ્રા, મીઠાપુર) | 100.00% (તળાવ, કોટડા, કાંગવાઈ, પ્રાચીવાડા) |
| ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર | 52.56% (ખાવડા) | 64.88% (કારડ) |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો | 97.20% (બનાસકાંઠા) | 97.88% (આહવા ડાંગ) |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | 87.77% (વડોદરા) | 87.10% (અમદાવાદ શહેર) |
| 100% પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા | 2005 | 2030 |
| 10% કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા | 21 | 13 |
| નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ | 90.78% | 90.10% |
| નિયમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ | 95.23% | 95.41% |

અમદાવાદ | ધો-12 સાયન્સનું 84.33% અને સામાન્ય પ્રવાહનું 92.71% રિઝલ્ટ જાહેર થયું હતું. 2026ની પરીક્ષામાં ધોરણ 12 સાયન્સના 1,19,263 અને સામાન્ય પ્રવાહના 5,01,286 એમ કુલ 6.20 લાખ પરીક્ષાર્થી હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષા રાજ્યના કુલ 156 કેન્દ્રો પર યોજાઈ હતી.

ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું હતું. 1 લાખ 32 હજાર પૈકી 99 પર્સેન્ટાઈલ સાથે 1459 વિદ્યાર્થીઓ પાસ થયા હતા. A ગ્રુપમાં 695 વિદ્યાર્થી, B ગ્રુપમાં 764 વિદ્યાર્થી અને 98 પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ 1233 અને B ગ્રુપમાં 1563 વિદ્યાર્થી પાસ થયા હતા.

12 સાયન્સના 4 મુખ્ય વિષયમાં સૌથી વધુ પરિણામ મેથ્સનું 92.76 ટકા આવ્યું છે. જ્યારે 88.91 ટકા સાથે બાયોલોજી બીજા નંબરે તો 85.94 ટકા સાથે કેમિસ્ટ્રી ત્રીજા અને 85.27 ટકા પરિણામ સાથે ફિઝિક્સ ચોથા ક્રમે છે.

ધોરણ 12 કોમર્સના મુખ્ય ચાર વિષયમાં સૌથી વધુ અર્થશાસ્ત્રનું 98.24 ટકા, વાણિજ્ય વ્યવસ્થા 97.10 ટકા રિઝલ્ટ સાથે બીજા નંબર પર છે. 95.32 ટકા રિઝલ્ટ સાથે એકાઉન્ટ ત્રીજા અને 93.40 ટકા પરિણામ સાથે આંકડાશાસ્ત્ર ચોથા ક્રમે છે.

સુરતની આશાદીપ સ્કૂલે ધોરણ 12 સાયન્સના પરિણામોમાં ફરી એકવાર મેદાન માર્યું છે, જેમાં નંદિની કિશોરભાઈ છોટાળાએ સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડ્યો છે. બેંકમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા પિતાની પુત્રી નંદિનીએ અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં, ભાડાના રૂમમાં રહીને 500માંથી 479 માર્કસ (95.80 ટકા) મેળવી આશાદીપ સ્કૂલનું નામ રોશન કર્યું છે. નંદિનીની વિદ્વતાનો અંદાજ તેના વિષયવાર ગુણ પરથી લગાવી શકાય છે, જેમાં તેણે ગણિતમાં 100માંથી 100, કેમેસ્ટ્રીમાં 99 અને ફિઝિક્સમાં 97 ગુણ પ્રાપ્ત કર્યા છે, જ્યારે ગુજકેટમાં પણ 120માંથી 118.75 માર્કસ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

સુરતમાં આશાદીપ શાળાના સંચાલક મહેશભાઈ રામાણીએ જણાવ્યું હતું કે,કોમર્સની વાત કરવા જઉં તો અત્યાર સુધીનું જે હાઈએસ્ટ પરિણામ હતું 686 એનો રેકોર્ડ આજે બ્રેક આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલે કર્યો છે. અને લોટ્સ ઓફ વિદ્યાર્થી હજી કાઉન્ટિંગ ચાલુ છે. તો અત્યાર સુધીના સૌથી હાઈએસ્ટ A1 ગ્રેડ પણ આજે કોમર્સમાં મેળવ્યા છે અને અત્યાર સુધી હાઈએસ્ટ ટકાવારી પણ મેળવી છે. સાયન્સની વાત કરવા જઉં તો એમાં પણ ગુજરાતમાં ટોપ પરિણામ મેળવ્યું છે. બે વિદ્યાર્થી ગુજરાત ટોપમાં પણ સંભવિત છે. એમાં સ્પેશિયલી કહી શકાય કે એજ્યુકેશન સોસાયટીએ આપ્યા છે. તૈયારીની વાત કરવા જઉં તો આશાદીપ પહેલેથી ટીમ વર્કમાં જ માને છે અને ટીમ વર્કને કારણે જ આ પરિણામ આવે છે. વિદ્યાર્થીઓ એટલી હાર્ડ વર્ક કરે છે, શિક્ષકો પણ એટલી મહેનત કરાવે છે, શાળાનું મેનેજમેન્ટ પણ એટલું સપોર્ટમાં હોય છે અને પેરેન્ટ્સનો પણ સપોર્ટ હોય છે. આ ચારેયના સંગમને કારણે આ પરિણામ શક્ય બને છે.

રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતી વૈશ્વી ગુપ્તાએ ધોરણ 12માં 99.96 પરસેન્ટાઈલ મેળવ્યા છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેણીએ જણાવ્યું હતું કે, મારી આ સફળતાનો શ્રેય હું મારા માતા પિતા અને શાળાનાં શિક્ષકોને આપું છું. તેમની મદદથી જ મને આ સફળતા મળી છે. મેં ધોરણ 12ની શરૂઆતથી જ ખૂબ મહેનત કરી હતી અને સતત મહેનતને કારણે જ આ સિદ્ધિ હાંસિલ કરી છે. સતત અને નિયમિત મહેનતે સફળતાનું રહસ્ય હોવાનું પણ તેણીએ કહ્યું હતું.

### વડોદરા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 85.55% આવ્યું

વડોદરા જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગત વર્ષે 82.20થી વધીને 85.55% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષે 87.77થી વધીને 88.11 ટકા જાહેર કરવામાં આવ્યું છે.

ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું છે. 1 લાખ 32 હજાર પૈકી 99 પર્સેન્ટાઈલ સાથે 1459 વિદ્યાર્થીઓ પાસ થયા છે. A ગ્રુપમાં 695 વિદ્યાર્થી, B ગ્રુપમાં 764 વિદ્યાર્થી અને 98 પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ 1233 અને B ગ્રુપમાં 1563 વિદ્યાર્થી પાસ થયા છે.

આજે ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ એક સાથે જાહેર કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 1% જેટલું વધીને 93.36% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષ જેટલું જ એટલે કે 93.69% જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં A1 ગ્રેડ 1184 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 3669 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે. તેમજ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં A1 ગ્રેડ 199 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 1444 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે.

રાજકોટ જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં કુલ 7678 વિદ્યાર્થીઓએ નોંધાયા હતા. જેમાંથી 7671 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

# ગુજરાતના 6 શહેરોનું તાપમાન 40 ડિગ્રીને પાર:42.5 ડિગ્રી સાથે સુરેન્દ્રનગર અગનભઠ્ઠી બન્યું, અમદાવાદ, રાજકોટ, વડોદરામાં આકરી ગરમીથી લોકો અકળાયા

(એજન્સી) અમદાવાદ | તા. 04

ગુજરાતમાં મેં મહિનાની શરૂઆત સાથે જ ગરમીએ તેનો અસલી રંગ બતાવવાની શરૂઆત કરી છે. ગુજરાતના મોટાભાગના શહેરોમાં 40 ડિગ્રી આસપાસ અને તેને પાર ગરમીનો પારો પહોંચતા લોકો અકળાયા છે. આજે સતત બીજા દિવસે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું. સુરેન્દ્રનગરનું મહત્તમ તાપમાન 42.5 ડિગ્રી નોંધાયું. જ્યારે અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર અને વડોદરામાં પણ 40 ડિગ્રીને પાર ગરમીનો પારો પહોંચતા લોકો અકળાયા હતા. હવામાન વિભાગના મતે આગામી સાત દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. એટલે કે રાજ્યમાં 40 થી 43 ડિગ્રી આસપાસ મહત્તમ તાપમાન નોંધાઈ શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતની આસપાસ ત્રણ જેટલી સિસ્ટમ સક્રિય જોવા મળી રહી છે. જેનો કોઈ વિશેષ પ્રભાવ ગુજરાત પર થશે તેવી કોઈપણ પ્રકારની સંભાવના નથી. તેમજ વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા મળ્યો નથી. કેટલાક શહેરમાં તાપમાન સામાન્ય કરતાં વધુ જોવા મળી રહ્યું છે. જેમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે. સાત દિવસ સુધી તાપમાનમાં કોઈપણ પ્રકારનો મોટો બદલાવ જોવા મળશે નહીં. આજે અમદાવાદમાં 43 ડિગ્રી અને ગાંધીનગરમાં 42 ડિગ્રી તાપમાન રહેવાનું અનુમાન છે. દરિયાકાંઠા વિસ્તારમાં તેજ પવન ફૂંકાઈ શકે છે. અમદાવાદમાં યલો એલર્ટ પણ આપવામાં આવ્યું છે.



પવનની દિશા બદલાઈ હોવાથી રાજ્યના નાગરિકોને હજુ પણ ગરમી સહન કરવી પડશે. આજમાં દિવસમાં તાપમાનમાં કોઈપણ મોટો ફેરફાર જોવા મળશે નહીં. પશ્ચિમ દિશા તરફથી ફૂંકાતા પવન ગરમ અને સૂકા હોવાથી તાપમાનમાં કોઈ બદલાવ જોવા મળી રહ્યો નથી. જો કે મેં મહિનામાં શરૂઆતથી જ અસહ્ય ગરમીની શરૂઆત થઈ ગઈ છે. છેલ્લા બે દિવસથી દિવસ દરમિયાન જ નહીં રાત્રે પણ લોકોને ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

અમદાવાદમાં સૂર્યનાં કિરણોની તીવ્રતા 1100 વોટ પ્રતિ સ્ક્વેર મીટર પર પહોંચી છે. સરળ ભાષામાં કહીએ તો આપણી અગાશી કે રસ્તા પર દર એક મીટરના વિસ્તારમાં 100 વોટના 11 બલ્બ એકસાથે જેટલી ગરમી આપે, તેટલો તાપ અત્યારે આકાશમાંથી વરસી રહ્યો છે. હવામાન વિભાગના 'સનશાઈન રેકોર્ડર' (સૂર્યનાં તાપની તીવ્રતા માપવાનું સાધન)માં આ ચોંકાવનારી વિગત સામે આવી છે. આ સિવાય પણ બપોરે 12થી 2 વાગ્યા દરમિયાન સોલાર રેડિએશન અને અલ્ટ્રા વાયલેટ (UV) ઈન્ડેક્સ 11થી 12 વચ્ચે નોંધાયો છે, જે 'ઘાતક' શ્રેણીમાં આવે છે. ડર્મેટોલોજિસ્ટના કહેવા મુજબ, આ સ્થિતિમાં જો સતત 15થી 20 મિનિટ ઊભા રહેવાનું થાય તો ચામડીના કોષો બળવાનું જોખમ ઊભું કરે છે.

માપન પદ્ધતિ: હવામાન વિભાગ સનશાઈન રેકોર્ડર' નામના સાધનનો ઉપયોગ કરે છે. આ એક નાનો કાચનો ડોમ હોય છે, જેની અંદર અત્યંત સેન્સિટિવ બ્લેક સેન્સર હોય છે.

કાર્ય પદ્ધતિ: સૂર્યનાં કિરણો જ્યારે આ બ્લેક સેન્સર પર પડે છે ત્યારે તે ગરમ થાય છે. આ ગરમીના આધારે સાધન 'વોલ્ટેજ' પેદા કરે છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં શનિવારે ભારે પવનો સાથે વરસાદે ભીષણ ગરમીમાંથી રાહત આપી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને છત્તીસગઢ એટલે કે 8 રાજ્યોમાં તેજ પવનો સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા.

રાજસ્થાનના જયપુર, બીકાનેર, જોધપુર સહિત ઘણા શહેરોમાં તેજ આંધી ચાલી. 11 શહેરોમાં પારો 40 ડિગ્રીથી નીચે આવી ગયો. જયપુરના જયસિંહપુરા ખોરમાં તોફાનથી વીજળીનો તાર તૂટીને રસ્તા પર પડી ગયો. તેની ઝપેટમાં આવવાથી બાઈક સવાર યુવક જીવતો સળગી ગયો.

# સાયબર ક્રાઈમે 5 આરોપી ઝડપ્યા...

## 1.04 કરોડ રૂપિયાની ઠગાઇની ત્રણ ફરિયાદીમાં એક રૂપિયાની પણ રિકવરી નહિ...




અમદાવાદ | અમદાવાદના નાગરિકોને શેરબજારમાં રોકાણ અને RTO મેમોના નામે છેતરતી સાયબર ગેંગનો અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે સુરતમાં દરોડા પાડીને અલગ-અલગ ત્રણ ફરિયાદોના આધારે કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓએ ભેગા મળીને નિર્દોષ નાગરિકો પાસેથી 1.04 કરોડની રકમ પડાવી લીધી હતી.

અમદાવાદના એક રહેવાસીને વોટ્સએપ પર માસિક 200 ટકા વળતર મેળવવાની લાલચ આપી શેરબજારમાં રોકાણ કરવા જણાવાયું હતું. ફરિયાદીએ લાલચમાં આવીને સાયબર ગેંગ દ્વારા મોકલવામાં આવેલી લિંક મારફતે 17.90 લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. જ્યારે તેમણે રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આ કેસમાં ક્રાઈમ બ્રાંચે સુરતના વરાછા વિસ્તારમાંથી જીતેન્દ્ર ધીરજલાલ બુહા, શૈલેષ મનજીભાઈ રંગપરિયા અને પિયુષ વિનુભાઈ સોલંકીની ધરપકડ કરી છે.

બીજી એક ઘટનામાં, RTO E-CHALLAN ચેક કરવા માટેની નકલી APK ફાઈલ મોકલીને છેતરપિંડી આચરવામાં આવી હતી. ઠગ ગેંગે ફરિયાદી પાસે આધાર અને પાન કાર્ડની વિગતો ભરાવીને તેમનો મોબાઈલ ફોન પોતાના કંટ્રોલમાં લઈ લીધો હતો અને ખાતામાંથી 31.42 લાખ બારોબાર ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. સાયબર ક્રાઈમે આ કાંડના મુખ્ય સૂત્રધાર ઘનશ્યામ ભુપતભાઈ બારૈયા (રહે. હીરાબાગ, વરાછા) ને ઝડપી લીધો છે.

ત્રીજી ફરિયાદમાં, ફરિયાદીને 'ગોલ્ડ મેમ્બર ગ્રુપ IEF' નામના વોટ્સએપ ગ્રુપમાં ઉમેરીને શેરબજારમાં મોટા નફાની લાલચ આપવામાં આવી હતી. ફરિયાદીએ વિશ્વાસમાં આવીને જુદા જુદા બેંક ખાતાઓમાં 55 લાખ જમા કરાવ્યા હતા. તપાસ બાદ છેતરપિંડી ખુલી પડતા અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે આ ઠગાઈના મુખ્ય સૂત્રધાર જયસુખ અરજણભાઈ જીવાણી (રહે. વરાછા) ને સુરતથી દબોચી લીધો છે.

ડીસીપી ડો. લવિના સિંહા અને તેમની ટીમે આ તમામ કિસ્સાઓમાં ઊંડી તપાસ હાથ ધરીને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યા છે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે અજાણ્યા નંબર પરથી આવતી લિંક કે રોકાણની લોભામણી જાહેરાતોથી સાવધ રહેવું.

# AMCમાં ઓપરેશન ગંગાજળ: કામચોર-ભ્રષ્ટ કર્મચારી-અધિકારીઓને ઘરભેગા કરાશે....

ગાંધીનગર | સરકારી નોકરીને સ્થિર-સુરક્ષિત ગણી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ કામચોરી તેમજ પદનો દુરુપયોગ કરતા હોવાની ફરિયાદો ઉઠતી હોય છે. છેલ્લાં ઘણાં સમયથી અમદાવાદ મ્યુનિ.ના કર્મીઓ અને અધિકારીઓની કાર્યક્ષમતા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. તેવામાં હવે સરકારી વિભાગની જેમ અમદાવાદ મ્યુનિ.માં પણ ઓપરેશન ગંગાજળ શરૂ કરાશે.

જેમાં 50થી 55 વર્ષના અને કામમાં આળસ કરતા કર્મીઓ તથા અધિકારીઓને અપરિપક્વ નિવૃત્ત કરી ઘરભેગા કરી દેવાશે. સરકારી કર્મીઓ સામે ગેરરીતિની ફરિયાદો વધતા છેલ્લાં બે વર્ષથી રાજ્ય સરકાર દ્વારા ઓપરેશન ગંગાજળ શરૂ કરી કેટલાક કર્મીઓ અને અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરાઈ રહ્યા છે. તેવી જ રીતે હવે અમદાવાદ મ્યુનિ.માં પણ ભ્રષ્ટ અને બિન-કાર્યક્ષમ અધિકારીઓને ઘરભેગા કરવાનું નક્કી કરાયું છે. મ્યુનિ.માં કામ કરતા વર્ગ1થી 4ના 50-55 વર્ષની વયના કર્મીઓના કામની સમીક્ષા કરી જરૂર જણાય તો તેમને અપરિપક્વ નિવૃત્તિ આપી દેવાશે. જે-તે વિભાગ અથવા શાખાના વડા દ્વારા કર્મીઓના 10 વર્ષના ખાનગી અહેવાલ, તેમની સામે ચાલતી ખાતાકીય તપાસ તથા લેવાયેલા શિક્ષાત્મક પગલાં, પ્રામાણિકતા, શારીરિક અને માનસિક ક્ષમતા વગેરેની સમીક્ષા કરી અપરિપક્વ નિવૃત્તિ સેલને મોકલશે. બાદમાં સેલની સમીક્ષા સમિતિ દ્વારા તેની ચકાસણી કરી નિર્ણય લેવાશે. જેમની પ્રથમ નિમણૂક 35 વર્ષની ઉંમર પછી થયેલ હોય તેમની સમીક્ષા 55 વર્ષે પહોંચે ત્યારે કરાશે. જ્યારે બાકીની સમીક્ષા 50 વર્ષની વય બાદ કરી શકાશે.

# દૂધ ચોરી કરનારો ઝડપાયો:વસ્ત્રાપુરમાંથી વહેલી સવારે રિક્ષા લઈને દૂધ ચોરી કરનારો ઝડપાયો...

(એજન્સી) અમદાવાદ | તા. 04

અમદાવાદ શહેરના વસ્ત્રાપુરમાંથી દુધના કેરેટની ચોરી કરનાર ચોરને પોલીસે ઝડપી લીધો છે. આરોપી પરોઢિયે દુધ પાર્લર પાસે રીક્ષા લઈને જતો હતો અને દુધના કેરેટની ચોરી કરીને નાસી જતો હતો.આ ઉપરાંત આરોપીએ શહેરના સોલામાંથી રિક્ષા ચોરીને સરખેજમાંથી પાણીના જગ પણ ચોરી કર્યા હતા.આરોપીએ ગણતરીના દિવસોમાં કરેલી ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો છે.

ચાણક્યપુરીમાં રહેતા રમેશભાઇ પટેલ વસ્ત્રાપુરના એનએફડી સર્કલ પાસે આકાશનીમ બંગ્લોઝના ગેટની બહાર અમૂલ દૂધનો વેપાર કરે છે. ગત તા.28મીએ સવારે પાંચ વાગ્યે દૂધનો જથ્થો ડિસ્ટ્રીબ્યુટ કરતી ગાડી 18 કેરેટ દૂધ ઉતારીને જતી રહી હતી. રમેશભાઇ પોણા છ વાગ્યે તે ત્યાં ગયા ત્યારે માત્ર 15 જ કેરેટ હતા. જેથી ત્રણ કેરેટ ચોરી થયાની શંકા ઉપજી હતી. આટલું જ નહિ ત્યાંના અન્ય વેપારીના પણ ત્રણ કેરેટ બીજા દિવસે ચોરી થતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

વસ્ત્રાપુર પોલીસે આ મામલે ગુનો નોંધી સીસીટીવી તપાસ્યા હતા. જેમાં એક રિક્ષા લઈને આવતો શખસ દૂધના કેરેટની ચોરી કરતો દેખાતો હતો. જે બાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પી.આઇ. જી. એમ. ચૌધરીની ટીમે CCTVના આધારે મહોમંદઆમીન શેખ (ઉ. 39, રહે. ઝુવેરીયા પાર્ક સોસાયટી, વેજલપુર)ને ઝડપી લીધો હતો.

આરોપીની પૂછપરછમાં તેણે સોલામાંથી રિક્ષા ચોરીને સરખેજમાંથી 90 પાણીના જગ ચોરી કર્યા હતા. જે બાદ તેણે વસ્ત્રાપુરમાંથી દૂધના કેરેટની ચોરી કરીને સસ્તા ભાવે પ્રોસેસિંગ હાઉસમાં વેચી દીધુ હતું.આરોપી મહોમંદઆમીન સામે 18 જેટલા ગુના નોંધાયા છે.

# જીપની ટક્કરથી ચાલતા જતા આધેડનું સ્થળ ઉપર મોત : ફૂટેજ આધારે તપાસ

અમદાવાદ | પૂર ઝડપે વાહન હંકારવાના કારણે હિટ એન્ડ રન તથા અકસ્માતમાં મોતના બનાવો વધી રહ્યા છે. નિકોલમાં પગપાળા જઇ રહેલા આધેડનું જીપની ટક્કરથી મોત થયું હતું. આ બનાવ અંગે ટ્રાફિક પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ શરુ કરી છે.

આધેડને મોતને ઘાટ ઉતારી વાહન મૂકી ડ્રાઈવર ફરાર, પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ આધારે તપાસ નિકોલમાં રહેતા અને છૂટક મજૂરી કરતા આધેડ ગઈકાલે સાંજના સમયે તેઓ કામથી નિકોલમાં ઉત્તમનગર રોડ સ્વસ્તીકનગર સોસાયટી પાસેથી ચાલતા રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ સમયે પૂરઝડપે આવી રહેલી બોલેરોપીકઅપ વાને તેમને પાછળથી ટક્કર મારી હતી.

જેથી આધેડ રોડ ઉપર પટવાના કારણે આધેડને માથા સહિત શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માતના કારણે આસપાસના લોકો ભેગા થઈ જતા ડ્રાઈવર વાહન મૂકીને નાસી ગયો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્રએ દિકરાએ ટ્રાફિક આઇ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# YMCA પાસે રીક્ષા પલ્ટી જતા એક પેસેન્જરનું મોત, બે પેસેન્જર ઈજાગ્રસ્ત



અમદાવાદ | અમદાવાદ શહેરના વ્યસ્ત એસ.જી. હાઈવે પર YMCA ક્લબ પાસે નિર્માણધીન બ્રિજની કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના ઘટી છે. પૂરઝડપે જતી બસના કારણે સર્જાયેલા હવાના દબાણથી લોખંડનું બેરિકેડ રિક્ષા પર પડતા રિક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષા નીચે દબાઈ જવાથી એક મુસાફરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે મુસાફરોને ઈજાઓ પહોંચી છે.

ત્રાગડ વિસ્તારમાં રહેતા 46 વર્ષીય અજય મહતો મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત 3 મેના રોજ સવારે તેઓ ચાંગોદર ખાતે આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરીકામે જવા માટે રિક્ષામાં બેઠા હતા. સવારે જ્યારે તેમની રિક્ષા એસ.જી. હાઈ-વે પર YMCA ક્લબ પાસે વેસ્ટગેટ બિલ્ડિંગની સામે પહોંચી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

YMCA ક્લબ પાસે બ્રિજનું કામ ચાલતું હોવાથી નીચે ડાયવર્ઝન આપીને લોખંડના બેરિકેડ મૂકવામાં આવ્યા છે. તપાસમાં સામે આવ્યું છે કે, રિક્ષા પસાર થઈ રહી હતી ત્યારે બાજુમાંથી એક બસ પૂરઝડપે નીકળી હતી. બસની ગતિના કારણે સર્જાયેલા હવાના પ્રેશરથી લોખંડનું બેરિકેડ ફંગોળાઈને સીધું રિક્ષા પર પડ્યું હતું. પતરું રિક્ષા પર પડતા જ રિક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી અને અજયભાઈ રિક્ષા નીચે દટાઈ ગયા હતા. ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતા જ સરખેજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતક અજયભાઈના શવને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે, જ્યારે અન્ય બે ઘાયલ પેસેન્જરોને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ મામલે સરખેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.